Peer Reviewed Journal | Journal of Social Science | ISSN 2319-3522

# સમાજકારણ

સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે
વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક

વર્ષ : 18 | જાન્યુઆરી 2024 | અંક : 1

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| 1. | ગુજરાતમાં યુનિવર્સિટી કક્ષાએ થતાં સામાજિક સંશોધનોની વર્તમાન સ્થિતિનું વિહંગાવલોકન | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 03 |
| 2. | ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધ | ડૉ. કે. કે. ખખ્ખર | 05 |
| 3. | આદિવાસી જનનાયક બિરસા મુંડા | ડૉ. હરપાલ બૌદ્ધ | 14 |
| 4. | વિચરતી અને વિમુક્ત જાતિઓની ઉત્પત્તિ : કાયદા, નીતિઓ અને અન્ય પરિબળો | ડૉ. ભલુ શેખ | 23 |
| 5. | ગુજરાતમાં અનુસૂચિત જાતિમાં સ્થળાંતર : એક દશકનું અવલોકન | ડૉ. રશ્મિકા ડાભી | 40 |
| 6. | પુસ્તક સમીક્ષા : મૌખિક પરંપરાથી લખાતા ઇતિહાસનો નમૂનારૂપ ગ્રંથ 'કોઈનો લાડકવાયો : જોરીયો પરમેશ્વર' | પ્રથમ પરમાર | 51 |


ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર

# સમાજકારણ (અર્ધવાર્ષિક)

**પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ**

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, આશ્રમરોડ, અમદાવાદ - 380009

**સંપાદક : ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

**: સંપાદકીય સમિતિ :**

**વિદ્યુત જોષી** (પરામર્શક, સમાજશાસ્ત્ર) **હેમંત શાહ** (પરામર્શક, અર્થશાસ્ત્ર)

**થોમસ પરમાર** (પરામર્શક, ઇતિહાસ) **પ્રશાંત દવે** (પરામર્શક, તત્ત્વજ્ઞાન-મનોવિજ્ઞાન)

**ધર્મેશ ઝાલા** (પરામર્શક, રાજ્યશાસ્ત્ર)

**લેખ મોકલવા માટેનું સરનામું :** 3, શ્રીરામ બંગલો, મણિનગર પોલીસ સ્ટેશન સામે, જલ સરોવર ફ્લૅટની બાજુમાં, રામબાગ, મણિનગર, અમદાવાદ-380008. ફોન : 9879278128 email : bjbrahmbhatt1@yahoo.co.in



## ગુજરાત સામાજિક સેવામંડળ કારોબારી સમિતિ

| | | |
|---|---|---|
| 1. | પ્રોફે. ધીરુભાઈ દેસાઈ | પ્રમુખ |
| 2. | ડૉ. હેમંતકુમાર શાહ | મંત્રી |
| 3. | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | સહમંત્રી-તંત્રી |
| 4. | પ્રોફે. વિદ્યુતભાઈ જોષી | સભ્ય |
| 5. | પ્રોફે. થોમસભાઈ પરમાર | સભ્ય |
| 6. | પ્રોફે. ચંદ્રિકાબહેન રાવલ | સભ્ય |
| 7. | પ્રોફે. મહેશભાઈ ગામીત | સભ્ય |
| 8. | પ્રોફે. રમેશભાઈ મકવાણા | સભ્ય |
| 9. | ડૉ. આનંદભાઈ આચાર્ય | સભ્ય |


## ગુજરાત સામાજિક સેવા મંડળના આજીવન સભ્ય બનવા નમ્ર અપીલ

સ્વ. ગટુભાઈ ધ્રુવ દ્વારા શરૂ થયેલ ગુજરાત સામાજિક સેવા મંડળ સમાજસેવા દ્વારા તેમજ પુસ્તક, જર્નલ દ્વારા બૌદ્ધિક વિચાર અને જ્ઞાનપ્રસાર દ્વારા સમાજમાં ચેતના જગાવવાનું કાર્ય કરે છે. આવા મંડળના આજીવન સભ્ય બનવા-બનાવવા નમ્ર અપીલ છે.

**નોંધ : આજીવન સભ્ય બનનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે.**

**મંડળની આજીવન સભ્ય ફી : રૂ. 1000/-**

## 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરવા અપીલ...

અમારું પ્રતિષ્ઠિત અર્ધવાર્ષિક મુખપત્ર 'સમાજકારણ' ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ છે તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) અને ISSN નંબર ધરાવે છે અને હવે યુ.જી.સી. એપ્રૂવલ પણ મેળવનાર છે. સમાજકારણ મુખપત્ર બહુવિધ-વિષયક શૈક્ષણિક જર્નલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા તેમજ સમાજવિજ્ઞાનના સંશોધકો, શિક્ષણવિદો અને રિસર્ચ સ્કૉલરનાં સંશોધનો અને વિચારોને પ્રોત્સાહન આપવાનો છે.

વિદ્વાન અને અનુભવી લેખકોનાં ગુણવત્તાયુક્ત સંશોધન-પેપર અને લેખ આપના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શિક્ષણમાં ઉપયોગી બનશે. ગુજરાતી ભાષામાં સમાજવિજ્ઞાનને લગતાં જર્નલ નહીંવત્ છે ત્યારે 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરી જ્ઞાનના પ્રસારમાં સહભાગી બનવા નમ્ર અપીલ છે.

**આજીવન લવાજમ રૂ. 1500/-**

આપ સીધા અમારા બૅંક ખાતામાં જમા કરી શકો છો. જેની વિગત નીચે મુજબ છે :

બૅંક ખાતાનું નામ : ગુજરાત સામાજિક સેવા મંડળ • A/c No. : 200210100002590

• બૅંકનું નામ : Bank Of India • શાખા : Ashram Road Branch, Ahmedabad

• IFC Code BKID0002000 • બૅંકમાં નાણાં ભર્યાની વિગત અને ટપાલ સરનામું લખી ટપાલ સંસ્થા પર ઈમેલ પર મોકલાવશો જેથી અંક સમયસર પહોંચાડી શકાય.

**સંપાદકીય** — ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ

# ગુજરાતમાં યુનિવર્સિટી કક્ષાએ થતાં સામાજિક સંશોધનોની વર્તમાન સ્થિતિનું વિહંગાવલોકન

ઉચ્ચશિક્ષણના ત્રણ પરિમાણો છે : શિક્ષણ - સંશોધન - વિસ્તરણ યુનિવર્સિટી શિક્ષણમાં સંશોધન ઉપર વધુ ભાર મુકાયેલ છે. તેમાંય નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020માં સંશોધનને મહત્ત્વ આપી સ્નાતક કક્ષાએ પણ સંશોધન કરાવવાની જોગવાઈ કરી છે. NRFની સ્થાપના અને રિસર્ચ યુનિવર્સિટી ઊભી કરવાની જોગવાઈ કરી છે જે જરૂરી પણ હતું. કારણ કે કોઈ પણ સમાજ કે દેશની પ્રગતિ કે સુખાકારી જે તે દેશ કે સમાજમાં કરવામાં આવતાં કે થતાં સંશોધન ઉપર નિર્ભર હોય છે. સંશોધન દ્વારા જ સમાજમાં સલામતી, ઉત્પાદકતા અને પરિવર્તન જોવા મળતું હોય છે. સંશોધન એવું હોવું જોઈએ જે જ્ઞાનના સીમાડાને ધક્કો મારતું હોય. તેમજ સરકારી નીતિઓ ઘડવામાં તેમજ સમાજની સમસ્યા હલ કરી સુખાકારી વધારનારું હોવું જોઈએ. વિજ્ઞાનમાં નવી તકનીકીથી થતાં સંશોધનથી માનવજાતિ/સમાજને ફાયદો થતો હોય છે. સામાજિક સંશોધનો અને તેનાં પરિણામોથી, સામાજિક તકનીકીથી વિધાયક પરિણામો આવ્યાં છે અને સમસ્યા ઉકેલી માનવજીવનને વિકસાવવામાં મદદરૂપ બન્યાં છે. આ અર્થમાં સર્વગ્રાહી સામાજિક સંશોધનો થાય તે ખૂબ જરૂરી છે. પરંતુ આ મહત્ત્વની બાબત ગુજરાતમાં યુનિવર્સિટી કક્ષાએ થતાં સામાજિક સંશોધનોમાં અલ્પ દૃષ્ટિગોચર થાય છે. સૌથી મોટી ચિંતા સંશોધનોની ગુણવત્તાની છે. ભારત અને ખાસ કરીને ગુજરાતમાં સામાજિક સંશોધનોની સંખ્યા વધી છે, માર્ગદર્શકો પણ વધ્યા છે. સરકાર અને ખાનગી સંસ્થા દ્વારા અનુદાન અને આર્થિક સહયોગ પણ વધ્યો છે. ગુજરાત સરકાર સંશોધનને પ્રોત્સાહન આપવા વિદ્યાર્થીઓ માટે શોધ સહાય યોજના ચાલુ કરી છે. જોકે સંશોધનકર્તાને જોઈએ તેટલું ફંડ મળતું નથી એટલે ગુણવત્તાયુક્ત સંશોધનમાં ફંડિંગનો અભાવ પણ જવાબદાર છે. યુનિવર્સિટીમાં થતા સંશોધનના તારણો ખૂબ ઓછાં ઉપયોગી બને છે અથવા સરકારી કાર્યક્રમ કે નીતિઘડતરમાં નહિવત્ કામમાં આવે છે. એટલું જ નહિ મોટાભાગના આધુનિક ટૂલ્સ-ટૅક્નિકના ઉપયોગ વિના સંશોધન થતાં હોય છે.

સંશોધનની ગુણવત્તામાં સંશોધનમાળખું અસર કરે છે. સંશોધન આધારિત સંરચના સંશોધનની ક્ષમતા અથવા દેશની બૌદ્ધિક ક્ષમતાને વ્યક્ત કરે છે. ઉપરાંત સંશોધકોનું સંખ્યાબળ તેમજ સંશોધન માટે અપાતો આર્થિક સહયોગ પણ સંશોધનની ગુણવત્તા અને સંશોધનનાં પરિણામોને અસર કરે છે. ઉપરાંત વિશ્વવિદ્યાલયો અને સંશોધન સંસ્થાઓમાં સંશોધનને પ્રોત્સાહિત કરવામાં પર્યાપ્ત સંખ્યામાં પુસ્તકો અને સામયિકોની ગુણવત્તાને પ્રોત્સાહન આપે છે. સામાજિક સંશોધનોની ગુણવત્તાની ચકાસણી લેખોની ગુણવત્તા વિદ્વાનોના ગહનજ્ઞાન યુક્ત સામયિકો, વાચકવર્ગની અધ્યયનશીલતા અને સંદર્ભમાં થતા ઉલ્લેખ તેમજ વ્યાવહારિક ઉપયોગિતાથી થાય છે. આ સંદર્ભમાં ગુજરાતમાં થતાં સામાજિક સંશોધનોની ગુણવત્તા નબળી છે. જ્યારે સંશોધન માર્ગદર્શક અને સંશોધક પોતાનો કીમતી સમય આપતા હોય તેમજ સરકારની તિજોરીના કે સમાજનાં નાણાંનો ઉપયોગ થતો હોય છતાં તેનો ફાયદો સમાજ કે રાષ્ટ્રને મળતો ના હોય તેવા સંશોધન પાછળ થતો ખર્ચ, સમયનો દુર્વ્યય આપણા દેશ કે સમાજને પોષાઈ શકે નહિ. સંશોધન માત્ર ડિગ્રી અને વ્યાવસાયિક લાભ માટે જ થતા હોય તેવું થવું જોઈએ નહિ. વર્તમાન સમયના યુનિવર્સિટીના નિબંધો જોતાં ચિંતા-દુઃખ અનુભવાય છે. વિષય, પદ્ધતિશાસ્ત્ર, સિદ્ધાંત સંલગ્નતા અને ઉપયોગિતાના સંદર્ભમાં સંશોધન મહા-નિબંધો કંગાળ પુરવાર થાય છે.

બીજું મહત્ત્વનું અવલોકન એ છે કે સૈદ્ધાંતિક સંશોધનમાં અથવા ભારતીય સામાજિક પ્રક્રિયાઓમાં સિદ્ધાંતો બનાવવાની કલ્પનાનાં ક્ષેત્રોમાં સંશોધનનો અભાવ હોવાથી નવીન સિદ્ધાંતીકરણ તેમજ નવીનીકરણ તથા પદ્ધતિશાસ્ત્રને લગતી બાબતોનો અભાવ સામાજિક સંશોધનમાં જોવા મળે છે. સંશોધન વિષયોમાં પણ એ

જ ચીલાચાલુ વિષયો ઉપર કામ થાય છે. બદલાતા સમય સાથે કે આવનાર સમયને ધ્યાનમાં રાખી વિષયો પર જે કામ થવું જોઈએ તે થતું નથી. જે સંશોધનો થાય છે તેની સૈદ્ધાંતિક અભિગમ કે પેરેડાઇમ અંગેની સ્પષ્ટતાનો અભાવ જોવા મળે છે. સાથે જ પદ્ધતિ શાસ્ત્રીય એટલે કે ક્યાં તાર્કિક માળખાનો ઉપયોગ કર્યો છે, તે ક્યાંક જોવા મળે છે. ઉપરાંત અનેક પ્રકારની મર્યાદાઓ/ક્ષતિઓ યુનિવર્સિટી કક્ષાએ થતા સામાજિક સંશોધનમાં દૃષ્ટિગોચર થાય છે, જે ગંભીર ચિંતા જન્માવે છે જેને ચલાવી લઈ શકાય નહિ તેવી છે.

સાથે જ સામાજિક સંશોધનોમાં પદ્ધતિશાસ્ત્રમાં નવીનીકરણને લગતાં સંશોધન અને બહુવિધ તેમજ વિભિન્ન વિદ્યાશાખાને લગતા વિષયો જે ઉપેક્ષિત રહ્યા છે. તે દિશામાં સંશોધન કરવાની ખૂબ આવશ્યકતા છે. ભારત કે ગુજરાતની પરિસ્થિતિમાં યોગ્ય હોય તેવા જરૂરી સિદ્ધાંતો અને પદ્ધતિમાં સંશોધનો કરવાં જરૂરી છે. સામાજિક પ્રશ્નોનું સર્વગ્રાહી અને નવીન રીતે ઉકેલ લાવવા માટે આંતર અને બહુવિધ શાખાકીય સહયોગ વધે તે ખૂબ જરૂરી છે. સંશોધનોમાં સમુદાયનું સહભાગીપણું વધારવું તેમજ તેની જરૂરિયાતો અને ચોક્કસ સંદર્ભમાં સંશોધન પ્રક્રિયા થવી જોઈએ. તેમ જ યુનિવર્સિટી કક્ષાએ થતાં સંશોધનોમાં જોવા મળતી આવી નબળાઈઓને દૂર કરી સામાજિક સંશોધનોની ગુણવત્તા સુધારવા, સંશોધનોને ઉચ્ચ કક્ષાએ લઈ જવા માટે અસરકારક પ્રયાસો નિષ્ઠાથી કરવા પડશે.

**સામાજિક સંશોધનમાં ગુણવત્તા વધારવા અને સંશોધનને પ્રોત્સાહન માટે નીચે મુજબનાં પગલાં લેવાં જોઈએ.**

(1) શિક્ષણ અને તાલીમમાં સંશોધનને ખાસ મહત્ત્વ આપી સંશોધન સંસ્કૃતિ સ્થાપવી અને તેના પ્રસાર માટે લોકોમાં સંશોધન અભિમુખતા વધારવી, સાયન્ટિફિક ટેમ્પરામેન્ટ વધે તેવા પ્રયાસો કરી સંશોધન સંસ્કૃતિનો પ્રસાર કરવો.

(2) યુનિવર્સિટી કક્ષાએ સંશોધન માર્ગદર્શનની નિમણૂક કે પસંદગીના માપદંડ ઊંચા લઈ જવા, સંશોધનમાં નિપુણ વ્યક્તિ જ સંશોધન કરાવી શકે તેવો આગ્રહ રાખી શકાય.

(3) સંશોધન સુપરવાઇઝર કે સંશોધન માર્ગદર્શકો માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ ટ્રેનિંગ કે વર્કશૉપનું આયોજન કરી રિસર્ચ પ્રૅક્ટિસ અને પરિણામ પર ભાર મૂકી સંશોધન આચારસંહિતાનું ચુસ્તપણે પાલન કરે તે શીખવવું જોઈએ.

(4) સંશોધકોને સંશોધન એથિક્સનું ચુસ્તપણે પાલન કરાવી તેને પ્રોત્સાહન આપી વૈજ્ઞાનિક પ્રક્રિયા અંગે સ્પષ્ટ માર્ગદર્શન કરી પ્રમાણિકતા લાગુ કરવામાં આવે તેમજ અન્યમાંથી ઉઠાંતરી અટકાવવામાં આવે.

(5) પિયર મેન્ટોરિંગ એટલે કે સિનિયર જુનિયરને ગાઇડ કરે તેવા નિયમ બનાવવા જોઈએ. અન્ય સંસ્થા સંશોધકોને સહયોગ કરે તેવો આગ્રહ રાખવો.

(6) જે સંશોધકો કામ કરે છે તેમના માટે સંશોધન કૌશલ્ય વૃદ્ધિ માટે, સંશોધકની સંશોધનક્ષમતા વધે તે માટે વખતોવખત અસરકારક તાલીમનું આયોજન કરવું જોઈએ.

(7) યુનિ. ચોક્કસ સંશોધનક્ષેત્રો પર ધ્યાન આપવા કેન્દ્રો ઊભાં કરે અને તેના પર કાર્ય અમલ કરે. પિયર રિવ્યુ પ્રક્રિયા સ્થાપિત કરી સંશોધનનાં ઉચ્ચ ધોરણ સ્થાપવા અને શાખ વધારવા પ્રયાસરત રહેવું.

(8) સંશોધકે કરેલા સંશોધનના તારણોની રજૂઆત માટે સેમિનાર, કૉન્ફરન્સનું આયોજન કરવા તેમજ તેમાં બિનજરૂરી રિચ્યુલ બંધ કરી પેપર રજૂઆતને જ વધુ મહત્ત્વ આપવું જોઈએ જે આજકાલ જોવા મળતું નથી.

(9) યુનિવર્સિટી કક્ષાએ થતાં સામાજિક સંશોધનોમાં ગુણવત્તાનાં ધોરણોની ખાતરી, સંશોધન પ્રક્રિયા અને પદ્ધતિશાસ્ત્ર એવું હોવું જોઈએ જે બેંચમાર્ક સ્થાપિત કરે.

(10) સંશોધનકર્તા અને અન્ય સંસ્થા વચ્ચે સહયોગ પણ વધારવો જોઈએ. સંશોધન માળખાની સુધારણા કરવી, ગ્રંથાલય અને ડિજિટલ સંસાધનની ઉપલબ્ધિ કરાવવી જોઈએ.

(11) સામાજિક સંશોધનોની શૈક્ષણિક અને વ્યાવહારિક ઉપયોગિતા વધે. તેમજ સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર માનવજાતિનું કલ્યાણ થાય તે માટે વધુ ને વધુ ગુણવત્તાયુક્ત સંશોધનો થાય તે માટે સૌએ સહિયારું ચિંતન કરીને નિષ્ઠાપૂર્વકના પ્રયાસ કરવામાં આવશે તો ચોક્કસ પરિસ્થિતિ બદલાશે એવી શ્રદ્ધા છે.

છેલ્લે વર્ષ-2024નું નૂતન વર્ષ આપ સૌને માટે મંગલકારી-કલ્યાણકારી નીવડે તેવી શુભકામના.

# ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધ*

– ડૉ. કે. કે. ખખ્ખર**

**પ્રારંભિક**

એ ખરું છે કે ગાંધી અર્થશાસ્ત્રી ન હતા અને તેમણે અર્થશાસ્ત્ર વિષયનાં પાયાનાં પુસ્તકો વાંચ્યા ન હતા. 1916માં અલાહાબાદની એક કૉલેજની ઈકૉનૉમિક સોસાયટીની સભા સમક્ષ વ્યાખ્યાન આપતી વખતે તેમણે આવી કબૂલાત કરી હતી.[1] તેમના કેટલાક આર્થિક વિચારો આ વ્યાખ્યાનમાં વ્યક્ત થયા હતા. આ પૂર્વે 1909માં ગાંધીએ હિન્દ સ્વરાજ લખ્યું.[2] તેમના ઘણાખરા આર્થિક વિચારોને સાંકળતું આ પુસ્તક ખૂબ ચર્ચામાં રહ્યું. તે આજે પણ બૌદ્ધિકોને આકર્ષી રહ્યું છે. ઉપરાંત ગાંધીએ સંખ્યાબંધ લેખો, પત્રો, વક્તવ્યો તથા મુલાકાતો દ્વારા તેમના આર્થિક વિચારો સ્પષ્ટ કર્યા છે. વખત જતા ગાંધીના આ વિચારોનું વિશ્લેષણ કરતાં પુસ્તકો પણ લખાયાં. ટૂંકમાં, ગાંધીના આર્થિક વિચારોને પુનઃ એકત્રિત કરીને તેની રજૂઆત અને સમીક્ષા માટે જરૂરી સામગ્રીની ખોટ નથી.

એ જાણીતું છે કે ગાંધી તેમના આર્થિક વિચારોને વાદનું સ્વરૂપ આપવાની વિરુદ્ધ હતા. તેમણે કરેલું : 'ગાંધીવાદ જેવી કોઈ વસ્તુ છે જ નહીં, અને મારે મારી પાછળ કોઈ સંપ્રદાય મૂકી જવો નથી. મેં કોઈ નવું તત્ત્વ કે નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે એવો મારો દાવો નથી. મેં તો માત્ર જે શાશ્વત સત્યો છે તેને આપણા નિત્યજીવનને લાગુ કરવાનો મારી ઢબે પ્રયાસ કર્યો છે.'[3]

ગાંધીએ તેમના આર્થિક વિચારો અંગે નમ્ર ભાવે જે કહ્યું તે છતાં તે સંબંધી શાસ્ત્રીય ચર્ચા માટે પૂરો અવકાશ છે. અલબત્ત, આવા કોઈ પ્રયાસ દ્વારા આપણો હેતુ ગાંધીને ફરજિયાત અર્થશાસ્ત્રી ઠરાવવાનો નથી. પરંતુ ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધ રસપ્રદ અને ઉપયોગી નીવડવા સંભવ છે. આ સંબંધી કોઈ પણ બૌદ્ધિક વ્યાયામ ગાંધીના વિચારોને વધુ સ્પષ્ટ સ્વરૂપે સમજવામાં સહાયભૂત થશે.

**ગાંધીનું જીવનદર્શન અને તેમના આર્થિક વિચારો :**

બૃહદ સ્વરૂપમાં ગાંધી વિચાર અને કાર્ય તેમના જીવનદર્શનનો અભિન્ન હિસ્સો છે. આગળ જણાવ્યા મુજબ, તેમણે ચોક્કસ શાશ્વત મૂલ્યોને તેમનાં જીવનમાં લાગુ કરવાનો પ્રયાસ કર્યો હતો. સૌની જાણકારી મુજબ આ મૂલ્યો એટલે સત્ય અને અહિંસા. ગાંધી-પ્રબોધિત 'એકાદશવ્રત'[4] તરીકે જાણીતાં થયેલાં મૂલ્યોમાં સત્ય અને અહિંસા પ્રમુખ હતાં. આ મૂલ્યો તેમના જીવન-દર્શનનો સાર છે.

ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધ કરનારાઓ સામે તાતો પ્રશ્ન એ છે કે શું ગાંધીના જીવનદર્શનને તેમના આર્થિક વિચારોના તાર્કિક પાયા તરીકે પ્રયોજી શકાય ? આ પ્રશ્નનો ઉત્તર સરળ નથી. પરંતુ તે માટેનો પ્રયાસ મુલતવી રાખી શકાય નહિ.

**ગાંધીની સત્યલક્ષિતા એટલે તેમની ખરી આત્મલક્ષિતા :**

ગાંધીવિચારનું સૌથી પ્રાણવાન તત્ત્વ એટલે સત્ય. તેમણે સત્ય અને અહિંસાને અભિન્ન અને એક જ સિક્કાની બે બાજુઓ સમાન ગણ્યા છે.[5] તેમને માટે સત્યની ખોજ એ આત્મખોજનો વિષય હતો. તેમણે ઉઠાવેલા આર્થિક પ્રશ્નોનાં મૂળ પણ તેમની સત્યલક્ષિતા કે આત્મલક્ષિતાના પ્રદેશમાં હતાં. ભારતના આર્થિક ઇતિહાસ સંબંધી આર. સી. દત્તે લખેલા પુસ્તકમાં ભારતના ગ્રામીણ કારીગરોની દુર્દશાનું વર્ણન વાંચીને તેઓ રડી પડેલા.[6] બુદ્ધ થતાં પહેલાં રાજકુમાર સિદ્ધાર્થે બીમાર, વૃદ્ધ અને મૃતકને જોઈને વ્યથિત હૃદયે પ્રશ્ન કરેલો કે શું જીવન આટલું બધું કરૂણ હોઈ શકે ? બંગાળના ભયાનક દુષ્કાળ દરમ્યાન ભૂખમરાથી ટપોટપ મરતા લોકોને જોઈને બાળક અમર્ત્ય સેનના હૃદયમાં પણ આવો જ સવાલ ઉઠેલો. ગાંધીની વિશેષતા એ છે કે તેઓ કર્મશીલ પણ હતા. ગરીબ સ્ત્રીના અંગને ઢાંકવા

* ગાંધીના આર્થિક વિચારો અંગેના એક દિવસીય સેમિનાર માટે રજૂ કરેલી નોંધ. ગ્રામ-અર્થશાસ્ત્ર વિભાગ, મહાદેવ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. તા. ૨૭ માર્ચ, ૨૦૦૮

** નિવૃત્ત પ્રાધ્યાપક અને અધ્યક્ષ, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

પોતાનું વસ્ત્ર આપી દઈને ગાંધી બેસી રહ્યા નહિ. ખાદીને તેમણે જીવનમંત્ર બનાવ્યો. તેઓ કર્મઠ હતા. હૃદયના ઊંડાણમાંથી ઊઠેલા પ્રશ્નનો ઉત્તર તેમણે બુદ્ધિના પ્રદેશમાંથી શોધ્યો અને કાર્ય સ્વરૂપે આપ્યો. ગાંધીએ આત્મલક્ષી સત્યને પ્રયોગોની મદદથી પરલક્ષી બનાવ્યું. ગાંધી માટે આત્મલક્ષિતા અને પરલક્ષિતાની સામગ્રી એક જ હતી.

**ગાંધી અર્થ વિચાર : આદર્શલક્ષી તેમજ વાસ્તવલક્ષી :**

જો ગાંધીવિચારમાં આત્મલક્ષિતા તથા પરલક્ષિતાની સામગ્રી એક જ હોય તો તે આદર્શલક્ષી હોવા છતાં વાસ્તવલક્ષી બની રહે છે. આ સંદર્ભમાં રમેશભાઈ શાહ લખે છે : 'વૈજ્ઞાનિકતાની કોઈ પણ વ્યાખ્યા પ્રમાણે જીવન તથા જીવનના પ્રશ્નો પરત્વેનો ગાંધીનો અભિગમ વૈજ્ઞાનિક હતો.'[7] તેમણે આ વિધાનની પુષ્ટિ માટે કેટલાંક દૃષ્ટાંતો તેમના લેખમાં ટાંક્યાં છે. ગાંધીએ જેને સત્ય કહ્યું તેને તેમણે પ્રયોગોના અંતે સ્વીકૃત ગણ્યું. આથી જ ગાંધીવિચાર આજે પણ કલ્યાણલક્ષી આર્થિક નીતિના ઘડતર માટે માર્ગદર્શક બની રહ્યો છે.

**નૈતિકતાનો મુદ્દો :**

ગાંધીએ આર્થિક વર્તણૂકની નૈતિક બાજુ પર અસાધારણ ભાર મૂક્યો હતો. આ બાબતમાં તેઓ મુખ્ય ધારાના અર્થશાસ્ત્રથી સ્પષ્ટપણે અલગ પડે છે. તેમણે લખ્યું છે : 'મારે કબૂલ કરવું જોઈએ કે હું અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર વચ્ચે સ્પષ્ટ અથવા કોઈ પણ પ્રકારની ભેદરેખા દોરતો નથી.'[8] ગાંધીના મતે નૈતિક બાબતોથી અલગ પડી જઈને અર્થશાસ્ત્રે તેનું વજૂદ મહદ્અંશે ગુમાવી દીધું હતું. આથી સામાન્યપણે સ્વીકૃત ગણાતા આર્થિક સિદ્ધાંતો નીતિઘડતર માટે અપ્રસ્તુત બની ગયા હતા. તેમણે એમ પણ ઉમેરેલું કે ખરેખર આ સિદ્ધાંતોનો વ્યવહારમાં અમલ કરવામાં આવે તો લોકો દુ:ખી થશે.[9]

ગાંધીએ નૈતિકતાના પરિમાણને વ્યવહારૂ અભિગમથી સ્વીકાર્યો હતો. તેઓ સામાન્ય આર્થિક અને ધંધાકીય વ્યવહારો માટે પણ નૈતિકતાને પ્રસ્તુત ગણતા. ખાસ તો જ્યારે લોકો પાસે સાધનો મર્યાદિત હોય ત્યારે વિકલ્પોની પસંદગી સમયે નૈતિકતા વધુ પ્રસ્તુત બની રહે છે તેમ ગાંધી માનતા હતા.[10]

નૈતિક ધોરણોના અનુસરણની બાબતમાં તેમણે વ્યક્તિને મહત્ત્વની ગણીને જણાવેલું કે જો વ્યક્તિ નૈતિક સિદ્ધાંતોનું અનુસરણ ન કરી શકે તો રાષ્ટ્ર શી રીતે નૈતિક બની શકે ? તેમણે માનવ-વર્તણૂકની તપાસ માટે વ્યક્તિનો એકમ તરીકે સ્વીકાર કર્યો હતો. પરંતુ તેમણે વ્યક્તિને સમાજથી અલગ ગણી ન હતી.[11]

**ગાંધીવિચારમાં નૈતિકતા પાછળનો તર્ક :**

ગાંધીના આર્થિક વિચારોમાં પાયામાં નૈતિકતાનું તત્ત્વ કેન્દ્રસ્થ હોવા છતાં તે તાર્કિકતાથી પર નથી. ગાંધીએ પ્રયોજેલા નૈતિકતાના ખ્યાલને પરિણામલક્ષી તર્કનો ટેકો મળી રહે છે. ગાંધી પ્રબોધિત સત્ય અને તેની સાથે અભિન્ન રીતે જોડાયેલી અહિંસા પરિણામલક્ષી તર્કની મદદથી ખુદ ધર્મ-પ્રબોધિત સત્યની સામે પણ જબરો પ્રતિવાદ કરે છે.[12] વ્યક્તિ અને સમાજનું ધ્યેય સુખ-શાંતિ મેળવવાનું હોય, અને તે અહિંસાથી મળી શકે તેમ હોય તો તે મેળવવાનાં સાધનો પણ અહિંસક હોવાં ઘટે તે ગાંધીનો સાધન-શુદ્ધિનો ખ્યાલ છે. આ ખ્યાલને હેતુઓ અને સાધનો વચ્ચેના 'તાલમેળના તર્ક' (correspondence retionality)નો આધાર પ્રાપ્ત છે. આ સંદર્ભમાં ગાંધીએ લખ્યું છે કે આપણે જે કંઈ મેળવવા ઇચ્છતા હોઈએ તે પહેલાં સ્પષ્ટપણે નક્કી કરી લેવું જોઈએ કે આપણે ખરેખર શું ઇચ્છીએ છીએ.[13]

એક તરફ ગાંધી સંભવિત પરિણામના પરિપ્રેક્ષ્યમાં સાધન-પસંદગી સંબંધી આગોતરો વિચાર કરે છે તો બીજી તરફ પરિણામ મળી ગયા બાદ તેમાં મૂલ્યાંકનના આધારે, લેવામાં આવેલા નિર્ણય અંગે ફેરવિચારણા જરૂરી હોય તો તેઓ તે માટે તુર્ત જ તૈયાર થઈ જાય છે. ગાંધીનો આ વિરોધાભાસ નથી પરંતુ તે તેમની 'ફેરવિચારની તાર્કિકતા' (reflection rationality)[14] છે. ગાંધી આ તાર્કિકતાની મદદથી બદલાતા જતા સંજોગોમાં હેતુઓ અને સાધનો વચ્ચેની સુસંગતતા- (consistency)ની જાળવણી કરવા

પ્રયાસ કરે છે. પરંતુ, આમ કરવા જતાં ગાંધી ખૂબ ગતિશીલતા દાખવે છે અને મુખ્ય વિચારધારાના અર્થશાસ્ત્રમાં વર્તનની સુસંગતતાની પૂર્વશરત તરીકે પરિકલ્પિત 'અસંક્રમકતા'- (intransitivity)ના ખ્યાલનો પ્રતિવાદ કરે છે. મુખ્ય અર્થશાસ્ત્ર વર્તનની સુસંગતતા માટે વ્યક્ત પસંદગીઓમાં ફેરબદલાવને નકારે છે. ગાંધી માને છે કે સ્વીકારવામાં આવેલા મૂળ ધ્યેયો કે હેતુઓની પરિપૂર્તિ માટે જરૂર પડ્યે પસંદગીઓના ક્રમમાં બદલાવ લાવવો જરૂરી છે. અન્યથા, મૂળ ધ્યેય કે હેતુને નુકસાન થઈ શકે છે. ગાંધીએ યંત્રો અને ટૅક્નૉલૉજી સંબંધી અગાઉ સૂચવેલી પસંદગીઓને વખત જતાં બદલી હતી. ગાંધીના આ ફેરફારને 'ફેરવિચારની તાર્કિકતા'ની મદદથી સમજાવી શકાય છે. આથી જ ગાંધીએ બહુ જ સ્પષ્ટ રીતે કહેલું : 'મેં જે અભિપ્રાયો બાંધ્યા છે અને હું જે નિર્ણયો પર આવ્યો છું તે છેવટના નથી. હું તો કાલે એ બદલું.'[15]

**ધ્યેય અથવા હેતુલક્ષિતા અને ગાંધીવિચાર :**

ગાંધીવિચાર અંતર્ગત નૈતિકતાનો મુદ્દો માનવ-વર્તણૂકની સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલો છે. આથી જ તેમણે અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રને અભિન્ન ગણ્યા હતા. પરંતુ, હેતુલક્ષિતાના મુદ્દા પર ગાંધીવિચાર મુખ્ય ધારાના અર્થશાસ્ત્રથી તદ્દન અલગ પડે છે અને તેની સામે સીધો પ્રતિવાદ કરે છે. ગાંધીના મતે જો અર્થશાસ્ત્રને નીતિશાસ્ત્રથી અલગ પાડી શકાય તેમ જ હોય તો અર્થશાસ્ત્ર હેતુનિરપેક્ષ હોઈ શકે નહિ. સ્વાભાવિક રીતે જ ગાંધી અર્થશાસ્ત્રમાં બહુચર્ચિત રોબિન્સની વ્યાખ્યા સામે ઊભા રહી જાય છે. આમ, ગાંધીના આર્થિક વિચારોને જો શાસ્ત્રના સ્વરૂપમાં સુગ્રથિત કરવા હશે તો તેની શરૂઆત વ્યાખ્યાથી જ કરવી પડશે. પરંતુ, આગળ કરેલી સ્પષ્ટતા મુજબ આપણો ઇરાદો ગાંધીને અર્થશાસ્ત્રી ઠરાવવાનો નથી કેમ કે તે એક રીતે તેમને વ્યાખ્યાબદ્ધ કરવાનો પ્રશ્ન છે તેવી મહત્ત્વની સમજણ પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી જે. જે. અંજારિઆએ આપેલી.[16] ગાંધીવિચાર ખુદ એટલો ગતિશીલ અને ખુલ્લો છે કે તેને વ્યાખ્યાબદ્ધ કરવા જતાં તે સીમાબદ્ધ કે સાંપ્રદાયિક બની જશે. ગાંધીએ આમ ઇચ્છેલું નહિ તે સુવિદિત છે.

**ગાંધી અર્થવિચાર અને નિર્ણયીકરણની સમસ્યા :**

ગાંધીના આર્થિક વિચારોને વ્યાખ્યાબદ્ધ ન કરીએ તોપણ ગાંધીના દૃષ્ટિબિંદુથી આર્થિક નિર્ણયીકરણના પ્રશ્નને સમજવો રહ્યો. મુખ્યાધારાનું અર્થશાસ્ત્ર તેને પસંદગીની સમસ્યા તરીકે ઓળખે છે. ગાંધી પાસે આ સમસ્યાનો ઉકેલ હોય તો તેની ચર્ચા અહીં પ્રસ્તુત છે. મુખ્યધારાના અર્થશાસ્ત્ર અનુસાર પસંદગીની સમસ્યાના મૂળમાં અમર્યાદિત જરૂરિયાતો અને તેને પૂરી કરવા માટેનાં સાધનો મર્યાદિત અને વૈકલ્પિક ઉપયોગો ધરાવતાં હોવાનું જણાવાયું છે.

ગાંધી મુખ્યધારાના અર્થશાસ્ત્રની એ વાતનો સ્વીકાર કરે છે કે જરૂરિયાતો પૂરી કરવાનાં સાધનો અછત ધરાવે છે તથા તેના વૈકલ્પિક ઉપયોગો હોય છે, પરંતુ ગાંધીનો પ્રતિવાદ અમર્યાદિત જરૂરિયાતોના સંદર્ભમાં વધુ સ્પષ્ટ રીતે વ્યક્ત થયો છે. તેઓ મુખ્યધારાના અર્થશાસ્ત્રની એ વાત સાથે સંમત થતા નથી કે જરૂરિયાતો અમર્યાદિત હોય છે અને તેમાં નિરંતર વૃદ્ધિ થયા કરે છે.

આર્થિક નિર્ણયીકરણ કે પસંદગીનો પ્રશ્ન વ્યક્તિની જીવનશૈલી સાથે જોડાયેલો છે તેમ ગાંધીવિચારમાં અભિપ્રેત છે. ધ્યેય-નિષ્ઠ કે હેતુ-નિષ્ઠ જીવન જીવતા લોકો માટે હેતુને અનુરૂપ સાધનોની પસંદગી આપોઆપ થઈ જશે. આપવામાં આવેલા સાધનના વૈકલ્પિક ઉપયોગોમાંથી શ્રેષ્ઠ ઉપયોગની પસંદગી ગાંધી વિચાર હેતુઓ અને સાધનો વચ્ચેના તાલમેળના તર્કથી નક્કી કરી આપશે. વ્યક્તિ પોતાની જીવનશૈલી એવી નક્કી કરી શકે છે કે જેથી અમર્યાદિત જરૂરિયાતોની સમસ્યા તેને પરેશાન કરે નહિ. અલબત્ત, ટીકાકારો એમ કહી શકે કે ગાંધી પ્રબોધિત જીવનશૈલી આર્થિક નિર્ણયીકરણની સમસ્યાનું અતિસરળીકરણ છે. પરંતુ આવી ટીકાના યોગ્ય પ્રત્યુત્તર માટે ગાંધીના આર્થિક-વિચારોના વધુ સંગીન તાર્કિક પાયાની શોધ અનિવાર્ય છે.

**ઉપયોગિતા અને ગાંધીવિચાર :**

ઉપયોગિતાવાદે મુખ્યધારાના અર્થશાસ્ત્રના સૈદ્ધાંતિક પાયાની રચનામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધ માટે ઉપયોગિતાવાદ મદદ કરી શકે ખરો ? જો તેનો જવાબ 'હા' હોય તો બંને વિચાર-પ્રવાહો કયા મુદ્દે અલગ પડે છે તે શોધવું રહ્યું.

ઉપયોગિતાવાદ તેના મૂળરૂપમાં તત્ત્વજ્ઞાનની વિચારશાખા છે અને તે 'સુખ'ની સંકલ્પનાને સાંકળે છે. બેન્થામે[17] આ સંકલ્પનાને વ્યક્તિની સ્વાર્થપૂર્ણ વર્તણૂકનો પર્યાય ગણી કાઢી, જેના પર મુખ્યધારાના અર્થશાસ્ત્રના સૈદ્ધાંતિક માળખાનું ઘડતર થયું. ગાંધીવિચાર પણ ઉપયોગિતાવાદના મૂળતત્ત્વ, અર્થાત્ સુખના ખ્યાલનો જરૂર સ્વીકાર કરે છે. પરંતુ તેમાં વ્યક્તિની સ્વાર્થ-રહિત વર્તણૂકનો પણ સમાવેશ થાય છે. વળી, ઉપયોગિતાવાદનો એક અગત્યનો આધાર-સ્થંભ પરિણામલક્ષી નીતિશાસ્ત્ર છે, જેનો સ્વીકાર બેન્થામ કરતા નથી પરંતુ ગાંધી કરે છે. બેન્થામ માત્ર વ્યક્તિના કાર્ય કે તેના વ્યવહારની ચર્ચા કરે છે. જ્યારે ગાંધી કાર્યના પરિણામની પણ ચર્ચા કરે છે. આથી જ વ્યક્તિની માત્ર સ્વાર્થપૂર્ણ વર્તણૂકની ચર્ચા કરતું આધુનિક અર્થશાસ્ત્ર આર્થિક નીતિઓના ઘડતરની બાબતમાં કાચુ પડ્યું હોવાનું માનવામાં આવે છે. આધુનિક અર્થશાસ્ત્રે 'ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું' હોય તો ઉપયોગિતાવાદની ફેરતપાસ થવી જોઈએ અને તેને ગાંધીવિચારના પ્રકાશમાં વધુ અર્થ સંગત બનાવવાની કોશિશ કરવી જોઈએ.

**બેન્થામ પૂર્વેનો ઉપયોગિતાવાદ અને ગાંધીવિચાર :**

ગાંધીવિચારના પ્રકાશમાં ઉપયોગિતાવાદની ફેરતપાસ માટે આપણે બેન્થામની પહેલાના સમયમાં પાછા જવું રહ્યું. આવી તપાસ આપણને સુખની સંકલ્પનાના મૂળ સુધી લઈ જાય છે. એવું જણાવાયું છે કે એરિસ્ટોટલે તેમના પુસ્તક The Nicomachean Ethics[18] માં પ્રયોજેલી પરિભાષા Eudaimonia (યુડેઈમોનિઆ)નું અંગ્રેજી ડિક્સનેરીમાં ભાષાંતર Happiness અર્થાત્, 'સુખ' કરવામાં આવ્યું. અલબત્ત આ બંનેની અર્થચ્છાયાઓમાં તફાવત હોવાનું કેટલાક નિષ્ણાતોનું માનવું છે. ગ્રીક શબ્દ અનુસાર Eudaimoniaનો અર્થ 'સુખી હોવુ' (being happy) અને અંગ્રેજી શબ્દ Happinessનો અર્થ 'સુખનો અનુભવ' (feeling happy) એવો કરવામાં આવે છે. ગ્રીક શબ્દ સુખની વસ્તુલક્ષી સ્થિતિ (Objective conditions) પર ધ્યાન આપે છે જ્યારે અંગ્રેજી શબ્દ સુખની માનસિક સ્થિતિનું બયાન કરે છે.

ઉપર્યુક્ત બંને શબ્દોના અર્થ વચ્ચેની તફાવતની અતિશયોક્તિ કર્યા વગર એટલું સમજવું જરૂરી છે કે આવક, સંપત્તિ અને ચીજવસ્તુઓની સતત જમાવટ થવા છતાં વ્યક્તિ સુખી ન હોય તેવું બની શકે છે. આ દૃષ્ટિએ સુખ એટલે આનંદ એમ માની લેવું યથાર્થ નથી. તમામ આનંદી વ્યક્તિઓ સુખી હશે જ તેમ કહી શકાય નહિ. પરંતુ, સુખી વ્યક્તિ આનંદનો અનુભવ કરતી હોવાનું માની શકાય. લાંચ-રુશવત લેનારી વ્યક્તિ આનંદનો અનુભવ કરતી હશે. પરંતુ તેથી તે સુખી હશે તેમ માનવું વધુ પડતું છે. આમ, સુખને આવક સાથે હંમેશાં સીધો કે પ્રત્યક્ષ સંબંધ હોય છે તેમ ધારી શકાય નહિ.

**આર્થિક કલ્યાણ કે આર્થિક સુખાકારી ? :**

ઉપયોગિતાવાદ આધારિત મુખ્યધારાનું અર્થશાસ્ત્ર આર્થિક કલ્યાણને વ્યક્તિના જીવનધોરણ સાથે સાંકળે છે, નહિ કે તેની જીવનશૈલી સાથે. વ્યક્તિની આવક, સંપત્તિ અને ઉપભોગમાં વધારો થવાથી તેનો આર્થિક ઉત્કર્ષ થયો જણાશે. પરંતુ, તેથી તેની સુખાકારીમાં વધારો થશે જ તેમ માની શકાય નહિ. બેન્થામનો ઉપયોગિતાવાદ આર્થિક કલ્યાણને જીવન-ધોરણ અને આર્થિક ઉત્કર્ષની સાથે જોડે છે, વ્યક્તિની સુખાકારીની સાથે નહિ. એ સ્પષ્ટ છે કે ગાંધીના આર્થિક વિચારો આપણને એરિસ્ટોટલની સુખની સંકલ્પનાની નજીક લઈ જાય છે. જ્યારે મુખ્યધારાનું અર્થશાસ્ત્ર બેન્થામની સ્વાર્થ-પ્રેરિત સુખની સંકલ્પના પાસે અટકીને ઊભું રહી જાય છે.

**ઉપભોક્તાવાદ અને નીચા સુખનું પિંજર :**

ગાંધીવિચાર દ્વારા ખુલ્લા થતા માર્ગ પર આગળ ચાલતા સીટોવસ્કીનો 'નીચા સુખના પિંજર'નો ખ્યાલ સ્પષ્ટ બને છે.[19] સીટોવસ્કીના જણાવવા પ્રમાણે, આવકમાં વૃદ્ધિ થતાં લોકો તેમની ચીજવસ્તુની માંગમાં યંત્રવત્ વધારો કરે છે અને તેઓ વખત જતાં ખરીદીના 'વ્યસની' બની જાય છે. આવા લોકોને ભાગ્યે જ ખ્યાલ આવે છે અથવા ખૂબ મોડો ખ્યાલ આવે છે કે તેમના ઉપભોગમાં વધારો થવા છતાં તેમના સુખમાં વધારો થયો નથી. સીટોવસ્કી તેમને 'નીચા સુખના પિંજર'માં ફસાયેલા લોકો તરીકે ઓળખાવે છે. લોકોને આવા પિંજરામાંથી મુક્ત કરવાનો ગાંધીવિચાર અનુસારનો ઉપાય જીવનના ચોક્કસ ધ્યેયો કે હેતુઓ નક્કી કરવામાં અને તે મુજબ જીવન-શૈલી અપનાવવામાં રહેલો છે. મુખ્યધારાના અર્થશાસ્ત્રમાં કથિત, સતત વધતી જતી જરૂરિયાતોની પરિકલ્પના સામે ગાંધીવિચાર ઉપભોક્તાવાદનાં પરિણામોના સંદર્ભમાં વધુ સ્પષ્ટરૂપે સમજી શકાય છે.

**સુખનો વિરોધાભાસ અને ગાંધીવિચાર :**

સીટોવસ્કીના નીચા સુખના પિંજરના ખ્યાલને કેટલાક મનોવિજ્ઞાનીઓ દ્વારા હાથ ધરાયેલા અભ્યાસોનું સમર્થન મળ્યું છે.[20] 'ટ્રેડમિલ' અને 'સેટ-પૉઇન્ટ'ના ખ્યાલો રજૂ કરીને આ નિષ્ણાતોએ એમ જણાવ્યું કે આવક અને સંપત્તિમાં વધારો થતાં સાથે વ્યક્તિના સુખમાં હંમેશાં વધારો થતો નથી. બલ્કે, ઘણાંખરા કિસ્સાઓમાં તે સ્થિર રહે છે. ટ્રેડમિલ પર ઊભેલી વ્યક્તિ ગમે તેટલું આગળ ચાલવા કોશિશ કરે છતાં તે એક જ સ્થાન પર સ્થિર રહે છે. આવું જ સુખની બાબતમાં પણ બને છે. તેમના કહેવા મુજબ સુખનું આ સ્થાયીબિન્દુ છે.[21]

નીચા સુખનું પિંજર, ટ્રેડમિલ કે સુખના સ્થાયીબિન્દુના ખ્યાલોનો સમાવેશ 'સુખના વિરોધાભાસ' (Paradox of Happiness) તરીકે જાણીતી ચર્ચા અંતર્ગત કરવામાં આવે છે. તેઓ એમ સમજાવે છે કે આવક અને ઉપયોગના વધારા સાથે લોકોનું જીવનધોરણ અનુકૂલન સાધી લે છે. આથી લોકોની ચીજવસ્તુઓ માટેની માંગ અને આ વસ્તુઓ પરની તેમની માલિકીમાં વધારો થયો છે એટલું જ. પરંતુ, નીચી આવકે પ્રાપ્ત વસ્તુઓ અને અપેક્ષિત વસ્તુઓ વચ્ચે જે પ્રમાણ-સંબંધ (Ratio) જોવા મળે છે તે ઊંચી આવકે પણ જળવાઈ રહે છે. આથી એમ સૂચિત થાય છે કે કોઈ એક તબક્કે પ્રાપ્ત વસ્તુઓ સામે અપેક્ષિત વસ્તુઓની માંગ અંકુશિત થઈ શકે તો જ સુખના વિરોધાભાસને આગળ વધતો અટકાવી શકાય અને નીચા સુખના પિંજરમાંથી મુક્ત થવાનો માર્ગ મળી શકે. ગાંધીવિચાર આવો માર્ગ પ્રશસ્ત કરવાની ક્ષમતા ધરાવે છે.

**વર્તનની તાર્કિકતા અને સુખનો વિરોધાભાસ :**

બેન્થામના ઉપયોગિતાવાદ પરિકલ્પિત ગ્રાહકના વર્તનની તાર્કિકતા સુખના વિરોધાભાસના સંદર્ભમાં સમજાવવી મુશ્કેલ બની જાય છે. આ અંગેની સેનની દલીલ ધ્યાન ખેંચે તેવી છે. તેમણે કહ્યું કે જો લોકો ખરેખર તર્કબદ્ધ વર્તન કરતા હોય તો સુખનો વિરોધાભાસ સર્જાય જ નહિ.[22] તેમણે સ્પષ્ટ કર્યું કે તાર્કિકતાનો સબળ સિદ્ધાંત તર્કબદ્ધ વ્યક્તિના વર્તનને જીવનના હેતુઓ અને મૂલ્યોની સાથે જોડી આપે છે. આથી એમ પણ સૂચિત થાય છે કે ગાંધીવિચાર અનુસરવાનું, જીવનના ચોક્કસ હેતુઓ અને મૂલ્યો તરફ લઈ જતું લોકોનું વર્તન વધુ તર્કબદ્ધ છે. લોકોની જીવનશૈલી પણ આ હેતુઓ અને મૂલ્યો નક્કી કરી આપે છે. સેન વધુ સ્પષ્ટતા કરે છે કે ખુદ જીવનધોરણનું મૂલ્ય જીવનશૈલીમાં છે, ચીજવસ્તુઓ પરના અધિકારમાં નહિ. તેમના મત અનુસાર જીવન જીવવાના ચોક્કસ ધ્યેયો અને તે સંદર્ભમાં કરવામાં આવેલો સંઘર્ષ કે આપવામાં આવેલ અંગત બલિદાનો જીવનનું મૂલ્ય નક્કી કરે છે.[23] ગાંધીનું સમગ્ર જીવન આ બાબતની પુષ્ટિ કરે છે.

**ઉપભોક્તાવાદની બાહ્ય અસરો અને ગાંધીવિચાર :**

ગાંધી વિચાર અંતર્ગતનું, જીવનધોરણના સ્થાને જીવનશૈલીનું મહત્ત્વ આધુનિક ઉપભોક્તાવાદની બાહ્ય અસરોના સંદર્ભમાં વધુ સ્પષ્ટ બને છે. આધુનિક

યંત્રવાદના પ્રવાહમાં ઉત્પન્ન થતી સંખ્યાબંધ પેદાશો નકારાત્મક બાહ્ય અસરો ધરાવતી જોવા મળે છે. આવી ચીજવસ્તુઓનું વધુ ઉત્પાદન અને ઉપભોગ લોકોને ભોગવાદી સંસ્કૃતિના વિનાશક પરિણામો તરફ લઈ જાય છે તેમ ગાંધીવિચારનું માનવું છે. ખુદ મુખ્યધારાના અર્થશાસ્ત્ર અનુસાર નકારાત્મક બાહ્ય અસરો ધરાવતી વસ્તુઓ (ડી-મેરિટ ગુડ્ઝ)નું વધુ ઉત્પાદન 'પેરેટો-બિનકાર્યક્ષમ' સાબિત થાય છે અને તે બજારોની નિષ્ફળતાનું મહત્ત્વનું કારણ બની રહે છે.[24] ઉપરાંત, અનિયંત્રિત ઉપભોગવાદની પર્યાવરણીય સંસાધનો પરની નકારાત્મક બાહ્ય અસરોને ગાંધીવિચારને વધુ પ્રસ્તુત બનાવ્યો છે. આવી અસરોને કેટલાક પર્યાવરણવિદોએ 'હિંસક' ગણાવી ગાંધીવિચારને વધુ પ્રસ્તુત બનાવવામાં મદદ કરી છે.[25]

**ગાંધીવિચારમાં લોભવૃતિ સામે જરૂરિયાતોનો પ્રશ્ન :**

ગાંધી જ્યારે ભોગવાદી સમાજ સામે લાલબત્તી ધરે છે ત્યારે તેમનો વિરોધ ચીજવસ્તુઓ માટેની લોકોની લોભવૃત્તિ સામે છે. તેઓ લોકોની જરૂરિયાતોની અવગણના કરતા નથી. ગાંધીનું એ વિધાન કહેવતરૂપ બની ગયું છે કે તમામ લોકોની જરૂરિયાતો સંતોષી શકાય. પરંતુ, કોઈ એક વ્યક્તિના લોભને પોષી શકાય નહિ.

આ તકે માંગ અને જરૂરિયાતોની વચ્ચે તફાવત કરવો જરૂરી છે. લોકો તેમની વધતી આવકો સાથે વસ્તુઓની માંગમાં વધારો કરે છે ત્યારે તે બજારમાંગનો વિષય બને છે. પરંતુ, લોકોની એવી કેટલીક પાયાની અથવા મૂળભૂત જરૂરિયાતો હોય છે, જેને સમાજના કેટલાક લોકો ખરીદશક્તિના અભાવમાં બજારમાં વ્યક્ત કરી શકતા નથી. પરંતુ આવી જરૂરિયાતો બજારમાં વ્યક્ત ન થઈ શકે એટલે તે જરૂરિયાતો મટી જતી નથી. વળી, આ જરૂરિયાતો વ્યક્તિની ક્ષમતાઓ અને કામગીરીને ખૂબ નજીકથી અસર કરતી હોઈ શકે છે. ગાંધી અહીં પ્રસ્તુત કરે છે અને તેમનો વિકેન્દ્રિત અને સ્વનિર્ભર ગ્રામ-અર્થવ્યવસ્થાનો ખ્યાલ મહત્ત્વનો બની રહે છે.

ઉપરાંત વ્યક્તિની જરૂરિયાતો માત્ર ભૌતિક જ હોતી નથી. કેટલીક અભૌતિક જરૂરિયાતોની પૂર્તિ તેને વધુ સુખી બનાવી શકે છે. આ માટે વ્યક્તિએ ધનિક હોવું જરૂરી નથી. આદમ સ્મિથે તેની ચર્ચા વિશદ્ રીતે કરી છે.[26] પારસ્પરિક સહાનુભૂતિ, સમ-સંવેદના અને સાથીભાવ ઇત્યાદિ અભૌતિક જરૂરિયાતો વિકેન્દ્રિત સમાજોના નાના-મોટા લોક - વર્તુળોમાં સહજ રીતે પૂરી થાય છે. આવા સમાજોમાં સામાજિક આંતરક્રિયાનું પ્રમાણ વધુ હોવાનું સ્વાભાવિક છે.

**ગાંધીવિચારમાં જરૂરિયાતોની પૂર્તિ સાથે માનવવિકાસ :**

ગાંધીવિચાર અંતર્ગત લોકોની જરૂરિયાતો પૂરી કરવાનો મુદ્દો માત્ર પાયાની જરૂરિયાતો પૂરી કરવા પૂરતો જ મર્યાદિત નથી, પરંતુ તેથી કંઈક વિશેષ છે. જો ગાંધીનું જીવન એ જ તેમનો સંદેશ હોય તો તેમના જીવનનો ઝીણવટથી અભ્યાસ કરવાથી માનવવિકાસ સંબંધી અનેક મથામણો પર વિશેષ પ્રકાશ પડી શકે તેમ છે. પરંતુ આ માટે આપણે ફરીથી એરિસ્ટોટલના સુખની સમજણના પ્રદેશમાં જવું પડશે.

એરિસ્ટોટલે સુખ માટે ગ્રીક પરિભાષા Eudaimonia પ્રયોજી જેમાં Eudaimonismનો અર્થ one's daimon, અર્થાત્, વ્યક્તિની મૂળ પ્રકૃતિ કે તેનો 'સ્વભાવ' એવો થાય છે. આ અર્થમાં એરિસ્ટોટલે એમ કહેલું કે વ્યક્તિ માટે સુખ એટલે તેનું મનુષ્ય તરીકે સંપૂર્ણ ખીલવું. ફૂલનું તેની પ્રકૃતિ અનુસાર ખીલવું જેટલું કુદરતી છે તેટલું જ કુદરતી મનુષ્યનું તેની મૂળ પ્રકૃતિ અનુસાર ખીલવું છે. બેન્થામે સુખની સંકલ્પનાને મનુષ્યના નિજી સ્વાર્થ પૂરતી મર્યાદિત બનાવી અને તે માટે સુખને 'ઉપયોગિતા'ના રૂપમાં ઢાળવા પ્રયાસ કર્યો. પરંતુ, આવા મર્યાદિત અર્થ ધરાવતા ઉપયોગિતાવાદના માર્ગે વ્યક્તિ આર્થિક દૃષ્ટિએ ગમે તેટલી સમૃદ્ધ થાય તો પણ તે સુખી થઈ શકે નહિ તેની ચર્ચા આગળ કરી છે.

મનુષ્યની એક અન્ય, કહેવતરૂપ સમજૂતી એ છે કે તે સામાજિક પ્રાણી છે. એરિસ્ટોટલ-પંથીઓ મનુષ્યને સંબંધોના જગતમાં જન્મ લેતી અને વિકાસ પામતી

વ્યક્તિ તરીકે જુએ છે. એટલું જ નહિ, તેઓ મનુષ્યને સંબંધોનો પર્યાય કે સમાનાર્થી ગણે છે. આ દૃષ્ટિએ મનુષ્યનો ખરો વિકાસ અન્ય વ્યક્તિઓથી અલગ રહીને થઈ શકે નહિ. ગાંધી પૂર્ણ-સ્વરૂપે સામાજિક વ્યક્તિ હતા. તેમના અંગત જીવન અને સામાજિક જીવન વચ્ચે ભાગ્યે જ તફાવત કરી શકાય તેમ છે. તેઓ સક્રિયતાથી ભરપૂર સામાજિક અને રાજકીય કર્મશીલ હતા. આ અર્થમાં ગાંધીનું જીવન જીવનતત્ત્વથી છલોછલ માનવજીવન હતું. આવી વ્યક્તિ સંઘર્ષો અને યાતનાઓ વચ્ચે પણ 'દુઃખી' હોવાનું કલ્પી શકાય તેમ નથી. આથી વિરુદ્ધ, જીવનની તમામ જરૂરિયાતો કશું જ કામ કર્યા વગર માત્ર સૂતાં-બેઠાં પૂરી કરી શકનાર વ્યક્તિ સુખી હોવાનું ભાગ્યે જ કહી શકાશે.

**ગાંધીવિચાર, સુખાકારી અને વિકાસ-આંકો :**

સુખાકારીના સંદર્ભમાં જરૂરિયાતોની પૂર્તિનો વ્યાપક અર્થ છે. આ અર્થ મુજબ, પાયાની જરૂરિયાતોમાં માત્ર અન્ન-વસ્ત્ર અને રહેઠાણનો જ સમાવેશ થતો નથી. વ્યક્તિ-સ્વાતંત્ર્ય, તકોની વિશાળતા અને તેની પસંદગી માટે પૂરતો અવકાશ, આત્મસન્માન અને ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે જરૂરી સામાજિક અને રાજકીય પર્યાવરણ, અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય, ઇત્યાદિનો પણ તેમાં સમાવેશ થવો જોઈએ. ગાંધીની સ્વરાજની કલ્પનામાં આ બાબતોનો સમાવેશ થાય છે.

વિકાસના અર્થશાસ્ત્રમાં, વિકાસને નક્કી કરતી બાબતોમાં હવે આવક ઉપરાંત જીવનની ભૌતિક ગુણવત્તા નક્કી કરી આપતી બાબતો અને તેથી પણ આગળ માનવ-વિકાસના આંકો ઘડાઈ રહ્યા છે. ગાંધીવિચારને યથાર્થ રૂપે સમજવામાં આવે તો માનવ-વિકાસના આંકોમાં માનવ-સુખાકારી નક્કી કરી આપતી અનેક બાબતો ઉમેરવા માટે અવકાશ છે.

**ગાંધીવિચારમાં સર્વલક્ષિતા :**

બેન્થામનો ઉપયોગિતાવાદ વપરાશના અનુભવને ધ્યાનમાં લે છે. આથી લાંબા સમય સુધી ઉપયોગિતા આધારિત માંગનો નિયમ તેના આત્મલક્ષિતાના મુદ્દા પર વિવાદનો વિષય રહ્યો. માંગના નિયમનો માપનના હેતુ માટે આત્મલક્ષિતાની મર્યાદામાંથી બહાર કાઢવા મુખ્યધારાના અર્થશાસ્ત્રીઓએ ભારે મથામણ કરી હોવાનું જાણીતું છે. માનવવિકાસના આંકોને માનવ-સુખાકારીના સંદર્ભમાં પુનઃતૈયાર કરવાની કોઈ પણ પ્રક્રિયા એરિસ્ટોટલની સુખની મૂળ સંકલ્પનાને ઉજાગર કરશે. જ્યારે આવી પ્રક્રિયા આધારિક માનવ-વિકાસના આંકોને આર્થિક સિદ્ધાંતના ઘડતર સાથે સંયોજવામાં આવશે ત્યારે મુખ્યધારાના અર્થશાસ્ત્રની અનેક મથામણો હળવી થશે. આર્થિક સૈદ્ધાંતિકીકરણની નૂતન દિશાઓ ખુલ્લી કરવામાં ગાંધીવિચાર તેના નક્કર પ્રયોગો આધારિત પુરાવાઓ સાથે સૌથી ઉપયોગી સાબિત થશે તેમાં શંકા નથી, કેમ કે, ગાંધીવિચાર આત્મલક્ષિતા અને વસ્તુલક્ષિતાના ગુણોના સમન્વય સ્વરૂપ સર્વલક્ષિતા (Omnijective) હોવાના ગુણો ધરાવે છે અને તેથી તે સર્વસ્વીકાર્ય બની રહેવાનું સામર્થ્ય ધરાવે છે તેમ કહી શકાય.

**સારાંશ :**

ગાંધીના આર્થિક વિચારોના તાર્કિક પાયાની શોધના હેતુથી હાથ ધરેલા ઉપર મુજબના પ્રાથમિક પ્રયાસના અંતે કેટલાક સાર-રૂપ મુદ્દાઓ ઊપસી આવે છે :

1. ગાંધીના આર્થિક વિચારો તેમના જીવન-દર્શનનો હિસ્સો છે. સત્ય અને અહિંસા તેમના જીવન-દર્શનના પ્રાણતત્ત્વો છે. ગાંધી માટે સત્ય એ આત્મખોજનો વિષય હતો પરંતુ તેમણે તેમને લાધેલા સત્યને પ્રયોગોના અંતે જ સ્વીકાર્ય ગણ્યું હતું. આમ, ગાંધી માટે જે આત્મલક્ષી હતું તે પરલક્ષી પણ હતું.
2. ગાંધીએ નૈતિકતાને અર્થશાસ્ત્રથી અભિન્ન ગણીને તેને મૂલ્ય-નિષ્ઠ અથવા ધ્યેયનિષ્ઠ જીવનશૈલીનો વિષય બનાવ્યો. મુખ્યધારાના આર્થિક નિર્ણયીકરણ અથવા આર્થિક પસંદગીના પ્રશ્નને ગાંધીએ ઉચિત જીવનશૈલીની મદદથી ઉકેલવાનો માર્ગ સૂચવ્યો.
3. ગાંધી વિચારના તાર્કિક પાયાની શોધ આપણને ઉપયોગિતાવાદની મૂળ સંકલ્પના સુધી દોરી જાય

છે અને એરિસ્ટોટલની સુખની સંકલ્પનાનો વર્તમાન સંદર્ભ ખુલ્લો કરવામાં મદદ કરે છે. આમ કરવાથી ભોગવાદી સમાજ માટે ગાંધીએ રજૂ કરેલી દલીલો પાછળનો તર્ક વધુ સ્પષ્ટ સ્વરૂપે સમજાય છે.

4. ગાંધીના આર્થિક વિચારોને હેતુઓ અને સાધનો વચ્ચેના તાલમેળના તર્ક (Correspondence rationality) તથા ફેરવિચારણાના તર્ક (reflection rationality)ની મદદથી વ્યક્તિની વર્તણૂકને સમજાવવા માટે પ્રયોજી શકાય તેમ છે. ગાંધીવિચાર સુખના વિરોધાભાસને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે.

5. ગાંધીવિચાર વિકાસના અર્થશાસ્ત્ર માટે જીવનધોરણ, જીવનની ભૌતિક ગુણવત્તા અને માનવવિકાસના આંકોની શૃંખલામાં સુખાકારીના આંકો ઉમેરવાનો માર્ગ સૂચવે છે. આમ થવાથી આર્થિક સૈદ્ધાંતિકીકરણની પુનઃરચના અને આર્થિક નીતિઓના ઘડતર માટે નૂતન દિશાઓ ખુલ્લી કરી શકાશે.

**સંદર્ભ નોંધ**


1. વિગત માટે જુઓ : Cllected works of Mahatma Gandhi, Vol. 15, 4th revised ed. GOI, New Delhi, 2000
2. હિન્દ-સ્વરાજના સંપૂર્ણ અંગ્રેજી પાઠ અને તેના ઇતિહાસ અંગે જુઓ : Parel, Anthony, J., 1997 (ed.) Gandhi : Hind Swaraj and other writings, Foundation Books, New Delhi
3. નરહરિ પરીખ, માનવ અર્થશાસ્ત્ર, પાન : 508
4. સ્વયં શિસ્ત અને સ્વ-નિયમન માટે ગાંધી-પ્રબોધિત એકાદશ વ્રતમાં સમાવિષ્ટ સિદ્ધાંતો : સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અસ્વાદ, અપરિગ્રહ, અભય, અસ્પૃશ્યતા નિવારણ, જાતમહેનત, સર્વ-ધર્મ સમભાવ તથા સ્વદેશી.
5. મોહનદાસ ગાંધી The Teaching of the Gita, સંપાદક, પ્રકાશક : આનંદ હિંગોરાની, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, 1962.
6. જુઓ : બી.આર.નંદા, Gandhi and his Critics, Oxford University Press, (આઠમી આવૃત્તિ), 2007, પાન. 123
7. બુદ્ધિપ્રકાશ, ઑક્ટોબર, 2002
8. Young India, Oct.-3, 1921
9 Collected works of Mahatma Gandhi, Vol. 8, P. 372
10. Collected works of Mahatma Gandhi, Vol. 41:449-50, Vol. 51: 428, Vol. 52 : 373
11. Collected works of Mahatma Gandhi Vol. 8:372, Vol. 85 : 32-33
12. શું ભગવત્ગીતા હિંસા શીખવે છે કે અહિંસા ? આ સંબંધી ગાંધીને પુછાયેલા પ્રશ્નો અને ઉત્તરો માટે જુઓ : ગાંધી એમ. કે. The Teaching of the Gita, (સંપાદક) આનંદ હિંગોરાની, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, 1962.
13. Collected works of Mahatma Gandhi, Vol. 85:33
14. Correspondence rationality અને reflection rationality અંગે અમર્ત્ય સેને આપેલી સમજૂતી અંગે જુઓ : Amarty Sen, On Economics and Ethics, Oxford University Press, 1987, P. 12-14

15. હરિજનબંધુ, તા. 29-3-1936
16. અંજારિઆ જે. જે. "The Gandhian Approach to Indian Economics", in Indian Journal of Economics, 1941-42, Vol. 22:357-66
17. બેન્થામ જે. 1789, An Introduction to the Principles of Morals and Legislation, J. H. Burns and H.L.A. Hart (eds), Athtone, P. London.
18. જુઓ "Aristotle : The Rationality of the Emotions", Ch. 3, in Richard Norman, The Moral Philosophers : An Introducton of Ethics, Oxford University Press, 1998, P. 27-40
19. સીટોવસ્કી, ટી The Joyless Economy : An Inquiry into Human Satisfaction and Consumer Dissatisfaction, Oxford University Press 1976.
20. Easterlin, R., "Does Economics Growth improve Human Lot ? Some Empirical Evidence", in P.A. Davis and M.W. Reder (eds), Nation and Household in Economics Growth, Newyork, 1974, also : "Income and Happiness : Towards a United Theory" in the Economic Journal 111:465-484, 2001, and Happiness in Economics, the International Library of Critical writings in Economics, Edward Elgar.
21. જુઓ : Kahneman, D, Diener and Schwarz, (eds), Well-Being: The foundations of Hedonic Psychology, Russell Sage Foundation, New York, 1999
22. સેન એ. કે., "Rational Fools" in Philosophy and Public affairs, 6, P. 317-44, also published in Sen, A. K. (ed) Choice, welfare and Measurement, Oxford University Press, 1983
23. વિગત માટે જુઓ : અમર્ત્ય સેનનાં ટેનર વ્યાખ્યાનોનો મંજુલા નાયકે કરેલો સારાનુવાદ, 'જીવન ધોરણનો ખ્યાલ', અમર્ત્ય સેન વિશેષાંક, માધુકરી, ડિસેમ્બર 1992, પાન. 71-87
24. ઔદ્યોગિક સભ્યતા સાથે વિકસેલા ઉપભોક્તાવાદની અસરો બજાર નિષ્ફળતાના સંદર્ભમાં જેમણે વિશેષતઃ તપાસી છે તેવા અર્થશાસ્ત્રીઓમાં થોર્સ્ટીન વેબ્લન, જે. કે. ગાલબ્રેથ, ફ્રેડ હર્ષ, સીટોવસ્કી તથા ડગ્લાસ નોર્થ જેવાઓનો સમાવેશ થાય છે. તેમણે મહદ્અંશે સંસ્થાલક્ષી અર્થશાસ્ત્રમાં પ્રચલિત વિભાવનાઓ અને સિદ્ધાંતોનો ઉપયોગ કર્યો છે.
25. જુઓ વંદના શિવા, The violence of Green Revolution, the Other India Press, Goa, 1992
26. આદમ સ્મિથ, The Theory of Moral Sentiments, (ed by) D. D. Raphael and A. L. Macfie, Liberty Fund, Indianapolis, 1959/1984.

હું મારા ઘરને બધી બાજુથી દીવાલો વડે ઘેરી લેવા માગતો નથી, તેમ મારી બારીઓને બંધ કરી દેવા ઇચ્છતો નથી. હું તો ઇચ્છું છું કે તમામ દેશોની સંસ્કૃતિઓની હવા મારા ઘરની આજુબાજુ બને તેટલી છૂટથી ફૂંકાતી રહે. પરંતુ કોઈપણ સંસ્કૃતિ મને મારી સંસ્કૃતિના પાયામાંથી ઉખાડી નાખે એ મને મંજૂર નથી. હું બીજા લોકોના ઘરમાં એક ઘુસણિયા તરીકે, ભિખારી તરીકે કે ગુલામ તરીકે રહેવા માગતો નથી. **- ગાંધીજી**

# આદિવાસી જનનાયક બિરસા મુંડા

– ડૉ. હરપાલ બૌદ્ધ*

**ટૂંકસાર :**

આધુનિક ભારતનો ઇતિહાસ બિરસા મુંડાના ઉલ્લેખ વિના અધૂરો લેખી શકાય. તેમના પ્રખર અને ઝંઝાવાતી વ્યક્તિત્વએ તત્કાલીન સમયે અને ત્યારબાદ વીસમી સદીમાં બહુ મોટી અસર નિપજાવી હતી. આદિવાસીઓના જમીની અને પાયાના અધિકારો માટે બિરસા મુંડાએ ઓગણીસમી સદીમાં જબરજસ્ત આંદોલન ચલાવ્યું હતું. મુંડા ક્ષેત્રમાં મુંડા રાજ્ય સ્થાપવાની હાકલ કરી હતી. આદિવાસીઓના અધિકારો માટે લડનારા જનનાયક હતા. 25 વર્ષની બહુ નાની ઉંમરમાં તેમણે આદિવાસીઓના હક, અધિકાર માટે જે મહાસંઘર્ષ કર્યો તેને માટે આપણો ઇતિહાસ ક્યારેય તેમને વીસરી નહિ શકે. 'ધરતી આબા' (ધરતી પિતા) અને 'ઉલગુલાન'ના પ્રણેતા બિરસા મુંડા ખરા અર્થમાં ક્રાંતિકારી હતા. અંગ્રેજી શાસનની સાથે-સાથે સ્થાનિક સામંતી શાસન સામે પણ તેમણે આદિવાસી મૂળનિવાસીઓના જમીની હકો, અધિકારો માટે આંદોલન છેડ્યું હતું. 'દેશ મારો જમીન મારી' આંદોલનને તેમણે નવું જોમ પૂર્યું હતું.

Keywords : સર્વહારા ઇતિહાસ, વંચિતોનો ઇતિહાસ, ઉલગુલાન, ખુંટકટ્ટી, ઘટવાલી, ચૌથ, દિકૂ, સિંગબોંગા, ધરતીઆબા, પયગંબર, સરણ, પંચશીલ, કાયમી બંદોબસ્ત, બેગાર પ્રથા.

**ભૂમિકા :**

આધુનિક ભારતનો ઇતિહાસ 'સર્વહારા ઇતિહાસ', 'વંચિતોના ઇતિહાસ'ના ઉલ્લેખ વિના અધૂરો લેખાય. વંચિતોના ઇતિહાસે ઇતિહાસ અને ઇતિહાસના તત્ત્વચિંતનની બહુ મોટી સેવા કરી છે. જો વંચિતોના ક્ષેત્રમાં ખેડાણ ન થયું હોત તો આપણે સમાજના નીચલા થરના લોકોના ઊજળા ઇતિહાસથી અજાણ રહી ચૂક્યા હોત. આ એ 'લોક' છે જેણે ઇતિહાસનું નિર્માણ કર્યું છે. તેમના જીવનસંઘર્ષથી ઇતિહાસનું કાઠું ઘડાયું છે. દલિતો, કૃષકો, આદિવાસીઓ અને મહિલાઓએ માનવ મૂલ્યોની પ્રસ્થાપના સારુ તથા મનુષ્યના પાયાના અધિકારો માટે માનવીય આંદોલનો ચલાવ્યાં છે. તેમનાં આંદોલન કે સંઘર્ષ મનુષ્યના અસ્તિત્વ અને હયાતીની લડાઈ હતી. કે. સુરેશસિંહ લખે છે કે ભારતમાં આરંભિક કે પછીના કાળમાં સૌથી વધુ હિંસક વિદ્રોહો આદિવાસીઓ દ્વારા જ થયા છે. 'કૃષકો સહિત કોઈ પણ અન્ય સમુદાયની તુલનામાં સૌથી વધુ વિદ્રોહ આદિવાસીઓ દ્વારા જ થયાં છે અને તેમનાં વિદ્રોહો સૌથી વધુ હિંસક પણ રહ્યા છે.' (સરકાર, પૃ,. 63) જે પ્રકારે 20મી સદીમાં ક્રાંતિકારી ભગતસિંહ ક્રાંતિનું પ્રતીક બન્યા હતા, તેવી જ રીતે બિરસા મુંડા 19મી સદીમાં 'જનક્રાંતિ જનનાયક' બન્યા હતા.

**સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડા :**

બિરસા મુંડા ભારતીય સ્વતંત્રતાઆંદોલનના સૈનિક હતા. ધાર્મિક નેતા હતા અને લોકનાયક હતા. તેઓ મુંડા કુળમાં જન્મ્યા હતા. Birsa Munda was an Indian tribal freedom fighter, religious leader and folk hero who belonged to the Munda tribe.

'હું કેવળ દેહ નથી
હું જંગલનો વંશપરંપરાગત દાવેદાર છું
વારસદારો અને તેમના દાવાઓ મરતા નથી
હું પણ મરી નહીં શકું
મને કોઈ પણ જંગલોમાંથી બેદખલ નહીં કરી શકે
ઉલગુલાન !
ઉલગુલાન !!
ઉલગુલાન !!!'

બિરસા મુંડાની સ્મૃતિમાં આ કવિતા આદિવાસી

* એસોશિએટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, સમાજવિદ્યા ભવન, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

સાહિત્યકાર હરિરામ મીણાએ લખી છે. 'ઉલગુલાન' એટલે આદિવાસીઓનો જળ, જમીન અને જંગલ પર દાવેદારીનો સંઘર્ષ, બિરસા મુંડા આદિવાસી સ્વાતંત્ર્ય-સેનાની અને લોકનાયક હતા. આદિવાસીઓના અધિકારો માટે લડનારા જનનાયક હતા. 25 વર્ષની બહુ નાની ઉંમરમાં તેમણે આદિવાસીઓના હક, અધિકાર માટે જે મહાસંઘર્ષ કર્યો તેને માટે આપણો ઇતિહાસ ક્યારેય તેમને વીસરી નહીં શકે. 'ધરતી આબા' (ધરતી પિતા) અને 'ઉલગુલાન'ના પ્રણેતા બિરસા મુંડા ખરા અર્થમાં ક્રાંતિકારી હતા. અંગ્રેજી શાસનની સાથે સાથે સ્થાનિક સામંતી શાસન સામે પણ તેમણે આદિવાસી મૂળનિવાસીઓના જમીની હકો, અધિકારો માટે આંદોલન છેડ્યું હતું. 'દેશ મારો જમીન મારી' આંદોલનને તેમણે નવું જોમ પૂર્યું હતું. જે જમીન, જે દેશના માલિક ભારત દેશના મૂળનિવાસીઓ હોવા છતાં યુગોથી પાયાના અધિકારો અને હકો માટે સતત ઝઝૂમતા આવ્યા છે. આજે પણ દેશના શોષિતો, પીડિતો તથા આદિવાસીઓની હાલતમાં બહુ કાંઈ ફેર નથી પડ્યો. આજે પણ મૂળનિવાસીઓની જમીન ઝૂંટવી લેવાય છે. ક્યારેક ધાક-ધમકી તો ક્યારેક છળકપટ તો ક્યારેક હત્યા કરીને પણ તેમને તેમની જમીનો પરથી વિસ્થાપિત કરી દેવામાં આવે છે. બિરસા મુંડા જનનાયકો ત્યારે અંગ્રેજો અને સામંતો સામે લડતા, જ્યારે આજે એની એ જ સ્થિતિ જોવા મળે છે, જેમાં સ્થાનિક સરકાર અને ઉદ્યોગપતિઓની મિલીભગત સામે લડે છે. એક જાગૃત નાગરિક તરીકે આપણને સવાલ થવો જોઈએ કે ખરેખર આપણે કઈ આઝાદી, સ્વતંત્રતા માટે લડ્યા હતા. શું આ દેશના આદિવાસીઓને પોતાનાં હક, અધિકાર અર્થે આમ જ લડતા રહેવાનું ?

**બિરસા મુંડાના સમયની સ્થિતિ :**

પ્રોફેસર બિપિનચંદ્ર લખે છે કે 'આદિવાસી ઈલાકાઓમાં બહારના લોકો અને બ્રિટિશ રાજની ઘૂસપેઠે તેમની આખી સામાજિક વ્યવસ્થાને જ ઊથલ-પાથલ કરી નાંખી હતી. તેમની જમીનો તેમના હાથોમાંથી નીકળતી ગઈ અને તેઓ ધીરે ધીરે કિસાનમાંથી મજદૂર બનતા ગયા. જંગલો સાથેના તેમના ઊંડાણપૂર્વકના સંબંધો પણ ઉપનિવેશવાદના આક્રમણે તોડી નાંખ્યા.'[2] (બિપિનચંદ્ર, પૃ.14) પોતાની જમીનો પર તેઓ સ્વતંત્ર ખેડૂત હતા પણ બદલાયેલી શાસનવ્યવસ્થામાં તેઓ ખેડૂત મટી મજૂર બનવા પામ્યા હતા. સદીઓથી મુંડા આદિવાસીઓ રાંચી, છોટા નાગપુરની આસપાસના પ્રદેશમાં રહેતા હતા. છોટા નાગપુરમાં તેમણે જ્યાં સુવિધા અને જમીન મળી તેને સાફ કરી, પડાવ નાંખ્યો અને ત્યાં જ સ્થાયી થઈ ગયા. આ પ્રકારની ઊભરી રહેલી કૃષિવ્યવસ્થાને 'ખુંટકટ્ટી' કહેવામાં આવતી. આ પ્રકારની પદ્ધતિમાં ખેતી કરનાર જ જમીનનો માલિક ગણવામાં આવતો હતો. ખેતીની ઊપજ લેવા માટે તેને કોઈને લગાન/મહેસૂલ કે બેગાર આપવું પડતું ન હતું. આ પછી કેટલાય બહારના લોકો આ વિસ્તારમાં આવી પહોંચ્યા. તેમાં મોટાભાગના એવા હતા, જેમને છોટા નાગપુરના મહારાજા તથા તેમનાં સગાં-સંબંધીઓએ સેવાના બદલે જમીનો આપી દીધી અને નવા જમીનદારો ઊભા કર્યા. તેમાં કેટલાક શીખ અને મુસલમાન વેપારી પણ મોહક અને આકર્ષક વસ્તુઓ લઈને આવ્યા. મહારાજા પાસે આપવા માટે રોકડ રકમ તો ન હતી એટલે તેમણે પટ્ટા પર ગામ આપી દીધાં. જ્યારે મરાઠાઓના 'ચૌથ' માટે વારંવાર આક્રમણ થવા માંડ્યાં તો શીખ સૈનિકોને ભરતી કરવામાં આવ્યા અને તેમને પટ્ટાઓ પર ગામ આપવામાં આવ્યાં. તેના પછી પહાડોની સુરક્ષા માટે અંગ્રેજોએ 'ઘટવાલી' નામની ખેત-વ્યવસ્થાની રચના કરી. આટલું જ નહીં કેટલાય બહારના લોકો જેમ કે પોલીસથાણેદાર, કોર્ટ-કચેરી અમલદાર તથા દારૂ-માદક પદાર્થો વેચવાવાળા ગણોતિયાઓ આવ્યા. જેઓ સીધા-સાદા કિસાનોને લૂંટતા હતા. આ પ્રકારથી બહારના લોકોની લૂંટમાર પ્રવૃત્તિથી સ્થાનિક લોકોના મનમાં બળવાની ભાવના પેદા થઈ. પરિણામ સ્વરૂપ ઈ.સ. 1795, ઈ.સ. 1810, ઈ.સ. 1858 અને ઈ.સ. 1859માં ભયંકર વિદ્રોહો થયા.

આદિવાસી પોતાના પ્રદેશોમાં બહારથી આવેલા

લોકોને ઓળખવા વિશેષ નામથી બોલવતા હતા. છોટાનાગપુરમાં આ બહારના લોકોને 'દિકૂ' કહેવામાં આવતા હતા, જેનું તાત્પર્ય એ લોકો સાથે હતું. 'જે હેરાન-પરેશાન કરતા હતા અને બહારથી આવનાર મૂડીવાદી શાહુકાર' હતાં. આ શબ્દ તમામ હિંદુઓ માટે ન હતો. વિશેષમાં કારીગરો અને સ્થાનિક રાજાઓને 'દિકૂ' માનવામાં આવતાં હતાં. પ્રોફેસર બિપિનચંદ્ર લખે છે કે, 'ભ્રષ્ટાચાર અને અત્યાચારનાં હથિયારોથી સજ્જ સંસ્થાનવાદી શાસને જ્યારે આદિવાસીઓના ઈલાકાઓમાં ઘૂસપેઠ કરી, તો તેમનામાં ઘોર અંધકાર ઉત્પન્ન થવો સ્વાભાવિક જ હતો. આમ તો આદિવાસી શેષ સમાજથી પોતાને અલગ રાખતા હતા પરંતુ બ્રિટિશ રાજે તેમને સંપૂર્ણ રીતે સંસ્થાનવાદી ઘેરાવમાં અંદર ખેંચી લીધા હતા.' આદિવાસી લોકો જેઓ અત્યાર સુધી આંતરિક સ્વાયત્તતાની સ્થિતિમાં રહેતા હતા, બ્રિટિશ પ્રભુત્વની સ્થાપનાથી તે સમાપ્ત થઈ ગઈ. આ સ્થિતિ આદિવાસીઓને સ્વીકાર ન હતી અને ધીરે-ધીરે તેમનામાં વિરોધ પનપવા માંડ્યો.' (ગૌતમ, પૃ. 411)

મુંડા લોકો લગાન (કર) આપવા ટેવાયેલા ન હતા. મહારાજા અને રાજા તેમના જ પ્રતિનિધિ હતા. એટલે તેમના ભરણ-પોષણ માટે તેઓ અનાજ પૂરું પાડતા. પણ દિકૂ જમીનદાર, ઠેકેદાર, ઘટવાલ વગેરે મુંડા લોકોના પુરાતન અને પરંપરાગત રીત-રિવાજો જાણતા ન હતા અને ન તો તેમની કદર કરવા ઇચ્છતા હતા. તેઓ ઓછામાં ઓછા સમયમાં ધનિક બનવા માંગતા હતા. પછી એક સમય આવ્યો જ્યારે ઊપજના બદલે રોકડ મહેસૂલ લેવાનું પ્રચલન શરૂ થયું. આ એક નવીન પ્રથા હતી તેનાથી એક અન્ય પ્રથા ઊપજી-વેઠપ્રથા. વેઠની કોઈ સીમા ન હતી. તમામ જમીનદારો માનતા હતા કે જ્યારે કામ પડતું હતું ત્યારે વેઠ કરાવવામાં આવતી હતી. આ ઉપરાંત જમીનદાર જ્યારે યાત્રાએ જતો, તેના ઘરમાં જ્યારે કોઈ ધાર્મિક અનુષ્ઠાન હોય, લગન-પ્રસંગ હોય તો મુંડાઓ પાસેથી રોકડ તથા વેઠ લેવામાં આવતી.

આ પ્રકારની જુલમભરી, બિનપરંપરાગત અને વધુ માત્રામાં વસૂલી કરવાના ફળ-સ્વરૂપ મુંડા લોકોના મનમાં ક્ષોભ અને વિદ્રોહની ભાવના ઊભી થવા પામી. તેઓ પોતાની મુસીબતો અને પીડાઓ માટે 'દિકૂ' જમીનદારો તથા પટ્ટેદારોને જવાબદાર માનવા લાગ્યા હતા. આમ છતાં, અંગ્રેજ સરકાર, મહારાણી વિક્ટોરિયા તથા બ્રિટિશ સંસદમાં તેઓ વિશ્વાસ ધરાવતા હતા. જર્મન અને રોમન કૅથલિકોએ પણ તેમને હરિયાળા બાગ બતાવ્યા. મુંડા સરદારોએ ગામેગામથી ફાળો ઉઘરાવી કલકત્તા ન્યાયાલયના લોકોને અનેકવાર મળ્યા. પાણીની માફક ધનનો ખર્ચ કર્યો. આટલા પ્રયાસો કરવાથી તેમને ખબર પડી કે આ પ્રકારથી તેમના ઉદ્દેશ્યની પૂર્તિ નહિ થાય અને દિકૂ જમીનદારોથી મુક્તિ મેળવવામાં સફળતા નહિ મળી શકે. એટલે અંતે તેઓ પોતાની તાકાત પર જ મુંડા રાજ્યની સ્થાપના માટે કમર કસી મેદાનમાં ઊતરી પડ્યા.

19મી સદી અથવા તેના પહેલાં મુંડા લોકોમાં ઔપચારિક શિક્ષણનું નામોનિશાન ન હતું. કહેવામાં આવે છે કે કેટલાક ખ્રિસ્તી પાદરી કલકત્તામાં મુંડા મજદૂરોને મળ્યા. તેમને લાગ્યું કે મુંડા લોકોની વચ્ચે ધર્મનો પ્રચાર અને પ્રસારનો બહુ મોટો અવકાશ છે. એટલે જર્મન, રોમન કૅથલિક અને ઍંગ્લિકન લોકોએ વરજૂ, સરવાડા તથા ચાઈબાસામાં સ્કૂલ, ચર્ચ, હૉસ્પિટલો ખોલી. કેટલીક જગ્યાએ કાર્યશાળાઓ પણ ખોલી. ધર્મ પરિવર્તનના કામે સારો એવો વેગ પકડ્યો. પરંતુ ખ્રિસ્તી પાદરી ભૂલી ગયા કે મિશનમાં મુંડાઓ પોતાના રાજ્યની સ્થાપના માટે આવ્યા હતા. તેમના નૈતિક ઉપદેશોથી આકર્ષાયા નહિ. જેવો જ તેમનો ભ્રમ તૂટ્યો મોટાભાગના મુંડા મિશન છોડી ગયા. કેટલાકે પોતાનું અલગ ચર્ચ અને પાદરી તૈયાર કરી દીધા. મુંડા લોકોએ પોતાનો એક અલગ નારો બુલંદ કર્યો - 'ટોપી, ટોપી, એક ટોપી.'

મુંડાઓ એક ભગવાનને માને છે જેને તેઓ 'સિંગબોંગા' કહે છે. જેમાં 'સિંગ'નો અર્થ દિવસ અને

'બોંગા'નો અર્થ દેવતા થાય છે. મુંડા લોકોનો વિશ્વાસ છે કે 'સિંગબોંગા' ન તો સૂર્યમાં રહે છે, ન તો તે સૂર્ય છે. તે સફેદ જીવો જેવા કે સફેદ બકરા, સફેદ મૂર્ગાને બલિના રૂપમાં ઇચ્છે છે. તે સર્વશક્તિમાન દેવ છે અને તમામ દેવી-દેવતા તેના આધીન છે. આ ઉપરાંત પ્રત્યેક ગામમાં ગ્રામ દેવતા છે તથા પ્રત્યેક કુળનો કુળદેવતા હોય છે. કેટલાક દેવતાઓ છે જે નુકસાન જ કરે છે જેવા કે ચુરીન, ગુઆ, અપસાન વગેરે. એક શ્રેણી એવી દેવોની છે જે ભડકાવવા પર જ હાનિ કરે છે.

**બિરસા મુંડાનું પ્રારંભિક જીવન :**

બિરસા મુંડાના સમયમાં ભારતમાં અંગ્રેજી શાસન હતું. આદિવાસીઓને પોતાની જમીનો પર કોઈ પણની દખલગીરીને સ્વીકાર્ય ન હતી. આથી આદિવાસી ઇલાકાઓ હમેશાં સ્વતંત્ર રહ્યા છે. અંગ્રેજો શરૂઆતમાં આ વિસ્તારમાં જઈ શક્યા ન હતા, પણ તમામ ષડયંત્રોથી અંતે તેઓ ઘૂસપેઠ કરવામાં સફળ બન્યા હતા. આ પરિસ્થિતિઓની વચ્ચે બિરસાનો જન્મ 'ઉલિહાટ' નામના ગામમાં 15 નવેમ્બર, 1875માં થયો હતો. તેમના પિતાનું નામ સુગના મુંડા હતું. માતાનું નામ કરમીહાતું હતું. ડૉ. સુરેન્દ્રસિંહ પોતાના શોધ નિબંધમાં 'બિરસા મુંડા ઍન્ડ હિજ મૂવમેન્ટ'માં બિરસાના જન્મ વર્ષ ઈ.સ. 1974 અને જન્મભૂમિ બમ્બા દર્શાવે છે, જે સિંજુરીનો એક લત્તો હતું. આ તથ્ય છે કે મુંડા લોકો પોતાના બાળકોની જન્મતિથિઓ લખીને રાખતા ન હતા.

બિરસાનો પ્રારંભિક અભ્યાસ સલગા નામના ગામની સ્કૂલમાં થયો. જોકે આ સ્કૂલને માન્યતા પ્રાપ્ત ન હોઈ બિરસાને લોઅર પ્રાથમિક પરીક્ષા આપવા માટે વરજુ મિશન સ્કૂલમાં જવું પડ્યું. પરીક્ષા પાસ કર્યા પછી તેનું નામ ત્યાંની જ સ્કૂલમાં અપર પ્રાથમિક શાળાના વર્ગમાં લખી દેવામાં આવ્યું. ત્યાં બિરસાને ખ્રિસ્તી ધર્મની પણ દીક્ષા આપવામાં આવી અને ધર્મ-પરિવર્તન બાદ તેનું નામ 'બિરસા ડેવિડ' રાખવામાં આવ્યું. ત્યાં જ પિતાને પણ ખ્રિસ્તી ધર્મમાં દીક્ષિત કરવામાં આવ્યા અને તેમનું નામ બદલીને મસીદાસ રાખવામાં આવ્યું.

ભણવામાં બિરસાની પ્રગતિ અને લગનને જોઈને તેને ઉચ્ચશિક્ષણ માટે ચાઈબાસા મિશન સ્કૂલમાં મોકલવામાં આવ્યો. 7 મે, 1886માં તેને ત્યાંની મિડલ સ્કૂલ બોર્ડિંગ ભવનમાં દાખલ કરવામાં આવ્યો. ત્યાં ખ્રિસ્તી ફાધરો સાથે કેટલીય બાબતો પર બિરસાને મતભેદ થયો. તેમાંની એક બાબત હતી કે જે ગામના મોટાભાગના મુંડા લોકો ખ્રિસ્તી થઈ ગયા હોય ત્યાંના 'ભૂતકેતા' અને 'પહનઈ'ના નામ પર છોડવામાં આવેલી આદિવાસીઓની જમીન ચર્ચને મળી જવી જોઈએ. તેનાથી બિરસાને તીવ્ર દુઃખ થયું, કારણ કે તેને ખબર હતી કે મુંડા પોતાના પૂર્વજોની જમીનને પોતાના પ્રાણથી પણ વધુ મહત્ત્વ આપે છે. આ સમયે સ્કૂલની બહાર સરદારી આંદોલન પોતાની ચરમસીમા પર હતું. બિરસાના ગામની તરફ પણ આ આંદોલન જોર પકડી રહ્યું હતું. આ આંદોલનનો પ્રભાવ બિરસાના મન-મસ્તિષ્ક પર જરૂર પડ્યો હતો. થોડાક સમય પછી તેમણે જર્મન મિશન સ્કૂલ છોડી દીધી હતી. તેમના મનમાં શાહુકારો અને સાથે સાથે બ્રિટિશ સરકારના અત્યાચારોના વિરુદ્ધ વિદ્રોહની ભાવના પોષાઈ રહી હતી. આ માનસિક ઉદ્વેગમાં બિરસાએ ઈ.સ. 1890માં સ્કૂલ છોડીને બહાર નીકળી ગયા હતા.

**આદિવાસી સંઘર્ષના 'ધરતી આબા' :**

શાળા છોડ્યા બાદ બિરસા મુંડા રોજી-રોટીની તલાશમાં હાથ આવે તે નોકરી કરવા લાગ્યા. થોડાક દિવસ પછી આનંદ પાનર, જેઓ વણકર જાતિના હતા અને વૈષ્ણવ ધર્મને અનુસરનારા હતા. તેમને ત્યાં નોકરી કરવા લાગ્યા. બિરસા દિવસભર આનંદ પાનરના ખેતરોમાં કામ કરતા અને રાત્રિના સમયમાં ધર્મની વાતો ધ્યાનથી સાંભળતા હતા. ઈ.સ. 1894માં તેઓ એક દિવસ વનગાંવના બજારમાં આનંદ પાનર પાસેથી રજા લઈ તેઓ પોતાના લોકોની સેવા કરવા માટે નીકળી પડ્યા. ત્યાંથી તેઓ કટગા ગયા અને પછી પોતાની કર્મભૂમિ ચાલકદ ગયા. આ સમયે તેમનાં માતા-પિતા પણ ત્યાં જ આવી ગયાં હતાં.

બિરસા મુંડા પોતાના લોકોની સેવામાં લાગી ગયા. હાથમાં જાલ-કરતાલ વગાડી વગાડી તેઓ ગામેગામ નાચતા-ગાતા ફરવા લાગ્યા. જેથી લોકો જાગૃત અને સંગઠિત થાય. દુષ્કાળ અને મહામારીઓના સમયમાં તેણે અને તેના સાથીઓએ લોકોની ખૂબ સેવા કરી. તેણે રાત્રિના સમયમાં જોયેલા સ્વપ્નને સાકાર કરવા લોકોમાં ખૂબ પ્રચાર કર્યો. એ પણ બતાવવામાં આવ્યું કે એક દિવસ જંગલમાં વીજળી ચમકી અને બિરસાના મુખ પણ એક વિશેષ પ્રકારની આભા ચમકી ઊઠી. તેનાથી લોકોમાં બિરસાની ધાક જામવા લાગી અને લોકો તેને ભગવાન માનવા લાગ્યા. તે 'પયગંબર' તરીકે ઓળખાવા લાગ્યા હતા. તેનાં પ્રવચનોમાં અનેક દેવી-દેવતાઓની જગ્યાએ એક ભગવાનને માનવા, જીવ બલિની મનાઈ તથા માંસ-મદિરા ન લેવા પર ભાર મૂકવામાં આવતો. આ સાથે બિરસા મુંડા એમ પણ કહેતા કે જમીન અને જંગલ પરનું મહેસૂલ નહીં આપવું કારણ કે તે તેમના પૂર્વજોની માલિકીનાં છે. આટલું જ નહીં એ પણ પ્રચાર કરવામાં આવ્યો કે પૃથ્વી પર બહુ થોડા સમયમાં પ્રલય થવાનો છે. ચાલકદ સિવાયના તમામ સ્થળ પાણીમાં ગરકાવ થઈ જશે. આ બાબતથી હજારો લોકો ગામેગામથી પોતાના કામ-ધંધા છોડીને ચાલકદમાં ડેરો નાંખીને બેસી ગયા.

બિરસા મુંડાના મનમાં પનપી રહેલા ઉદ્વેગે આદિવાસીઓના અસંતોષને વાચા આપી. એક બાજુ બિરસા મુંડા જબરદસ્તીથી ખ્રિસ્તી ધર્માન્તર પ્રવૃત્તિના વિરુદ્ધ લોકોને જાગૃત કરતા હતા અને સાથે સાથે આદિવાસીઓની પરંપરાઓને જીવિત રાખવાના પ્રયાસો કરવા લાગ્યા હતા. ઈ.સ. 1894માં વરસાદ ન થવાથી છોટા નાગપુરમાં ભયંકર દુષ્કાળ અને મહામારી ફેલાઈ હતી. બિરસાએ પૂરા સમર્પણભાવથી પોતાના લોકોની સેવા કરી. તેમણે લોકોને અંધવિશ્વાસમાંથી બહાર કાઢી બીમારીઓનો ઈલાજ અને સારવાર કરવા પરત્વે જાગૃત કર્યા. તેથી તમામ આદિવાસીઓ માટે તેઓ 'ધરતી આબા' અર્થાત્ 'ધરતી પિતા' તરીકે ઓળખાવા લાગ્યા.

અંગ્રેજ સરકારે બિરસા મુંડાને પકડવાનું અભિયાન ઉપાડ્યું. ઉચ્ચ અધિકારીઓએ 22 ઑગસ્ટ, 1895ના રોજ જિલ્લા અધીક્ષક પોલીસને કહ્યું કે તેઓ બિરસાને પકડી લે અને પોલીસ અધીક્ષકે 20 પોલીસ જવાનોની સાથે ચાલકદમાં રાત્રિના 3 વાગે જ્યારે લોકો સૂઈ રહ્યા હતા, બિરસાને પકડી લેવામાં આવ્યો અને રાંચીની જેલમાં લઈ ગયા. 19 નવેમ્બર, 1895માં બિરસાને 2 વર્ષની કેદ અને 50 રૂપિયાના દંડની સજા કરવામાં આવી. દંડ ન ભરે તો કેદની સજા વધુ 6 મહિના લંબાવવામાં આવી શકે તેમ હતું.

30 નવેમ્બર, 1897માં બિરસા મુંડાને મુક્ત કરવામાં આવ્યો. આ જ વર્ષે મહારાણી વિક્ટોરિયાના સન્માનમાં હીરક જયંતિ મનાવવામાં આવી રહી હતી. આથી તમામ કેદીઓની સજામાં ઘટાડો કરી દેવામાં આવ્યો. બિરસાની સજામાં પણ ઘટાડો કરી નિર્ધારિત સમય કરતાં વહેલો મુક્ત કરી દેવામાં આવ્યો.

બિરસા મુંડા જ્યારે જેલમાં હતો ત્યારે તેના અનુયાયીઓનાં ટોળેટોળાં ચાલકદ આવતાં હતાં. જેલમાંથી મુક્ત થયા બાદ બિરસા મુંડા પુનઃ લોકોને મળવા લાગ્યો હતો. જેલમાંથી મુક્ત થયાને ચાર મહિના પછી બિરસા મુંડા માર્ચ 1898માં પોતાના કેટલાક સાથીઓ સાથે ચુટિયામાં આવેલ સીતારામ મંદિરમાં ગયો. આ મંદિરનું નિર્માણ રાજા રઘુનાથના શાસનકાળમાં ઈ.સ. 1685માં થયું હતું. આ કોલોનું પૈતૃક મંદિર હતું. બિરસા મુંડાનો ઉદ્દેશ્ય લોકોમાં પોતાના પૂર્વજોની સાંસ્કૃતિક ધરોહરના પ્રતિ સ્વાભિમાન અને સન્માન જગાડવાનું હતું. બિરસા મુંડાને ખબર હતી કે મંદિરમાં 'રેકૉર્ડ ઑફ રાઇટ્સ' રાખવામાં આવેલા છે અને તેઓ તેને સ્વયં જોવા માંગતા હતા. બિરસા મુંડાએ પોતાના અનુયાયીઓને કહ્યું કે મંદિરમાં રાખવામાં આવેલી વિભિન્ન મૂર્તિઓના બદલે એક જ પરમેશ્વરની ઉપાસના કરવી જોઈએ.

આ પછી તેઓ રાંચીથી 6 માઈલ દૂર આવેલ જગન્નાથ મંદિર જોવા માટે ગયા. આ મંદિરને ઠાકુર

એની સાહીએ ઈ.સ. 1691માં બંધાવ્યું હતું. જ્યારથી ઓરિસાના બ્રાહ્મણોનો આ મંદિર પર અધિકાર થઈ ગયો અને તેઓ ભેંસોનો બલિ આપવા લાગ્યા ત્યારથી મુંડા લોકો ત્યાંથી દૂર થઈ ગયા. નવેમ્બર 1899માં પોતાના કેટલાક વિશ્વાસુ સમર્થકો સાથે બિરસા નવરતન કિલ્લો જોવા ગયા. આ કિલ્લાનું નિર્માણ ઈ.સ. 1683 થી ઈ.સ. 1711ના સમયમાં મુંડા નાગવંશી રાજા દુરજન સાલેએ કરાવડાવ્યું હતું.

પ્રાચીન મંદિરો અને ભવનો જોવા સિવાય બિરસા મુંડા લોકોના કલ્યાણ માટે સતત માર્ગદર્શન આપતા રહ્યા હતા. ઈ.સ. 1897માં મુંડાપ્રદેશ દુષ્કાળની લપેટમાં આવી ગયો અને આ પછી ઈ.સ. 1898માં હેજા અને શીતળાએ મહામારીનું રૂપ ધારણ કરીને ચારે બાજુ આફતનું વાતાવરણ નિર્માણ કર્યું. ઓછામાં પૂરું ઈ.સ. 1899માં ફરી વાર ભયંકર દુષ્કાળ પડ્યો. જેથી મુંડા ક્ષેત્રની સ્થિતિ વણસવા પામી. આ સંકટ સમયમાં બ્રિટિશ સરકાર, મિશન તથા જમીનદારો વિશેષ કાંઈ ન કરી શક્યા. પરંતુ બિરસા મુંડા અને તેમના સહયોગીઓ આ વિષમ સ્થિતિમાં લોકોની સેવા માટે ખડે પગે તૈયાર રહ્યા.

**મુંડા રાજ્યની સ્થાપના માટે સંઘર્ષ :**

બિરસા મુંડા પૂરેપૂરી રીતે જાણતા હતા કે મુંડા રાજ્યની સ્થાપના માટે શાસન તથા સમાજના પ્રમુખ સત્તાબળો - જમીનદાર, ઠેકેદાર, મિશન તથા તેમના સંરક્ષક બ્રિટિશ શાસન સાથે સંઘર્ષ થવો અનિવાર્ય છે. આથી તેમણે પોતાનું મુખ્યાલય ચાલકદથી હટાવવાનું વિચાર્યું. કારણ કે હવે આ જગ્યા તેમના માટે સુરક્ષિત રહી નહોતી. આ માટે તેમને ડોમબારી વધુ યોગ્ય લાગ્યું. આ જગ્યા ચારેબાજુ દુર્ગમ પહાડિઓથી ઘેરાયેલી હતી. બીજું કે ત્યાં ઘણાં ગામડાં હતાં જ્યાં બિરસાના અનુયાયીઓ રહેતા હતા. આ સિવાય તેની પાસેથી એક નદી વહેતી હતી જે અનેક લોકોને પાણીની જરૂરિયાત પૂરી પાડતી હતી. બિરસા મુંડા પણ ખૂબ સારી રીતે જાણતા હતા કે લક્ષ્યની પ્રાપ્તિ માટે તેમને એક પ્રશિક્ષિત દળની આવશ્યકતા છે. આ કામ બિરસા મુંડાને સોંપવામાં આવ્યું.

પોતાના લક્ષ્યની પ્રાપ્તિ માટે કઈ પદ્ધતિ વધુ કારગત નીવડશે, તેના માટે શરૂઆતથી જ બે મત તેમના મનમાં વ્યાપ્ત હતા. બિરસા મુંડા ધર્મ અને અહિંસા દ્વારા 'મુંડા રાજ્ય'ની સ્થાપના કરવાના હિમાયતી હતા. પરંતુ મુંડા સરદારો જેઓ તેમના અનુયાયી હતા. તેઓ દરેક બાજુએથી નિરાશ થઈ ચૂક્યા હતા. બિરસા મુંડા એક સમજુ નેતા હતા. તેઓ પોતાની મર્યાદાઓ જાણતા હતા. એટલે તેમનો આગ્રહ હતો કે શાંતિ અને અહિંસાના માર્ગ દ્વારા જ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં આવે. ફેબ્રુઆરી 1898માં ડોમબારીમાં મુંડા લોકોની એક પ્રતિનિધિ સભા બોલાવવામાં આવી. તેમાં પણ બિરસા મુંડાએ અહિંસાના માર્ગનું સમર્થન કર્યું. સભામાં અંતિમ નિર્ણય ન થઈ શક્યો. ફરી વાર માર્ચ 1898માં સિમબુઆમાં બીજી બેઠક બોલાવવામાં આવી. આ સભાની કાર્યવાહી અને સભા દરમિયાન ગાવામાં આવેલાં ગીતોથી સ્પષ્ટ થયું કે હવે બળવાના સૂર સ્પષ્ટ ઊઠવા માંડ્યા છે. તેમાં કોલ બળવાની પ્રશંસામાં-જે ઈ.સ. 1831-32માં થયો હતો - એક ગીત પણ ગાવામાં આવ્યું હતું. ઈ.સ. 1898-99માં મુંડાઓની અનેક રાત્રિ-સભાઓ આયોજિત થવા માંડી હતી. આ સભાઓમાં બિરસા મુંડા ઠેકેદારો, જાગીરદારો, રાજાઓ, હાકેમો અને ઈસાઈઓને મારી નાંખવાની વાત કહેતા અને એ પણ કહેતા કે (દુશ્મનની) બંદૂકો અને ગોળીઓ પાણી બની જશે. 'બ્રિટિશ રાજનાં પૂતળાં જલાવવામાં આવતા અને મુંડા લોકો ખૂબ ઉત્સાહપૂર્વક ઘૃણાના આ ગીતથી આકર્ષિત થતા :

'કટોંગ બાબા કટોંગ
સાહેબ કટોંગ કટોંગ, રારી કટોંગ કટોંગ...'

(કાપો બાબા કાપો ! યુરોપિયનોને કાપો ! અન્ય જાતિઓને કાપો...)[4] (સરકાર, પૃ. 65)

આ એક એવો સમય હતો કે બિરસા મુંડા ન તો મુંડા સરદારોને છોડી શકે તેમ હતા અને ન તો મુંડા

સરદારો બિરસા મુંડાને. આથી બિરસા મુંડાએ 24 ડિસેમ્બર 1899માં મુંડાઓને તીર મારવાની છૂટ આપી. તેમને પણ અંદાજ હતો અને મુંડા સરદારોને પણ કહ્યું હતું કે આમ કરવાથી બ્રિટિશ શાસનનું ધ્યાન આપણી માંગણીઓ પરત્વે દોરવા માટે પૂરતું થશે.

પૂર્વઆયોજિત યોજના મુજબ મુંડાઓનાં ટોળાં-ટોળાંએ નાચતા-ગાતા સરવદા મુરહૂ અને બુરજૂ ગિરજાઘરો (ચર્ચ) અને ખુંટીથાણા પર આક્રમણ કરી દીધું. કેટલાક અન્ય સ્થળો પર પણ આક્રમણ કર્યું. આ સંઘર્ષમાં કેટલાક લોકો માર્યા ગયા. 27 ડિસેમ્બરના રોજ ત્રણ લોકોને, આ પછી 6 જાન્યુઆરી 1900ના રોજ ઇંટકાડીહમાં બે પોલીસને અને 7 જાન્યુઆરીએ ખુંટીમાં એક પોલીસવાળાને મારી નાંખવામાં આવ્યો. કેટલાંક ઘરોને આગ લગાડવામાં આવી.

8 જાન્યુઆરી 1900ના રોજ નાગપુર પોલીસ વડા, ઉપવડા તથા કેટલાક અન્ય અધિકારી લશ્કરની બે ટુકડીઓ સાથે ખુંટી પહોંચ્યા. મુંડા લોકો પણ સરવદાની હાર પછી પત્ની, બાળકો સાથે સેલરકાવ પહાડી (ડોમ્બારી)માં એકઠા થયા હતાં. જ્યારે અધિકારીઓ દ્વારા તેમને હથિયારો નાંખી દેવા કહેવામાં આવ્યું, તો મુંડા લોકોએ તેમને છોટાનાગપુર તેમને હવાલે કરીને ચાલ્યા જવા કહ્યું. આ બાબત પર પ્રતિ આક્રમણ થયું. જવાબી કાર્યવાહીમાં મુંડા લોકોએ પણ ધનુષ બાણનો ઉપયોગ કર્યો. એક બાજુ આધુનિક બંદૂકો હતી અને બીજી બાજુ ધનુષ-બાણ, ડાંગી, તલવાર વગેરે હતાં. મુંડા લોકો વધુ સમય માટે મુકાબલો ન કરી શક્યા. વીસ (20) જેટલા લોકોનાં મૃત્યુ થયાં. મુંચી રાય તિરુ આ સંખ્યા બસ્સો(200)ની ગણાવે છે. કહેવાય છે કે આખી પહાડી લાશોથી ભરાઈ ગઈ હતી. જલિયાંવાલા બાગ જેવો હત્યાકાંડ ડોમ્બારી પહાડી પર ખેલાયો હતો. અંગ્રેજી લશ્કરે અનેક મૃતલોકોને ઉઠાવી-ઉઠાવીને ખાડીમાં ફેંકી દીધા. કેટલાય ઘાયલ મુંડાઓને જીવતા જ દફનાવી દેવામાં આવ્યા. 'સ્ટેટ્સમૅન'ના 25 માર્ચ, 1900ના અંકમાં 400 આદિવાસીઓ માર્યા ગયા હતા તેવો ઉલ્લેખ જોવા મળે છે.'[5] (ambedkaritetoday. com) આ પ્રતિઆક્રમણ 25 જાન્યુઆરી, 1900ના રોજ સમાપ્ત થઈ ગયું. તત્કાલીન સમયે ડોમ્બારી પહાડી મૃત 'લાશોની પહાડી' તરીકે પ્રચલિત બની હતી.

બ્રિટિશ સરકાર બિરસા મુંડાને પકડવા ઇચ્છતી હતી. પણ બિરસા મુંડા પકડમાં આવ્યા ન હતા. સરકાર તેમને પકડવા બેબાકળી બની હતી. માહિતી કે સૂચના આપનારને 500 રૂપિયાના ઇનામની ઘોષણા કરી હતી. બિરસા મુંડા ચક્રધરપૂરના જંગલમાં બે મહિલા રક્ષકો સાથે છુપાઈને રહેતા હતા. ત્યાંથી તેઓ 3 માર્ચ, 1900ના રોજ પકડાઈ ગયા અને રાંચી જેલમાં લઈ જવામાં આવ્યા. જ્યારે તેમના પર કેસ ચાલી રહ્યો હતો એ દરમિયાન 9 જૂન, 1900ના દિવસે લગભગ 25 વર્ષની વયે કોલેરાથી તેમનું મૃત્યુ થયું હતું. પણ શું બિરસા મુંડાનું મૃત્યુ કોલેરાથી થયું હતું ? કેટલાક લોકોનું કહેવું છે કે તેમને ઝેર આપીને મારી નાંખવામાં આવ્યા હતા. જેલની કાળ કોઠરીમાં બંધ બિરસા મુંડા સરકાર માટે માથાનો દુઃખાવો હતા. આ સ્થિતિમાં સરકારી અધિકારીઓએ પોતાના માર્ગમાંથી અંતરાયરૂપ બિરસા મુંડાને હટાવી દેવાનું જ યોગ્ય માન્યું હશે.

બિરસા મુંડાની શહાદતે તત્કાલીન સમયે સારો એવો વંટોળ ઊભો કર્યો હતો અને આદિવાસીઓના અધિકારો પરત્વે સરકારનું લક્ષ્ય જરૂર ખેંચ્યું હતું. આ સમયના કલકત્તાથી પ્રકાશિત થતાં અખબારો જેવાં કે 'સ્ટેટ્સમૅન', 'ઇંગ્લિશમૅન' અને 'પયોનિયર' વગેરેએ મુંડા લોકોના પ્રશ્નોને જોર-શોરથી ઉઠાવ્યા. સર સુરેન્દ્રનાથ બેનર્જીએ આ પ્રશ્નને સંસદમાં ઉઠાવ્યો. સરકારને કહ્યું કે મુંડા લોકોના વિરુદ્ધ પ્રતિ આક્રમણમાં 400 વ્યક્તિઓ મારી ગઈ છે. મુંડાઓ પોતાના જમીન અને જંગલ અધિકારો માટે લડી રહ્યા હતા. કેટલાંય વર્ષોથી તેમની માંગણી હતી કે જળ, જમીન અને જંગલ પર તેમનો અધિકાર સ્થપાય. આ ઘટનાનો પ્રતિઘોષ ઈ.સ. 1895માં બંગાળના તત્કાલીન લેફ્ટેનંટ ગવર્નરની વાતમાં પણ જોવા મળે છે. જેમાં તેમણે કહ્યું હતું કે

શિમલામાં સ્થિત બ્રિટિશ કાર્યાલયને વારંવાર બતાવવું પડે છે કે આપણે દારૂગોળાના ભંડાર પર બેઠા છીએ. છોટાનાગપુરના કમિશનર મિ. ફૌરવિસે તત્કાલીન મુંડાઓની સમસ્યાના સંબંધમાં કહ્યું હતું, 'કહાની સો વર્ષ જૂની છે. તે આજે પણ એવી જ છે અને ભવિષ્યમાં પણ એવી જ બની રહેશે. જ્યાં સુધી જમીન અને જંગલમાં મુંડાઓના અધિકારોના સંબંધમાં સર્વેક્ષણ કરવામાં નહીં આવે અને વેઠ-પ્રથા સમાપ્ત કરવામાં નહીં આવે.'

ઈ.સ. 1902માં જે સર્વેક્ષણ (survey) શરૂ કરવામાં આવ્યું તેનો અહેવાલ ઈ.સ. 1912માં સરકારને સોંપવામાં આવ્યો. તેનાથી ખ્યાલ આવે છે કે તેના પૂર્વે 100 વર્ષો સુધી જે વિદ્રોહો થયા, તેનું મુખ્ય કારણ જમીન સાથે સંકળાયેલું હતું. તેનાથી ખબર પડે છે કે કેવી રીતે જમીનદારોએ મુંડા લોકોના અધિકારોને દબાવીને રાખ્યા હતા. આ સર્વેક્ષણના આધારે જે ગણોતિયા/ખેડૂત કાયદા બન્યા. તેમાં ખુંટકટ્ટી વ્યવસ્થાને માન્યતા આપવામાં આવી, જે મુંડા લોકોની જ માંગણી હતી.

**બિરસા ધર્મની વિશેષતાઓ :**

બિરસા મુંડાનું વ્યક્તિત્વ અનોખું અને સાહસિક હતું અને તેથી જ તેઓ એક 'બિરસા ધર્મ'ના પ્રવર્તક બન્યા. 1895માં તેણે એક નવો મત ચલાવવાનો નિશ્ચય કર્યો અને પોતાના સમર્થકોને સિંગ બોંગાની પૂજા કરવાની સલાહ આપી. તેણે પોતાના સમર્થકોને સ્વચ્છતા, શુદ્ધ નૈતિક જીવન જીવવા તથા માંસભક્ષણ ન કરવા પ્રેરિત કર્યા. બિરસા મુંડાએ પોતાના ધર્મમાં કેટલાક અન્ય ધર્મો જેવા કે ભારતીય ધર્મો, ખ્રિસ્તી ધર્મ તથા મુંડા લોકોના પારંપરિક ધર્મ 'સરણા'માંથી તત્ત્વ લીધાં હતાં. અહીંયાં એ નોંધવું ઘટે કે 'બિરસા ધર્મ'માં જો કોઈ વિશેષ તત્ત્વો દેખાતાં હોય તો તે બુદ્ધ ધર્મનાં હતાં. 'સરણ' શબ્દ બૌદ્ધ ધર્મ સાથે જોડાયેલ છે. 'સરણ'નો અર્થ થાય છે અનુસરણ. પ્રકૃતિના ધર્મનું અનુસરણ એ જ બુદ્ધ ધર્મ છે. તથાગત બુદ્ધના ધર્મમાં પ્રકૃતિધર્મની જ વાત છે. આદિવાસીઓ પણ પ્રકૃતિધર્મના પૂજકો છે. મોટાભાગની બૌદ્ધ ગુફાઓ, ચૈત્યો, બૌદ્ધ વિહારો આદિવાસી વિસ્તારોમાંથી પ્રાપ્ત થયાં છે. આ દર્શાવે છે કે આદિવાસીઓ પ્રકૃતિ-ધર્મની વાત કરનાર મહાકારુણિક બુદ્ધના અનુયાયી, વાહક, સમર્થક માનવધર્મના હિમાયતી હતા. મહાકારુણિક બુદ્ધ દ્વારા ઉપદિષ્ટ શાંતિ, પ્રેમ, મૈત્રી અને કરુણાની સ્પષ્ટ ઝલક 'બિરસા-ધર્મ'માં જોઈ શકાય છે. બૌદ્ધ ધર્મના 'પંચશીલ'ની અસર સ્પષ્ટપણે 'બિરસા-ધર્મ'માં વર્તાતી જોઈ શકાય છે. બૌદ્ધધર્મમાં 'પંચશીલ'નું અતિ મહત્ત્વ છે, જેમાં હિંસા ન કરવી, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, જૂઠું ન બોલવું તથા નશીલા પદાર્થોના સેવનથી વિરત રહેવા પર ભાર મુકાયો છે. એ જ પ્રમાણે 'બિરસા ધર્મ'માં પણ બૌદ્ધ ધર્મના 'પંચશીલ'નો જ ઉલ્લેખ જોવા મળે છે.

**બિરસા આંદોલનનો પ્રભાવ :**

બિરસા મુંડા જનક્રાંતિના પ્રતીક બની ચૂક્યા હતા. 25 વર્ષની ઉંમરે તો તેઓ આદિવાસીઓના જમીની અધિકારો માટે લડતાં લડતાં જેલમાં જ મૃત્યુ પામ્યા હતા. તેમની શહાદતે આદિવાસીઓમાં, વંચિત સમૂહોમાં સ્વ-અધિકારની લડત ચલાવવા જોમ અને ઉત્સાહ પૂરાં પાડ્યા હતાં. તેમના ઝંઝાવાતી સંઘર્ષના કારણે જ અંગ્રેજ સરકારને 1902થી 1910 સુધી 'જમીન સર્વેક્ષણ' તથા 'કાયમી બંદોબસ્ત' કરવાની ફરજ પડી, અને 1908માં 'છોટા નાગપુર ટેનેન્સી ઍક્ટ' પસાર કરવો પડ્યો. 'ખૂંટપટ્ટી'ના અધિકારોને માન્યતા આપવી પડી તથા બળજબરીપૂર્વક લેવામાં આવતી 'બેગાર પ્રથા' (વેઠપ્રથા) ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. જમીન પરના અધિકારો માટે મુંડાઓને કાનૂની સંરક્ષણ પ્રાપ્ત થયું. 'ડેપ્યુટી કમિશનરને સત્તા આપવામાં આવી કે તે મુંડા-ક્ષેત્રમાંથી બહારના લોકોને દૂર કરી શકે, જેમણે 'ખૂંટકટ્ટીદાર' ગામમાં જમીનો પ્રાપ્ત કરી હતી. ત્યાંના લોકોના હિત માટે જમીનો વેચવા અને અન્યના નામે ટ્રાન્સફર કરવા પર, ભાડા રસીદો અન્યના નામે કરવા પર પ્રતિબંધો ફરમાવવામાં આવ્યા.'[6] (સિંઘ, પૃ. 96) બિરસા મુંડાના

આંદોલનનો આ પ્રભાવ હતો.

બિરસા મુંડાના ટૂંકજીવી જીવન પરથી એટલું ચોક્કસ કહી શકાય છે કે તેઓ સ્વતંત્રતા, બંધુતા અને સમાનતાના આગ્રહી હતા. તેમનું સ્વાતંત્ર્ય આંદોલન એકીસાથે વિદેશી બ્રિટિશ હકૂમત સામે તેમજ દેશની શોષણવાદી જમીનદારી પ્રથા સામે હતું. સ્વતંત્રતાના આગ્રહી તેઓ છોટા નાગપુરમાં સમ્રાજ્ઞી વિક્ટોરિયાના રાજ્યની જગ્યાએ મુંડા રાજ્ય સ્થાપિત કરવા ઇચ્છતા હતા. આ પ્રકારનું રાજ્ય રાજકીય દૃષ્ટિથી જ નહિ બલ્કે આર્થિક, ધાર્મિક તથા સાંસ્કૃતિક દૃષ્ટિથી પણ સ્વતંત્ર હોત. તેઓ માનવ દ્વારા માનવના શોષણ વિરુદ્ધ હતા. આ જ કારણ હતું કે તેઓ દિકૂ જમીનદારો તથા ઠેકેદારોને છોટા નાગપુરમાંથી બહાર કાઢવા પ્રયત્નશીલ રહ્યા હતા. તેઓ અનેક દેવી-દેવતાઓ અને તેમની મૂર્તિઓની જગ્યાએ એક સિંગવોંગા ભગવાનની, જીવ બલિ નહીં પણ અરવા ચોખાથી પૂજા કરવાનો પ્રચાર કરતા હતા. સદ્‌માર્ગી જીવન અને સ્વતંત્રતાના હિમાયતી બિરસા પોતાના ઉદ્દેશ્યોને પૂર્ણ કરે તે પહેલાં જ માત્ર 25 વર્ષની ઉંમરે તેમનું મૃત્યુ 9 જૂન, 1900માં જેલમાં થયું હતું. સાચા અર્થમાં તેઓ આદિવાસી જનનાયક હતા. 15 નવેમ્બરે બિરસા મુંડાનો જન્મ થયો હતો. તેમની સ્મૃતિમાં 15મી નવેમ્બરને 'જનજાતિ ગૌરવ દિવસ' તરીકે જાહેર કરવામાં આવેલ છે. આજે પણ આદિવાસીઓના અધિકારો અને માનવઅધિકારોનું પ્રતિદિન હનન થઈ રહ્યું છે, ત્યારે બિરસા મુંડાના આંદોલનને વાગોળવું રહ્યું. આદિવાસી સમુદાયને તેમના જમીની અધિકારો જળવાઈ રહે, તેમની સ્વતંત્રતા પર તરાપ ન મુકાય તે જોવું રહ્યું. 'જનજાતિ ગૌરવ દિવસ'ની ઉજવણી સાથે ખરા અર્થમાં આદિવાસી પ્રજાની સાથે ગૌરવપૂર્ણ વ્યવહાર થાય અને મનુષ્ય તરીકેના તેમના અધિકારો, હકો સુરક્ષિત રહે એવા સાર્થક પ્રયાસો કરવા જરૂરી છે. બાકી 'ઉલગુલાન' (હયાતીનો સંઘર્ષ) 'ધરતી આબા'(પૃથ્વીના પિતા)નું આંદોલન ચલાવનાર અનેક બિરસાનો જન્મ પામતા રહેશે અને પોતાની અસ્તિત્વનું યુદ્ધ લડતા રહેશે.

**સંદર્ભ :**


1. સુમિત સરકાર, આધુનિક ભારત 1885-1947, રાજકમલ પ્રકાશન, નયી દિલ્લી, 1992
2. બિપિનચંદ્ર, ભારત કા સ્વતંત્રતા સંઘર્ષ, હિન્દી માધ્યમ કાર્યાન્વય નિદેશાલય, દિલ્લી વિશ્વ વિદ્યાલય, દિલ્લી, પ્રથમ આવૃત્તિ 1990
3. પી. એલ. ગૌતમ, આધુનિક ભારત, રાજકમલ પ્રકાશન, નયી દિલ્લી, 1998
4. સુમિત સરકાર, આધુનિક ભારત 1885-1947, રાજકમલ પ્રકાશન, નયી દિલ્લી, 1992
5. https://www.ambedkaritetoday.com/2019/11/about-birsa-munda-biography-life-history.html
6. Singh, k.s., Birsa Munda (1872-1900), National Book Trust, 2002


આપણી સંસ્કૃતિ, આપણા સંસ્કાર, આપણું સ્વરાજ, આપણી જરૂરિયાતો એટલે ભોગવિલાસ વધારવા પર નહીં, પણ આપણી જરૂરિયાતો મર્યાદિત કરવા પર એટલે આપભોગ પર આધાર રાખે છે.

અપરિગ્રહ અસ્તેયને લગતું ગણાય. જે મૂળમાં ચોરેલું નથી તે અનાવશ્યક એકઠું કરવાથી ચોરીના માલ જેવું થઈ જાય છે. પરિગ્રહ એટલે સંચય અથવા એકઠું કરવું. સત્યશોધક, અહિંસક પરિગ્રહ ન કરી શકે. પરમાત્મા પરિગ્રહ કરતો નથી. તેને 'જોઈતી' વસ્તુ તે રોજ પેદા કરે છે. એટલે જો આપણે તેના પર વિશ્વાસ રાખીએ તો સમજીએ કે આપણને જોઈતી વસ્તુ તે રોજની રોજ આપે છે, આપશે.

- ગાંધીજી

# વિચરતી અને વિમુક્ત જાતિઓની ઉત્પત્તિ : કાયદા, નીતિઓ અને અન્ય પરિબળો

– ડૉ. ભલુ શેખ*

**પ્રસ્તાવના :**

વિચરતી જાતિઓનો ઉદ્ભવ ક્યારે અને કયા સંજોગોમાં થયો તે માટે જુદાં જુદાં મંતવ્યો જોવા મળે છે, જેમાં લૂંટફાટ અથવા રાજ્ય કબજે કરવા માટેનું આક્રમણ, ધર્માંતર કે ધર્મના ફેલાવા માટેનું આક્રમણ, કુદરતી આફત, ઔદ્યોગિકીકરણ તેમજ અન્ય કારણોનો સમાવેશ થાય છે. વિમુક્ત (ગુનેગાર) જાતિઓની ઉત્પત્તિ માટે સમાજના ઉપલા વર્ગો અને સત્તાતંત્રની કૂટનીતિઓ જવાબદાર પરિબળો તરીકે જોવા મળે છે. આ પરિબળોમાં દેશી રજવાડાંઓ દ્વારા પોતાનો રાજ્યવિસ્તાર વધારવા કે દુશ્મન રાજ્યો પર હુમલાઓ કરીને આતંક ફેલાવવા માટે કેટલીક લડાયક અને બહાદુર કોમોને હંગામી લશ્કરના રૂપમાં પોષવામાં, પ્રેરવામાં આવતી હતી. એ જ લડાયક અને બહાદુર જાતિઓને તાબે કરવા અને વન્ય સંપ્રદાયના અમૂલ્ય ભંડારો પર કબજો મેળવવા માટે અસંખ્ય બહાદુર કોમોને વિવિધ કાયદાઓ કે નીતિઓ દ્વારા અંગ્રેજ સરકારે દેશી રાજ્યોનું સમર્થન મેળવીને ગુનેગાર ઠરાવીને અમાનવીય પરિસ્થિતિમાં ધકેલી દીધી. વિમુક્ત અને વિચરતી જાતિઓનો ઇતિહાસ અતુલ્ય કલા-કારીગરી, સાહસ, સમર્પણ, નિષ્ઠા અને વીરતાથી ભરેલો છે. જે આપણને છેલ્લા કેટલાક દાયકાઓથી શરૂ થયેલા સબાલ્ટર્ન (નિમ્નવર્ગના શોષિત લોકસમૂહો) અભ્યાસોમાંનાં લખાણોમાં જાણવા મળે છે. હાલમાં સરકારે આ જાતિઓને OBC (SEBC)SC/STમાં વર્ગીકૃત કરેલી છે. વિમુક્ત (ગુનેગાર) અને વિચરતી જાતિઓની ઉત્પત્તિ માટે જવાબદાર સરકારી કાયદાઓ, નીતિઓ અને પરિબળો અંગે વિગતવાર જોઈએ તે પહેલાં વિચરતી અને વિમુક્ત જાતિઓનો અર્થ અને તેઓની વસ્તી અંગે પરિચય મેળવીએ.

**2. વિચરતી અને વિમુક્ત જાતિનો અર્થ અને વ્યાખ્યાઓ :**

**2.1 વિચરતી જાતિ એટલે શું ?**

રોજીરોટી માટે સમગ્ર કુટુંબ-કબીલા સાથે સતત પરિભ્રમણ કરનારી જાતિઓને વિચરતી જાતિઓ તરીકે ઓળખવામાં આવે છે. વિચરતી જાતિઓ ભૂતકાળમાં સમાજનું એક અનોખું અને વિશિષ્ટ અંગ સમાન હતી. સમાજમાં તેઓના મહત્ત્વની દૃષ્ટિએ તેમને મુખ્ય બે વર્ગોમાં વહેંચી શકાય. જેમાં એક સમાજનું મનોરંજન કરનારો વર્ગ અને બીજો સમાજને સેવા પૂરી પાડવાનું કામ કરતો હતો. આ દરેક સમુદાયો પોતાનાં અલગ અલગ કૌશલ્યો આધારિત વ્યવસાયો માટે જીવનપર્યંત રઝળપાટ કરતા રહેતા હતા. મનોરંજન કરનારા દરેક સમુદાયો જૂથોમાં વહેંચાઈને અલગ અલગ વિસ્તારો વહેંચી લેતા હતા. આ સમુદાયો અવનવા ખેલ અને કાર્યક્રમો દ્વારા વિવિધ લોકસમુદાયોમાં આનંદ અને નવી ચેતના ઉજાગર કરીને સુખેથી પોતાની રોજી-રોટી મેળવતા હતા. સમાજને મનોરંજન પૂરું પાડનારા સમુદાયોમાં ભવૈયા, નટ, બજાણિયા, ભાંડ, વાદી, મદારી, નાથ, ભરથરી, તુરી વગેરેનો સમાવેશ થાય છે.

વિચરતા સમુદાયોનો બીજો વર્ગ સમાજને વિવિધ સેવાઓ પૂરી પાડવાનાં કામોમાં જોડાયેલો હતો. જેમાં વાંસફોડા, કાંગસિયા, સરાણિયા, ગાડલિયા, દેવીપૂજક (વાઘરી), ઘંટીયા, સલાટઘેરા, ચામઠા, રાવળ મુખ્ય છે. ગાડલિયા, દેવીપૂજક (વાઘરી) તથા કેટલાક સરાણિયા ખેડૂતોને ખેતીકામમાં જોઈતા બળદ તથા લોખંડનાં ઓજારો પૂરાં પાડવાનું કામ કરતા હતા. સરાણિયા ઘરકામમાં વપરાતા છરી-ચપ્પાં, દાતરડાં વગેરેની ધાર

* લેખક ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, ગાંધીનગર ખાતે સંશોધન મદદનીશ તથા વિભાગીય વિશ્લેષણ સમિતિ ગાંધીનગર-૧, ગાંધીનગર અને વિભાગીય વિશ્લેષણ સમિતિ, વડોદરા ખાતે સંશોધન અધિકારી (ઈ.ચા.) તરીકે કાર્યરત છે.

કાઢવાનું કામ પણ કરતા હતા. કાંગસિયા સીસમના લાકડામાંથી કાંસકી બનાવીને ગામેગામ ફરીને વેચતા હતા. વણઝારા અને રાવળ ગધેડા પર મીઠું ભરીને ગામેગામ પહોંચાડતા હતા. લુહાર ગામેગામ જઈને લોખંડનાં ઓજારો અને વાસણો રિપેર કરતા હતા. વાંસફોડા વાંસમાંથી સૂંડલા, ટોપલાં બનાવવાનું કામ કરતા, જ્યારે ઘંટિયા તથા ચામઠા ઘંટી ટાંકવાનું તથા વેચવાનું કામ કરતા હતા. આ ઉપરાંત રાજા-રજવાડાના સમયમાં યુદ્ધો વખતે લશ્કરી કાફલા કે ખાસ પ્રકારના સંઘના કાફલા સાથે ઘોડા, હથિયાર અને ગાડાંઓની મરામત માટે વિચરતા સમુદાયના લોકો રહેતા હતા. ટૂંકમાં વિચરતા સમુદાયોએ સમાજમાં ખાસ પ્રકારની કલા-કૌશલ્ય આધારિત કામગીરી અને વિશિષ્ટ જરૂરિયાતો સંતોષવાનું કામ કર્યું છે (પટેલ, મ. 2010).

### 2.2 વિચરતી જાતિની વ્યાખ્યા

ભારત સરકાર દ્વારા વર્ષ 2006માં નીમવામાં આવેલા વિમુક્ત, વિચરતી, અર્ધવિચરતી જનજાતિ તકનીકી સલાહકાર જૂથની ભલામણોના અહેવાલમાં વિચરતી અને અર્ધવિચરતી જાતિઓની કરવામાં આવેલ વ્યાખ્યા આ મુજબ છે (TAG Report, 2006).

1. ભારત સરકારના અધિકૃત ઉપયોગ માટે વિચરતી કે અર્ધવિચરતી (Nomadic Or Semi-nomadic) જાતિઓની સ્પષ્ટ વ્યાખ્યા અસ્તિત્વમાં નથી. વિચરતી જાતિઓની વિશ્વસનીય યાદી 1931ની ભારતની વસતિગણતરીના સ્રોતમાંથી સંપાદિત થયેલ જોવા મળે છે.
2. 1931ની વસતિગણતરીમાં જે કોઈ જાતિઓ કે સમુદાયોનો સમાવેશ વિચરતી કે અર્ધવિચરતી (Nomadic Or Semi-nomadic) જાતિઓ તરીકે કરવામાં આવતો હોય તે તમામ જાતિઓને ભારત સરકારના હેતુ માટે વિચરતી જાતિ (Nomadic Tribes) તરીકે ગણવામાં આવશે. ભારતના કોઈ પણ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં જે કોઈ વિચરતી કે અર્ધવિચરતી જાતિઓને માન્યતા અપાઈ હોય તે તમામ જાતિઓને ભારતના હેતુ માટે સમગ્ર ભારતમાં તે પ્રમાણે જ એકસમાન રૂપે માન્યતા આપવાની રહેશે.
3. ભવિષ્યની કોઈ વસતિગણતરી દરમિયાન કોઈ એવા સમુદાયોની આજીવિકાની તરાહ વિચરતી કે અર્ધવિચરતી જાતિ જેવી હોવા અંગે ધ્યાન દોરવામાં આવે તો તેવા સમુદાયોને યોગ્ય ચકાસણી કરીને તેમને વિચરતી જાતિઓમાં સમાવેશ કરવા માટે વિચારણા કરવાની રહેશે.

આમ, ઉપરોક્ત રીતે 2006માં વિમુક્ત-વિચરતી-અર્ધવિચરતી જનજાતિઓ માટેના કેન્દ્ર સરકારે નીમેલા તકનીકી સલાહકાર જૂથ દ્વારા આ જાતિઓની આખા દેશમાં લાગુ પડે તેવી વ્યાખ્યા કરવામાં આવી હતી.

### 2.3 વિમુક્ત જાતિઓ એટલે શું ?

આપણે ત્યાં વિચરતા-વિમુક્ત સમુદાયોનો ઉલ્લેખ એકસાથે કરવામાં આવે છે અને સરકારી વ્યવસ્થામાં પણ તેઓને એક વર્ગમાં સાથે સામેલ કરવામાં આવેલ હોઈ વિચરતી જાતિઓની સાથે અહીં વિમુક્ત જાતિઓનો ખ્યાલ પણ આપવો જરૂરી છે. ગુજરાતમાં હાલ 12 જેટલા વિમુક્ત સમુદાયો વસવાટ કરે છે (નિયામક વિ. વિ., 2023). રાજાશાહી સમયે નાનાં રજવાડાંઓ મોટાં રજવાડાંને પોતાની તાકાતથી જીતવાની ક્ષમતા ધરાવતા ન હતા. આથી તેઓ ડફેર, મિયાણા, સંધી, વાઘેર જેવા સમુદાયોનો કેટલીક લાલચો આપીને ઉપયોગ કરતા હતા. તેઓ આ સમુદાયો થકી મોટા રજવાડામાં ચોરી, લૂંટફાટ દ્વારા પ્રજામાં આતંક તથા અસંતોષનું વાતાવરણ ઊભું કરતા હતા. આ સમયે તકનો લાભ ઉઠાવી નાનાં રજવાડાંનું સૈન્ય હુમલો કરી કંટાળેલી પ્રજાનો સાથ-સહકાર મેળવી મોટાં રજવાડાને હરાવતું અથવા કેટલોક વિસ્તાર જીતી લેતું હતું (પટેલ, મ. 2010).

અંગ્રેજકાળ દરમિયાન સમગ્ર ભારત દેશ અંગ્રેજોની ગુલામી હેઠળ આવતા તમામ દેશી રાજાઓ અંગ્રેજોના ખંડિયા (કરાર મુજબ ખંડણી કે ગુલામી વેરો ભરે તે) રાજાઓ બની ગયા. આ સાથે સમગ્ર દેશમાં અંગ્રેજ

હકૂમતના રાજ્ય વહીવટ અંગેના કેટલાક એકસરખા નિયમો આવ્યા. અંગ્રેજોના તાબા નીચે રહેવાથી રાજાઓએ મોટાં સૈન્યો ઘટાડીને કેટલાક વફાદાર અને જરૂર પૂરતા સૈનિકોને રાખી બાકીનાનું યોગ્ય ધંધામાં પુનઃવસન કર્યું. પરંતુ જે સૈન્ય કામચલાઉ હતું તેના માટે કશું જ વિચારાયું નહીં. આ સ્થિતિમાં સૈનિક પ્રવૃત્તિ વડે પેટગુજારો કરવાવાળા સમુદાયો રઝળી પડ્યા. તેમના કોઈ માલિક ન રહ્યા. આથી તેઓ રોજીરોટીની શોધમાં સાનુકૂળ વિસ્તારોમાં વિખેરાઈ ગયા.

બીજા એક મત મુજબ ભારતમાં અનેક બહાદુર અને લડાયક કોમો અંગ્રેજોને તાબે થતી ન હતી. આથી અંગ્રેજોએ સમગ્ર દેશમાં પોતાની હકૂમત સ્થાપવામાં જે જે કોમો શરણે થતી ન હતી તે તમામને છળકપટથી તાબે કરવા માટે દેશનાં પ્રમુખ રજવાડાંઓને વિશ્વાસમાં લઈને તેઓને ગુનેગાર કોમો તરીકે જાહેર કરી દીધી હતી. અંગ્રેજ સરકારે આ તકનો લાભ ઉઠાવીને ઈ.સ. 1871માં અમલમાં મૂકેલ અપરાધી જનજાતિ અધિનિયમ (Criminal Tribes Act, 1871) હેઠળ સમગ્ર દેશમાંથી 198 જેટલા સમુદાયોને જન્મજાત ગુનેગાર જાતિ તરીકે જાહેર કર્યા હતા (Rathod, M., 2000). આ કાયદા અંતર્ગત આ સમુદાયોમાં જન્મનાર નાનું બાળક પણ જન્મજાત ગુનેગાર ગણાતું હતું. આ સમુદાયના દરેક પુખ્ત વયની વ્યક્તિઓએ દરરોજ દિવસના ચોક્કસ સમયે નજીકની પોલીસચોકીમાં હાજરી પુરાવવા જવું પડતું હતું. આ ઉપરાંત ક્યારેક તેમના પર સતત દેખરેખ માટે તેમને નજરકેદ એટલે કે પશુની માફક તાર ફેન્સિંગથી બંધ વાડામાં પૂરી રાખવામાં આવતા હતા.

આ કાયદાનો એ સમયે પણ વિરોધ થયો હતો કારણ કે ગુનો આચરનાર વ્યક્તિ અપરાધી હોઈ શકે. પરંતુ અમુક વ્યક્તિઓને આધારે સમગ્ર જાતિને અપરાધી જાતિ જાહેર કરવાનું કાર્ય અમાનવીય ગણાય. આ પરિસ્થિતિ છેક 1952 સુધી ચાલતી રહી. આ સમુદાયોને સુધારાલક્ષી વાતાવરણ ઊભું કરવા તેમજ તેઓને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવાના હેતુથી 1952માં ભારત સરકાર દ્વારા હેબિચ્યુઅલ ઓફેન્ડર્સ ઍક્ટ, 1952 અમલમાં આવતાં ભારત સરકારે અપરાધી જનજાતિ અધિનિયમ, 1871 રદ કરીને તેઓને મુક્ત કરવામાં આવ્યા અને સરકારી દફતરમાંથી જન્મજાત ગુનેગાર તરીકે મુક્ત કરી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા. તે સમુદાયો આજે વિમુક્ત (De-Notified) સમુદાયો તરીકે ઓળખાય છે.

### 2.4 વિમુક્ત જાતિઓની વ્યાખ્યા

ભારત સરકાર દ્વારા વર્ષ 2006માં નીમવામાં આવેલ વિમુક્ત, વિચરતી, અર્ધવિચરતી જનજાતિ તકનીકી સલાહકાર જૂથની ભલામણોના અહેવાલમાં વિમુક્ત જાતિઓની કરવામાં આવેલ વ્યાખ્યા આ મુજબ છે (TAG Report, 2006).

1. જેમ અનુસૂચિત જનજાતિઓ માટેની કે અનુસૂચિત જાતિઓ માટેની અનુસૂચિ છે, તે પ્રમાણે સંસ્થાનવાદના સમયગાળા દરમિયાન શ્રેણીબદ્ધ ગુનાહિત જાતિઓ સંબંધિત કાનૂનોમાં જે જાતિઓને ગુનેગાર તરીકે નિર્દિષ્ટ કરેલ છે તેવી જાતિઓની યાદી દર્શાવતી કોઈ અનુસૂચિ નથી. આમાંની કેટલીક જાતિઓને અનુસૂચિત જનજાતિઓ તરીકે, કેટલીકને અનુસૂચિત જાતિઓ નીચે તો અન્ય કેટલીક જાતિઓને અન્ય પછાત વર્ગોમાં સ્થાન મળ્યું છે. તો વળી કેટલીક જાતિઓ તો આ તમામ યાદીઓમાંથી પણ બાકાત રહી ગઈ છે.
2. ભારતની તમામ વિમુક્ત જાતિઓ, તમામ સમુદાયો અથવા તેવા સમુદાયના અંશો જેમને ક્રિમિનલ ટ્રાઈબ્સ અધિનિયમ, 1871 લાગુ કરીને ભારતના કોઈ પણ સંસ્થાનમાં બનાવેલ ગુનાહિત જાતિઓ સંબંધિત કાનૂનોમાં 1950ના દસકા સુધી ગણાતી ગુનેગાર જાતિઓ તેમનું હાલનું ભૌગોલિક સ્થાન જે કોઈ હોય તેને ધ્યાનમાં લીધા વિના સમગ્ર ભારતભરમાં તેમને વિમુક્ત જાતિ તરીકે ગણવાની છે.
3. વિમુક્ત જાતિઓની સૌથી અધિકૃત યાદી ભારત સરકારના ઠરાવ નં. 22/1/49-પોલીસ-I, તા.28-

9-49થી નિમાયેલી આયંગાર સમિતિના અહેવાલના પાના નંબર 257થી 262 પર ભારત સરકાર માટે તૈયાર કરવામાં આવી હતી. આયંગાર સમિતિના અહેવાલની અંદરની યાદીમાં જે સમુદાયો અથવા જાતિઓનાં નામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો તે તમામ જાતિઓ કે સમુદાયો જેમને આયંગાર સમિતિની નિયુક્તિ પહેલાં ગુનેગાર જાતિ તરીકે નિર્દિષ્ટ કરવામાં આવેલ હોઈ તે તમામને વિમુક્ત જાતિ તરીકે ગણવાની છે.

આમ, ઉપરોક્ત રીતે 2006માં વિમુક્ત-વિચરતી-અર્ધવિચરતી જનજાતિઓ માટેના કેન્દ્ર સરકારે નીમેલા તકનીકી સલાહકાર જૂથ દ્વારા આ જાતિઓની આખા દેશમાં લાગુ પડે તેવી વ્યાખ્યા કરવામાં આવી હતી.

## 3. ગુજરાત અને ભારતમાં વસવાટ કરતી વિચરતી-વિમુક્ત જાતિઓ :

**ગુજરાતમાં વસવાટ કરતી 28 વિચરતી જાતિઓ અને તેના પર્યાય શબ્દો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | જાતિનું નામ | પર્યાય શબ્દ | OBC (SEBC)/SC/ ST વર્ગમાં સમાવેશ |
|---|---|---|---|
| 1. | બજાણિયા | બાજીગર, નટ-બજાણિયા, નટ, નટડા | OBC (SEBC) |
| 2. | ભાંડ | - | OBC (SEBC) |
| 3. | ગારૂડી | - | SC |
| 4. | કાથોડી | કતકરી | ST |
| 5. | નાથ | ભરથરી, નાથ બાવા | OBC (SEBC) |
| 6. | કોટવાળિયા | - | ST |
| 7. | તુરી | - | SC |
| 8. | વિટોળિયા | - | ST |
| 9. | વાદી | જોગી વાદી, મદારી | OBC (SEBC) |
| 10. | વાંસફોડા | - | OBC (SEBC) |
| 11. | બાવા-વૈરાગી | - | OBC (SEBC) |
| 12. | ભવૈયા | તરગાળા, નાયક, ભવાયા, ભોજક | OBC (SEBC) |
| 13. | ગરો | ગરોડા | SC |
| 14. | મારવાડા વાઘરી | મારવાડા, બાવરી | OBC (SEBC) |
| 15. | ઓડ | - | OBC (SEBC) |
| 16. | પારધી | પારાધી | OBC (SEBC) / ST |
| 17. | રાવળિયા | રાવળ, રાવળ યોગી | OBC (SEBC) |
| 18. | સિકલીગર | - | OBC (SEBC) |
| 19. | સરાણિયા | - | OBC (SEBC) |

| | | | |
|---|---|---|---|
| 20. | વણઝારા (શિનાંગવાળા અને કાંગસીવાળા) | વણઝારા | OBC (SEBC) |
| 21. | જોગી | - | OBC (SEBC) |
| 22. | ભોપા | - | OBC (SEBC) |
| 23. | ગાડલિયા | ગાડી લુહારિયા, લુવારિયા, લુહારિયા | OBC (SEBC) |
| 24. | કાંગસિયા | - | OBC (SEBC) |
| 25. | ઘંટિયા | - | OBC (SEBC) |
| 26. | ચામઠા | નટડા | OBC (SEBC) |
| 27. | ચારણ-ગઢવી (ફક્ત જૂના વડોદરા રાજ્ય પ્રદેશના) | - | OBC (SEBC) |
| 28. | સલાટ ઘેરા | - | OBC (SEBC) |

સ્રોત : http://sje.gujarat.gov.in/ddcw વિચરતી જાતિઓની યાદી., વિચરતી-વિમુક્ત જાતિઓને પ્રમાણપત્ર આપવા બાબત

**ગુજરાતમાં વસવાટ કરતી 12 વિમુક્ત જાતિઓ અને તેના પર્યાય શબ્દો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | જાતિનું નામ | પર્યાય શબ્દ | OBC (SEBC)/SC/ ST વર્ગમાં સમાવેશ |
|---|---|---|---|
| 1. | બાફણ (મુસ્લિમ) | - | OBC (SEBC) |
| 2. | છારા | સાણસિયા, આડોડિયા | OBC (SEBC) |
| 3. | ડફેર (હિન્દુ-મુસ્લિમ) | - | OBC (SEBC) |
| 4. | હિંગોરા | - | OBC (SEBC) |
| 5. | મે | મેતા | OBC (SEBC) |
| 6. | મિયાણા | કાકડ, કિન્યા | OBC (SEBC) |
| 7. | સંધિ (મુસ્લિમ) | - | OBC (SEBC) |
| 8. | ઠેબા (મુસ્લિમ) | - | OBC (SEBC) |
| 9. | વાઘેર | - | OBC (SEBC) |
| 10. | વાઘરી | - | OBC (SEBC) |
| 11. | ચુંવાળિયા કોળી | - | OBC (SEBC) |
| 12. | કોળી (માત્ર કચ્છ જિલ્લાના રાપર અને ભચાઉ તાલુકામાં) | - | OBC (SEBC) |

સ્રોત : http://sje.gujarat.gov.in/ddcw (વિમુક્ત જાતિઓની યાદી),
http://sje.gujarat.gov.in/ddcw (વિચરતી-વિમુક્ત જાતિઓને પ્રમાણપત્ર આપવા બાબત)

## ભારતમાં રાજ્યવાર વિમુક્ત, વિચરતી અને અર્ધવિચરતી જાતિઓની સંખ્યા

| ક્રમ | રાજ્ય/સંઘ પ્રદેશ | વિમુક્ત જાતિઓ | વિચરતી જાતિઓ | અર્ધવિચરતી જાતિઓ | ચકાસવા લાયક જાતિઓ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | DNT | NT | |
| 1. | આંદામાન અને નિકોબાર | 01 | 06 | - | - | - | 07 |
| 2. | આંધ્રપ્રદેશ | 32 | 42 | - | 9 | 7 | 90 |
| 3. | અરુણાચલપ્રદેશ | - | 6 | - | - | - | 06 |
| 4. | આસામ | - | 14 | - | - | - | 14 |
| 5. | બિહાર | 7 | 64 | - | - | - | 71 |
| 6. | ચંદીગઢ | 2 | 31 | - | - | - | 33 |
| 7. | છત્તીસગઢ | 8 | 22 | - | - | - | 30 |
| 8. | દાદરા અને નગરહવેલી | - | - | - | - | 4 | 04 |
| 9. | દમણ અને દીવ | - | 5 | - | - | - | 05 |
| 10. | દિલ્લી | 29 | 30 | - | - | - | 59 |
| 11. | ગોવા | - | 2 | - | - | - | 02 |
| 12. | ગુજરાત | 13 | 52 | - | - | 3 | 68 |
| 13. | હરિયાણા | 14 | 36 | - | - | 9 | 59 |
| 14. | હિમાચલપ્રદેશ | - | 40 | - | - | 8 | 48 |
| 15. | જમ્મુ અને કશ્મીર | 3 | 14 | - | - | - | 17 |
| 16. | ઝારખંડ | 8 | 43 | - | - | - | 51 |
| 17. | કર્ણાટક | 67 = DNT/NT/SNTની સંયુક્ત યાદી<br>13 = NTની ઉમેરેલ યાદી | | | | 13 | 93 |
| 18. | કેરાલા | 1 | 24 | 9 | - | - | 34 |
| 19. | લક્ષદ્વીપ | - | - | - | - | - | - |
| 20. | મધ્યપ્રદેશ | 26 | 61 | - | - | 1 | 88 |
| 21. | મહારાષ્ટ્ર | 14 | 42 | - | - | 2 | 58 |
| 22. | મણિપુર | - | - | - | - | 1 | 01 |
| 23. | મેઘાલય | - | 2 | - | - | - | 02 |
| 24. | મિઝોરમ | - | 2 | - | - | - | 02 |
| 25. | નાગાલૅન્ડ | - | - | 1 | - | - | 01 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 26. | ઓરિસા | 11 | 36 | - | - | - | 47 |
| 27. | પોંડિચેરી | - | 13 | - | - | - | 13 |
| 28. | પંજાબ | 16 | 21 | - | - | 4 | 41 |
| 29. | રાજસ્થાન | 14 | 38 | 15 | - | 4 | 71 |
| 30. | સિક્કીમ | - | 6 | 7 | - | - | 13 |
| 31. | તામિલનાડુ | 68 | 71 | - | - | - | 138 |
| 32. | તેલંગાણા | 36 = DNT/NT/SNTની સંયુક્ત યાદી | | | - | - | 36 |
| 33. | ત્રિપુરા | 15 | - | - | - | - | 15 |
| 34. | ઉત્તરપ્રદેશ | 42 | 42 | - | - | - | 84 |
| 35. | ઉત્તરાખંડ | 31 | 23 | - | - | - | 54 |
| 36. | પશ્ચિમબંગાળ | 7 | 36 | - | 2 | - | 45 |
| | **કુલ** | | | | | | **1,400** |

સ્રોત : રાષ્ટ્રીય વિમુક્ત, વિચરતી અને અર્ધવિચરતી જનજાતિ આયોગનો અહેવાલ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર, ૨૦૧૭ (નોંધ : ઉપર્યુક્ત કોષ્ટકમાં વિમુક્ત અને વિચરતી જાતિઓની સંખ્યામાં આયોગે જે-તે રાજ્યમાં નવી ઓળખ કરેલ જાતિઓને પણ ગણી લેવામાં આવેલ છે.)

આમ, ઉપરોક્ત રીતે ગુજરાત અને ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં વિમુક્ત, વિચરતી અને અર્ધવિચરતી જાતિઓ જોવા મળે છે. આજે પણ આ જાતિ અંગે દેશમાં વિસંગતતા જોવા મળે છે. ઉપર્યુક્ત કોષ્ટકમાં વિમુક્ત, વિચરતી અને અર્ધવિચરતી જાતિઓના રાષ્ટ્રીય આયોગે 2017ના પોતાના અહેવાલમાં રાજ્યવાર અનેક જાતિઓની ઓળખ કરીને તેમાં ઉમેરો કરવા ભલામણ કરેલ છે. દા.ત. ગુજરાત રાજ્યમાં પ્રવર્તમાન સમયમાં 12 વિમુક્ત, 28 વિચરતી જાતિઓ મળીને કુલ 40 વિમુક્ત-વિચરતી જાતિઓ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે 2017માં પ્રસિદ્ધ થયેલ વિમુક્ત, વિચરતી અને અર્ધવિચરતી જાતિઓના રાષ્ટ્રીય આયોગના અહેવાલમાં 1 વિમુક્ત અને 24 વિચરતી જાતિઓની ઓળખ કરેલ છે. એ જ રીતે દેશના તમામ રાજ્યોમાં પ્રવર્તમાન યાદીમાં નવી જાતિઓનો ઉમેરો કરવા લાયક જાતિઓની ઓળખ કરેલ છે, જે મુજબ ભારતમાં રાજ્યવાર આ જાતિઓની કુલ સંખ્યા 1,400 જેટલી છે. આ અહેવાલ હજી વિચારણા હેઠળ હોઈ અહેવાલની તમામ ભલામણોનું અમલીકરણ કરેલ નથી. જો અમલીકરણ કરવામાં આવે તો તમામ રાજ્યો અને સંઘ પ્રદેશોની DNT/NT/SNT જાતિઓની યાદીઓમાં અનેક નવી જાતિઓનો ઉમેરો થશે.

ગુજરાતમાં હાલ સરકાર દ્વારા અધિકૃત વિચરતી, વિમુક્ત કુલ મળીને 40 જાતિઓ આવેલી છે (નિયામક વિ. વિ. 2023). સતત પરિભ્રમણ અને ભાગદોડને કારણે તેમની ચોક્કસ વસ્તી જાણી શકાઈ નથી. તેમ છતાં ગુજરાતમાં તેઓની કુલ 40 જાતિઓની અંદાજે 40 લાખની વધુ વસ્તી હોવાનું અનુમાન છે, જેનું પ્રમાણ રાજ્યની કુલ વસ્તીમાં 7 ટકા જેટલું છે, જેમાંથી કાળક્રમે 20 લાખ જેટલા લોકો સ્થિર થયા છે અને 20 લાખ લોકો વિચરણ અથવા અસ્થાયી તંબુ-ઝૂંપડામાં રહે છે. ભારતમાં એક અંદાજ મુજબ વિચરતા અને વિમુક્ત

સમુદાયોની વસ્તી કુલ વસ્તીના 10 ટકા જેટલી છે. રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં તેમની વસ્તી અન્ય રાજ્યો કરતાં વધુ છે (પટેલ, મ. 2010). ભારતમાં 313 વિચરતી જાતિઓ અને 198 વિમુક્ત જાતિઓ આવેલી છે. સમગ્ર ભારતમાં તેઓની અંદાજે 60 મિલિયન વસ્તી છે (Rathod, M. 2000). બીજા એક મત અનુસાર ભારતમાં વિચરતા-વિમુક્ત સમુદાયોની વસ્તી 10 કરોડ જેટલી હોવનું અનુમાન છે (Dash, H. 2016). ફોરવર્ડ પ્રેસના ઉલ્લેખ અનુસાર 2011ની વસ્તીગણતરી મુજબ દેશમાં વિમુક્ત અને વિચરતી જાતિઓની 15 કરોડ જનસંખ્યા વસવાટ કરે છે.

**4. વિચરતી-વિમુક્ત જાતિઓની ઉત્પત્તિ માટે જવાબદાર કાયદા, નીતિઓ અને અન્ય પરિબળો :**

**4.1 નિયમન નં. XXII (22), 1793**

બ્રિટિશ શાસનકાળ દરમિયાન ભારતમાં આ નિયમન અનુસાર મેજિસ્ટ્રેટ્સને કેટલીક તાત્કાલિક સત્તાઓ આપવામાં આવી હતી, જે અનુસાર તેઓ અમુક ચોક્કસ જાતિઓના સભ્યોને, રખડુ વ્યક્તિઓને તેમજ શંકાસ્પદ લાગે તેવી વ્યક્તિઓને વેઠ માટે પકડી લઈ શારીરિક શ્રમવાળા કામે લગાડી દઈ શકતા હતા અને જો તેમાંથી તેઓ ભાગવાનો પ્રયાસ કરે તો છ મહિનાની કેદની સજા કરી શકતા હતા. આ નિયમન એ અમુક જાતિઓને માત્ર શંકાના આધાર પર ‘ગુનેગાર’ ગણવાની શરત માટેનો આધાર હતો અને તે નિયમનનો અમલ કરવાની મૅજિસ્ટ્રેટને સંપૂર્ણ સત્તા હતી. જો કોઈ વ્યક્તિ તેનો સામનો કરવાનો પ્રયાસ કરે તો તે શંકાસ્પદ વ્યક્તિને જેલની સજા કરવાની પણ મૅજિસ્ટ્રેટને સત્તા હતી.

**4.2 ભારતીય દંડસંહિતા (IPC), 1860 અને ક્રિમિનિલ પ્રોસિજર કોડ, 1861**

ભારતીય દંડસંહિતા (IPC), 1860 અને ક્રિમિનલ પ્રોસિજર કોડ, 1861 અંતર્ગત ડાકુઓ અને ચોર લોકો સામાન્ય નાગરિકોને હાલાકી ન પહોંચાડે તે હેતુથી પંજાબ, ઔધ અને વાયવ્ય પ્રાંતમાં તેઓના નિયંત્રણ માટે શંકાસ્પદ વ્યક્તિએ રોજેરોજ પોલીસ સ્ટેશને પોતાની હાજરી પુરાવવી પડે તેવી પ્રથા શરૂ કરવામાં આવી હતી.

ભારતીય દંડસંહિતાનો અમલ શરૂ થતાં, અગાઉનાં જે નિયમનો રદ થયાં તેમાં 1793નું નિયમન નં. XXII (22) પણ રદ કરવામાં આવ્યું, જેનાથી મેજિસ્ટ્રેટને અમુક તાત્કાલિક સત્તાઓ પ્રાપ્ત થતી હતી.

**4.3 ગુનેગાર જનજાતિ અધિનિયમ (Criminal Tribes Act), 1871**

ભારતમાં આ કાનૂન બ્રિટિશ શાસન દ્વારા સૌપ્રથમ ઉત્તર ભારતમાં અમલીકૃત કરવામાં આવ્યો હતો. ગુનેગાર જાતિઓ સંબંધિત કાયદો (CTA), 1871નો હેતુ ‘ગુનેગાર જાતિઓ’ ઉપર દેખરેખ રાખવાનો તેમજ તેમની અનેકવિધ ગતિવિધિઓ ઉપર નિયમન લાદવાનો હતો. કાયદામાં જે વિવિધ જોગવાઈઓ હતી તે અનુસાર માત્ર ‘ગુના’ ઉપર નહિ, પરંતુ તેમના હલનચલન ઉપર પણ નિયંત્રણ કરવાનો ઈરાદો આ કાયદામાં હતો. આ કાયદા અંતર્ગત આવતી ‘ગુનેગાર જાતિઓ’ના હલનચલન અને કાર્યો ઉપર અસરકારક નિયમન કરવા ઉપરાંત તે સમયની સંસ્થાનવાદી સરકારે પોતાના કાર્યને વાજબી ઠેરવવા માટે આડંબરયુક્ત સુધારા અને પુનઃસ્થાપન કાર્યક્રમો પણ અમલમાં મૂક્યા હતા. આ અધિનિયમ હેઠળ વ્યાપક સત્તાઓ ધરાવતી પ્રાંતીય સરકારો પોતે જ તે ‘સુધરી શકવાની શક્યતા ન ધરાવતા લોકોના સમૂહ’ને ગુનેગાર જાતિનું નામ આપી શકતી. આવી જાતિઓને ફરજિયાત નોંધણી કરાવવી પડતી હતી. કોઈ પણ ટોળી, જાતિ કે વર્ગના લોકોને ગમે ત્યારે ‘ગુનેગાર જાતિ’ તરીકે જાહેર કરી શકાતી. સ્થાનિક સરકારો આવા કિસ્સા ગવર્નર જનરલને મોકલે જેમાં તેમને શા માટે ગુનેગાર ગણવામાં આવેલ છે તેનાં કારણો દર્શાવેલાં હોય અને જો તેવી જાતિ વિચરતી જાતિ હોય તો તેમણે પોતાની આજીવિકાના શું સ્રોત છે તે દર્શાવવું પડતું હતું. તેઓને સ્થાયી નિવાસ માટે ફરજ પાડવામાં આવતી હતી. આમ, તેમની આજીવિકા ઉપર

સીધી અસર થતી હતી (सिंह, अ. क., २०१४).

સિંધ સિવાયના મુંબઈ પ્રાંતમાં આ કાયદો અસરકર્તા ન હતો. આ કાયદા અંતર્ગત એક રજિસ્ટર નિભાવવાનું હતું. જેમાં વિચરતી જાતિના તમામ સભ્યો, તેમના સંબંધીઓનાં નામ તેમજ જન્મ અને મરણની પણ નોંધ કરવાની રહેતી હતી. પોલીસસ્ટેશને તેઓએ નિયમિત હાજરી પુરાવવી પડતી અને નિયમિત નિગરાની રાખતા પોલીસની જોહુકમી પણ સહન કરવી પડતી હતી.

1876માં આ કાયદાનું વિસ્તરણ કરીને બંગાળ તેમજ આસપાસના અન્ય પ્રાંતોમાં લાગુ કરવામાં આવ્યો. એક તરફ કંપની સરકારના વહીવટથી આ જાતિની પરંપરાગત રોજી-રોટી ઝૂંટવાઈ જતાં તે જાતિના પુરુષો તેમજ કુટુંબની અન્ય વ્યક્તિઓ પણ ચોરી કે ગુનાહિત પ્રવૃત્તિ તરફ વળી. જો કુટુંબની મુખ્ય વ્યક્તિ કે પુરુષને જેલની સજા થાય તો સમગ્ર પરિવારની સ્થિતિ કફોડી બની જતી હતી. સત્તાવાળાઓને પણ ખાતરી થઈ કે જેમને જેલની સજા કરવામાં આવે છે તે સુધરવાને બદલે રીઢા ગુનેગાર બનીને બહાર આવે છે. આવી બધી પરિસ્થિતિને કારણે આ કાયદામાં 1897માં સુધારો કરવામાં આવ્યો. જેમાં કોઈ પણ જાતિને 'ગુનેગાર જાતિ' તરીકે જાહેર કરવાની સત્તા પ્રાંતીય સરકારોને આપવામાં આવી. ગુનો ફરી વાર નોંધાય કે નિયમનો ભંગ થાય તો સજાનું પ્રમાણ વધારવામાં આવ્યું.

### 4.4 ગુનેગાર જાતિ અધિનિયમ, 1908

આ અધિનિયમમાં 1908માં ફરી સુધારો કરવામાં આવ્યો. ગુનો કરવાની શંકા ધરાવતી જાતિઓની નોંધ કરવાની તેમજ પોલીસ દેખરેખની યોજના પ્રાંતીય સરકારો હસ્તક આવી. આ સુધારા અંતર્ગત કુટુંબો જરૂરી માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ જાય તોપણ સજાનો ભોગ બનતા હતા. ગુનેગાર જાતિના પુરવાર થયેલા ગુનેગારોને અમુક ચોક્કસ વસાહતમાં ધકેલી દેવામાં આવતા હતા. આ વસાહતોમાં તેમની પાસે સખત મજૂરીનું કાર્ય કરાવવામાં આવતું હતું. મા-બાપથી વિખૂટાં પડેલાં બાળકોને 'સુધારણાગૃહો'માં મોકલવામાં આવતાં હતાં. જેથી તેમના જીવનમાં કંઈક બદલાવ આવે. કાયદામાં ફરી સુધારો કરી સજાની માત્રા વધારવામાં આવી અને ગુનેગાર જાતિઓના તમામ સભ્યોના આંગળાની છાપ લેવાનું ફરજિયાત બનાવાયું. કેટલાક વિદ્વાનો માને છે કે આવી સખતાઈનો હેતુ વિરોધને ડામી દેવા માટેનો હતો (Rao, M. S., 2013).

### 4.5 ગુનેગાર જાતિ અધિનિયમ, 1911

1908ના કાયદામાં સુધારો કર્યો હોવા છતાં બ્રિટિશ સરકારે 1911માં નવો ગુનેગાર જાતિ અધિનિયમ બનાવ્યો. આ અધિનિયમમાં દર્શાવવામાં આવ્યું કે કોઈ જાતિ, ટોળી કે વર્ગ વ્યવસ્થિત રીતે બિનજામીનપાત્ર ગુના કરવા ટેવાયેલા હોય તો પ્રાંતીય સરકાર તેવી વ્યક્તિઓ, જૂથ કે ટોળીને ગુનેગાર જાતિ તરીકે જાહેર કરી શકે. 1911માં આ કાયદાનું વધુ વિસ્તરણ કરીને મદ્રાસ પ્રાંત(Presidency)માં લાગુ કરવામાં આવ્યો.

આ ઉપરાંત તેમાં જોગવાઈ કરવામાં આવી કે તેવી ગુનેગાર જાતિઓની અનુસૂચિત (શેડ્યુલ) બનાવવામાં આવશે. તેમાં આ જાતિના તમામ સભ્યોના અંગૂઠાના, આંગળાનાં તેમજ હથેળીનાં નિશાન/છાપ લેવામાં આવશે. આમ, તેઓ 'ગુનેગાર'નો ચોકસાઈપૂર્વક પીછો પકડી શકતા હતા. અમુક 'માથાભારે' સભ્યની તમામ પ્રવૃત્તિ અને હિલચાલ ઉપર ગાઢ નિયંત્રણ અને દેખરેખ રખાતા હતા. આ કાયદાની જોગવાઈ અંતર્ગત સત્તાવાળાઓ કોઈ પણ 'ગુનેગાર' જણાતા પરિવારમાંથી છ વર્ષ કે તેથી વધુ ઉંમરના બાળકને કુટુંબથી અલગ કરી તેને સરકારી કે સરકાર માન્ય સુધારણાગૃહમાં મૂકી શકતા હતા. આમ, આવા પરિવારોના કૌટુંબિક જીવનને ખલેલ પહોંચાડવાના પ્રયાસો થયા હતા (Idate, B. R., 2017).

1911ના સુધારેલ કાયદા અંતર્ગત સરકારે કાયદા દ્વારા ગુનેગાર તરીકે જાહેર કરેલી જાતિઓનું પુનર્વસન અને સ્થાયી કરવાના પ્રયાસો કર્યા. તેમના આવાસ વ્યવસ્થાની જવાબદારી 'મુક્તિસેના'ને સોંપવામાં આવી, જેની સ્થાપના લંડનમાં 1861માં વિયમ યૂથે કરી હતી.

મુક્તિસેનાએ સમાજમાં દૂષણોની નાબૂદી દ્વારા શાંતિ સ્થાપવાનો હેતુ ધરાવતું એક ધાર્મિક સંગઠન હતું. આ દાયકા અંતર્ગત તેમને સ્થાયી વસવાટ માટેની જે વ્યવસ્થા કરવામાં આવી તે ખુલ્લી જેલો જેવી હતી. જ્યાં તેઓ સાથે કેદીઓ જેવો જ વર્તાવ કરવામાં આવતો હતો. આ પૈકી ઉત્તરપ્રદેશના બિજનોર જિલ્લાના નસીબાબાદ શહેરના કિલ્લામાં ત્યાંના ભાંતુ જાતિનો સુધારણાના નામે જે પ્રયોગ થયો, તેની પ્રતિક્રિયાના ભાગ રૂપે ભાંતુ જનજાતિમાંથી ત્યાંથી નાસીને સુલ્તાના ડાકુ પેદા થયો. સુલ્તાના ડાકુએ તેમના પર અંગ્રેજો દ્વારા થતા અત્યાચારો સામે બદલો લેવાના ભાગ રૂપે સમગ્ર પ્રાંતમાં અંગ્રેજ પ્રશાસનને ધ્રુજાવી દીધું. આ માટે સુલ્તાના ડાકુને પકડવા માટે સતત ત્રણ વર્ષ સુધી અંગ્રેજોએ ફોજને કામે લગાડવી પડી હતી (सिंह, अ. क., २०१४). આવી પ્રતિક્રિયાઓ સમગ્ર દેશમાં ઓછા-વત્તા પ્રમાણમાં જોવા મળતી હતી. કોઈ સક્ષમ અને લડાયક જાતિઓએ એકત્ર થઈને અંગ્રેજો સામે બદલો લેવાની ભાવનાથી જીવ સટોસટની લડાઈ લડતા હતા, તો કોઈ અસક્ષમ જનજાતિઓ પોલીસ અધિકારીઓના દમન અને અત્યાચારોથી બચવા માટે નિર્જન અને અડાબીડ જંગલો, ગુફાઓમાં અસ્તિત્વ ટકાવી રાખવા માટે નાસી જતા હતા. તેઓ સામાન્ય સમાજથી કાયમને માટે અલગ થઈને સામાજિક પ્રાણી મટીને જંગલી પ્રાણી જેવું જીવન જીવવા માટે મજબૂર બનતા હતા.

**4.6 ગુનેગાર જાતિ અધિનિયમ, 1924**

જેલ ઈન્કવાયરી સમિતિનિ ભલામણો પછી 1923માં ગુનેગાર જાતિ અધિનિયમમાં વધુ સુધારા થયા અને 1924માં તે અધિનિયમ સમગ્ર બ્રિટિશ ભારતમાં અમલી બન્યો. 1911ના અધિનિયમની ઘણી જોગવાઈઓ અધૂરી કે કચાશવાળી હતી. આ કાયદો નિવારાત્મક (Prevention) હતો. સુધારણાત્મક (Corrective) ન હતો. તેથી તેમાં ગુનેગારોને સુધારવા માટેના કોઈ વિશેષ પ્રયાસો ન હતા. વલી બાળકને પરિવારથી અલગ કરવાની જોગવાઈને કારણે કુટુંબ જીવન છિન્નભિન્ન થતું હતું. ગુનેગાર જાતિ અધિનિયમ, 1871માં વારંવાર સુધારા કરીને આ કાનૂનને ખૂબ જ કઠોર બનાવી દેવામાં આવ્યો હતો. આ કાનૂન હેઠળ આવરી લેવાયેલ 198 જાતિઓનું ભવિષ્ય માત્ર ને માત્ર પોલીસ અધિકારીઓને સોંપી દેવામાં આવ્યું હતું. આ કાનૂન અંતર્ગત સમાવિષ્ટ સમુદાયો અદાલતમાં ફરિયાદ પણ કરી શકતા નહિ. (सिंह, अ. क., २०१४).

ગુજરાતમાં નાયકડા જનજાતિ દ્વારા વર્ષ 1938 થી 1968 દરમિયાન અંગ્રેજો, સ્થાનિક રાજાઓ અને જાગીરદારો સામે મહાજંગ ખેલાયો હતો. જેમાં વીર રાજા રૂપસિંહ અને સંત જોરીયા પરમેશ્વરે નેતૃત્વ પૂરું પાડ્યું હતું. આ મહાજંગને આજે નાયકાઓનું સ્વાતંત્ર્ય આંદોલનથી ઓળખવામાં આવ્યું છે. જેમાં અંગ્રેજો સામે લડત આપનાર નાયકડા આગેવાનો પૈકી રૂપસિંહ ગોબર નાયક, જોરીયા પરમેશ્વર, ગલાલ રૂપસિંહ નાયક, રાવજી ચીમન બારીઆ અને બાબર ગલમા નાયકને પકડીને અંગ્રેજો સામેના વિદ્રોહને દબાવી દેવા માટે 16 એપ્રિલ, 1868ના દિવસે પાંચેય જનનાયકોને એકસાથે જાહેરમાં જાંબુઘોડામાં ફાંસીની સજા આપવામાં આવી હતી.

આ પછી પણ સ્થાનિક દેશી રાજાઓ અને અંગ્રેજો દ્વારા સમગ્ર નાયકા જનજાતિનો ઘરમૂળથી નાશ કરવા માટે 'ઢૂંઢી મારો' કાયદો, 1872માં અમલમાં મૂકવામાં આવ્યો હતો (વાઘેલા, અ. 2022). આ કાયદા અંતર્ગત નાયકડા જાતિના લોકોને શોધી-શોધીને મોતને ઘાટ ઉતારવાના આદેશો થયા હતા. ક્ષેત્રકાર્ય દરમિયાન સ્થાનિક આગેવાનો પાસેથી મળેલ માહિતી અનુસાર આ કાયદાની ભયાનકતા આટલેથી પણ ન અટકતાં નાયક કોમને જન્મતાં પહેલાં જ ખતમ કરી નાખવાના ઈરાદાથી ગર્ભવતી મહિલાઓના પેટ ચીરીને ગર્ભને જમીન પર ફેંકીને ઘોડાના પગતળે કચડીને મારી નાખવાનાં અમાનવીય કૃત્યોને અંજામ આપવામાં આવતો હતો. જોકે ગુજરાતમાં 12 ગુનાહિત જનજાતિ(વિમુક્ત જાતિ)ઓમાં નાયકડા જાતિનો સમાવેશ જોવા મળતો નથી. તેમ છતાં નાયકા જાતિ પર આટલી હદે જુલ્મ

ગુજારવામાં આવતો હતો. ત્યારે ગુનાહિત જાતિઓ પર કેટલું નિયંત્રણ અને દમન ગુજારવામાં આવતું હશે તેની કલ્પના થઈ શકે તેમ નથી. ગુનાહિત જનજાતિઓ પરના દમન અને ભેદભાવભરી નીતિથી તેઓને સમાજના મુખ્ય પ્રવાહથી અને તેઓના પરંપરાગત વ્યવસાયોથી એટલી હદે છિન્ન-ભિન્ન (વિખૂટા) કરી નાંખવામાં આવ્યા કે તેની અસર આજે 150 વર્ષ પછી પણ તેઓને સમાજના મુખ્ય પ્રવાહથી અળગા રાખે છે.

અમાનવીય અત્યાચાર અને શોષણમાંથી આઝાદી માટે અવાજ ઉઠાવનાર નાયકા જનજાતિને તે સમયે સત્તાતંત્ર દ્વારા ડાકુ-ચોર તરીકે જોવામાં આવ્યા હતા. જેને આજે દેશની આઝાદી માટે અપ્રતિમ શૌર્ય અને બહાદુરીપૂર્વક લડીને બલિદાન આપનાર સ્વાતંત્ર્યસેનાનીઓ કે મહાનાયકો તરીકેનું બિરુદ આપવામાં આવ્યું છે.

**4.7 વન અધિનિયમ, 1865**

આ અધિનિયમની વિવિધ જોગવાઈઓનો હેતુ જંગલની પેદાશો ઉપર નિયંત્રણ લાવવાનો તેમજ જંગલ ઉપર માત્ર રાજ્યનો જ એકાધિકાર છે એ બાબત પ્રસ્થાપિત કરવાનો હતો. આ કાયદાથી વૃક્ષોથી આચ્છાદિત કોઈ પણ જમીનને 'જંગલ' તરીકે જાહેર કરવાની અને જરૂરી જાહેરનામા થકી તેના ઉપર નિયંત્રણ કરવાની સરકારને સત્તા પ્રાપ્ત થતી હતી. જેને કારણે જંગલમાં વસતા અને સામાજિક નિયંત્રણો પાળતા લોકો ઉપર કાયદા દ્વારા ગેરવાજબી નિયંત્રણો લાદવામાં આવ્યાં. આ કાયદો પસાર થતાં હવે એ સ્પષ્ટ થયું કે જંગલની પેદાશોનો રૂઢિ અને પરંપરાગત વપરાશના ઉપયોગનો અધિકાર એ અધિકાર ન રહેતાં સરકારની મહેરબાની ગણાઈ. વળી આ કાયદો માત્ર સરકારના નિયંત્રણ હેઠળનાં જંગલોને જ લાગુ પડતો હતો અને ખાનગી જંગલોને આવરી લેવાની કોઈ જોગવાઈ ન હતી.

**4.8 વન અધિનિયમ, 1878**

1878માં સુધારેલા આ અધિનિયમથી હવે જંગલોને ત્રણ અલગ અલગ પ્રકારમાં વિભાજિત કરવામાં આવ્યાં અનામત જંગલો, સુરક્ષિત જંગલો અને ગ્રામીણ જંગલો. આ કાયદાથી જંગલમાં થઈને પસાર થવા ઉપર તેમજ ઢોરોને જંગલમાં ચરાવવા ઉપર નિયંત્રણ લાદીને સરકારનો પક્ષ મજબૂત બનાવવામાં આવ્યો. દેશભરમાં અત્યાર સુધી ગ્રામીણ વસતિ સદીઓથી જંગલોનો જે પરંપરાગત ઉપયોગ કરતી આવતી હતી તે પરંપરા નષ્ટપ્રાય કરવામાં આવી. વેપારી ધોરણે થતા ઈમારતી લાકડાના ઉત્પાદન ઉપર નિયંત્રણ કરીને સ્થાનિક સમુદાયોના જીવન અને આજીવિકાનાં સાધનો અંગે જે દરમિયાનગીરી કરવામાં આવી તે અભૂતપૂર્વ હતી.

**4.9 જંગલ નીતિવિષયક ઠરાવ, 1894**

જંગલ સંબંધિત આ પ્રથમ નીતિનો હેતુ રાજ્યનાં જંગલોના વહીવટમાં રાજ્યના હેતુને નિરંકુશ રીતે સર્વોચ્ચ સાબિત કરવાનો હતો. આ હેતુ માટે સ્થાનિક રહીશોની ઉપર તેમજ જંગલની નજીક વસવાટ કરતા રહેવાસીઓ ઉપર નિયંત્રણ લાદવામાં આવ્યાં. જંગલના સામુદાયિક વપરાશને બદલે જંગલના વપરાશનું વેપારી મૂલ્ય આંકવામાં આવ્યું. તેમ છતાં જાણે મહેરબાનીની રાહે કેટલાંક જંગલોને ગૌણ જંગલો તરીકે વર્ગીકૃત કરી સમુદાયની જરૂરિયાતો માટે તેને અલગ તારવવામાં આવ્યા.

આમ, હવે જંગલની મિલકતમાંથી બ્રિટિશ રાજ્યને આવક થવા લાગી અને જંગલમાં વસતા સમુદાયોના હકોમાં કાપ મુકાયો. હવેથી આ સમુદાયોને કાયમ માટે વન અધિકારીઓ સાથે પનારો પડ્યો. આ અધિકારીઓ સરકારના પ્રતિનિધિઓ હતા, જેનો ઉદ્દેશ જંગલની પેદાશોની પ્રાપ્તિ અને ઉપયોગ ઉપર નિયંત્રણ કરવાનો હતો.

**4.10 વન અધિનિયમ, 1927**

અગાઉના 1878ના ભારતીય વન અધિનિયમમાં સ્થાનિક સરકારોએ વિવિધ સુધારા કર્યા. છેલ્લે 1927ના ભારતીય વન અધિનિયમે અગાઉના તમામ અધિનિયમોનું સ્થાન લીધું. આ અધિનિયમ હેઠળ પણ લોકોના જંગલ પરના અધિકારો ઉપર વધુ ને વધુ નિયંત્રણ કરવામાં આવ્યું. આ ઉપરાંત વન અધિકારીઓની ફરજોને લેખિત સ્વરૂપ આપીને જંગલમાં વસતા સમુદાયોના અધિકારોને વધુ કુંઠિત કરવામાં આવ્યા. છેક એટલે સુધી કે સ્થાનિક

કક્ષાના વન અધિકારીઓ આ સમુદાયો સાથે હવે સીધેસીધી કાર્યવાહી કરી શકતા હતા. આ અધિકારીઓ ખૂબ કડકાઈથી અને નિરંકુશ રીતે લોકોના જીવનમાં દખલગીરી કરતા થયા. આવા અધિકારીઓના ક્રૂર વર્તન અને સત્તાના દુરુપયોગથી કંટાળીને ઘણા વન સમુદાયના લોકો બીજે હિજરત કરી ગયા.

આ અધિનિયમની જોગવાઈ અનુસાર અગાઉના 1878ના અધિનિયમની જોગવાઈ પ્રમાણેની જંગલ પર સમુદાયના અધિકારની જોગવાઈ રદ કરવામાં આવી. હવે જંગલ સેટલમેન્ટ અધિકારી જંગલની જમીન અને પેદાશ પરના અધિકારના દાવા અંગે તપાસ કરે તેમ ઠરાવવામાં આવ્યું. ફરતી ખેતીની જંગલમાં ઘટાડો થાય છે તેવું કારણ દર્શાવીને તેની ઉપર પણ નિયંત્રણ લાદવામાં આવ્યું. સરકારને માત્ર જંગલની પેદાશો ઉપરનાં વ્યાપારી હિતો હાથ કરવામાં રસ હતો. તેથી પરંપરાગત રીતે જંગલ જાળવણી અને વ્યવસ્થાપનના પરંપરાગત હકો નાબૂદ થયા. સરકારની જંગલ પરની માલિકીને કારણે જંગલમાં વસતા લોકોની આજીવિકાના સાધન ઉપર ફટકો પડ્યો. હવે તેઓ અન્ય વ્યવસાય તરફ વળ્યા. લોકોના જંગલ પરના અધિકારને બદલે સરકારે આ અધિકાર હસ્તગત કર્યા. સામાન્ય સંપત્તિ સરકારની સંપત્તિ ગણાય તેવી જોગવાઈથી ગ્રામીણ સમુદાયોને પોતાનાં જ જંગલોથી દૂર કરાયા. 1935માં જંગલ સંબંધી હકૂમત કેન્દ્ર સરકાર પાસેથી પ્રાંતીય સરકારો પાસે આવી, પરંતુ જંગલો પર સરકારનાં નિયંત્રણો સ્વાતંત્ર્ય પછી પણ ચાલુ રહ્યા.

**4.11 મીઠા સંબંધિત કાયદો, 1835 (મીઠા પર વેરો)**

ઈંગ્લૅન્ડથી મીઠાની આયાત સરળતાથી થઈ શકે તે હેતુથી બ્રિટિશ સંસ્થાનવાદી સરકારે 1835માં ભારતના મીઠા પર વેરો નાખ્યો. આથી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વેપારીઓ ધરખમ કમાયા. 19મી સદીના પાછળના ભાગમાં અને 20મી સદીની શરૂઆતમાં ભારતીય નાગરિકોએ બ્રિટિશરોએ નાખેલા મીઠા પરના વેરાનો સખત વિરોધ કર્યો. 1930માં મહાત્મા ગાંધીએ મીઠા પરના વેરાના વિરોધમાં દાંડીકૂચ દ્વારા સત્યાગ્રહ કર્યો. ભારતના બીજા ભાગોમાં પણ આવાં વિરોધ-પ્રદર્શનો અને સત્યાગ્રહો ચાલુ રહ્યાં. 1946માં વચગાળાની સરકારે આ વેરો નાબૂદ કર્યો ત્યાં સુધી તે વેરો અમલમાં જ રહ્યો તેમજ 1953ના મીઠા ઉપકર અધિનિયમથી તે ફરી અમલમાં આવ્યો.

ભારતીય ઉપખંડમાં મીઠા પરના વેરાને કારણે વિચરતી જાતિના લોકો ઉપર ઘણી માઠી અસર પડી. કંપની સરકારે 1835માં બેસાડેલ મીઠા કમિશને તો ઈંગ્લૅન્ડથી આયાત થતા મીઠાના વેપારને અનુકૂળ આવે તે પ્રમાણે મીઠા ઉપર વધારાનો કર નાખવા હિમાયત કરી. મીઠાના ઉત્પાદકોએ આ કાયદાની જોગવાઈ અંતર્ગત મીઠાના ઉત્પાદનનો એકાધિકાર કંપની સરકારને અને પાછળથી ભારતની બ્રિટિશ સરકારને આપ્યો. સમગ્ર બ્રિટિશ ભારતમાં 1878 સુધીમાં એકસમાન મીઠાનીતિ અમલી બની. જેમાં રજવાડાં પણ અપવાદરૂપ ન હતાં. આ નીતિને કારણે મીઠાનું ઉત્પાદન તેમજ માલિકી ગેરકાયદેસર ગણાયાં. ભારતીય મીઠા અધિનિયમના આધાર પર ઘડાયેલા મુંબઈ મીઠા અધિનિયમની જોગવાઈ પ્રમાણે મીઠા મહેસૂલી અધિકારી મીઠાના ગેરકાયદે થતા ઉત્પાદન ઉપર દરોડા પાડી શકતા તેમજ તેવા ઉત્પાદિત મીઠાના જથ્થાને જપ્ત પણ કરી શકતા. આ અધિનિયમ અંતર્ગત મીઠાની પરદેશમાં નિકાસ ઉપર પણ પ્રતિબંધ હતો.

ભારતીય મીઠા અધિનિયમ, 1882 અંતર્ગત મીઠાના સંગ્રહ અને ઉત્પાદન ઉપર સરકારનો એકાધિકાર એક વાસ્તવિક હકીકત બની રહી. માત્ર સરકારી અધિકૃત ડેપો જ મીઠાનું ઉત્પાદન કે વેચાણ કરી શકતા હતા. સંસ્થાનવાદી સરકારનો મીઠા પરનો વેરો અતિ ક્રૂર અને નિંદનીય પગલું હતું. સ્વાતંત્ર્ય બાદ પણ 2 જાન્યુઆરી, 1954થી અમલમાં આવેલ મીઠા ઉપકર અધિનિયમ, 1953 દ્વારા મીઠા પરનો વેરો ચાલુ જ રહ્યો (Idate, B. R. 2017).

**4.12 સ્વતંત્ર ભારત : ગુનેગાર જાતિ અને સંબંધિત કાનૂનો રદ કરવા બાબત**

1947માં ભારત સ્વતંત્ર થયા બાદ કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો અમલમાં આવ્યા. વિમુક્ત જાતિઓના ગુનાહિત દરજ્જા સંબંધિત કાર્યવાહી કરવા માટે તત્કાલિન મુંબઈ રાજ્યના મુખ્યમંત્રી બી. જી. ખેર, મોરારજી દેસાઈ, ગુલઝારીલાલ નંદા વગેરે સભ્યોની બનેલી સમિતિ નીમવામાં આવી. અંતે ઑગસ્ટ, 1949માં તે કાયદો રદ કરવામાં આવ્યો અને 23,00,000 આદિવાસી/જનજાતિના લોકોને વિમુક્ત જાહેર કરવામાં આવ્યા. 1949-50 દરમિયાન ગુનેગાર જાતિ અધિનિયમને દૂર કરવાની ભલામણ આયંગર સમિતિએ કરી હતી, તે સમિતિનું આખું નામ 'ગુનેગાર જાતિ અધિનિયમ તપાસ સમિતિ' હતું (Rao, M. S., 2013).

આયંગર સમિતિની ભલામણોને પગલે ગુનેગાર જાતિઓ અધિનિયમ (Repeal) અધિનિયમ, 1952થી તમામ ગુનેગાર જાતિ અધિનિયમો રદ થયા. આ કાયદો જમ્મુ અને કાશ્મીર સિવાય સમગ્ર ભારતમાં અમલમાં મુકાયો હતો. આ કાયદા અંતર્ગત 31 ઑગસ્ટ, 1952 અથવા કેન્દ્ર સરકાર નક્કી કરે તે તારીખથી ભારતના કોઈ પણ રાજ્યમાં આ જાતિઓને ગુનેગાર ઠરાવતા અધિનિયમો રદ થવાપાત્ર હતા.

**4.13 રીઢા ગુનેગારો સંબંધિત કાયદો, 1952**

રીઢા ગુનેગારો સંબંધિત કાયદો 1952માં અમલમાં આવ્યો, પરંતુ તે પહેલાં પણ ઘણા રાજ્યોમાં તેનું અસ્તિત્વ હતું. 1918ના પંજાબ હેબિચ્યુઅલ ઓફેન્ડર્સ ઍક્ટમાં 1952ના પંજાબ હેબિચ્યુઅલ ઓફેન્ડર્સ (નિયંત્રણ અને સુધારણા) અધિનિયમથી સુધારો કરવામાં આવ્યો; જેમાં રીઢા ગુનેગારોને માટે સુધારણા, સારવાર અને પુનઃસ્થાપનની જોગવાઈ હતી. આ કાયદા અનુસાર રીઢા ગુનેગાર તરીકે જાહેર કરાયેલ વ્યક્તિએ પોતાની હાજરી સ્થાનિક સત્તાતંત્ર સમક્ષ પુરાવવાની હતી. તેમજ પોતાના રહેઠાણ સંબંધિત જાણકારી આપવાની હતી. મદ્રાસ રિસ્ટ્રિક્શન ઑફ હેબિચ્યુઅલ ઓફેન્ડર્સ ઍક્ટ, 1943ની જોગવાઈ અંતર્ગત જિલ્લા મૅજિસ્ટ્રેટને કોઈ પણ વ્યક્તિને રીઢો ગુનેગાર જાહેર કરી તેના ઉપર નિયંત્રણો લાદવાની સત્તા હતી. 1947ના બૉમ્બે હેબિચ્યુઅલ ઑફેન્ડર્સ ઍક્ટ અને 1948ના આંધ્રપ્રદેશ રિસ્ટ્રિક્શન ઑફ હેબિચ્યુઅલ ઓફેન્ડર્સ ઍક્ટમાં પણ રીઢા ગુનેગારો પરનાં નિયંત્રણ સંબંધિત જોગવાઈઓ હતી. આ ઉપરાંત મૈસૂરમાં, રાજસ્થાનમાં, હૈદરાબાદમાં, કેરાલામાં અને કર્ણાટકમાં તેમજ હિમાચલ પ્રદેશમાં પણ જુદા જુદા નામે રીઢા ગુનેગાર સંબંધિત કાયદા અસ્તિત્વમાં હતા.

ગુનેગાર જાતિ અધિનિયમ અને રીઢા ગુનેગાર સંબંધિત અધિનિયમમાં જે મુખ્ય તફાવત હતો તે એ કે રીઢા ગુનેગાર અધિનિયમો વ્યક્તિલક્ષિત હતા, જ્યારે ગુનેગાર જાતિ અધિનિયમો સમુદાયલક્ષિત હતા. જોકે રીઢા ગુનેગાર સંબંધિત કાયદામાં માત્ર ગંભીર ગુના માટે સજા પામેલા ગુનેગારો જ આ કાયદા અંતર્ગત વ્યાખ્યાયિત થતા હોવાથી તેનો અમલ ઘણો મર્યાદિત હતો. પાછળથી સમગ્ર દેશ માટે આવો એક સમાન કાયદો બનાવવાના હેતુથી ઑલ ઇન્ડિયા હેબિચ્યુઅલ ઓફેન્ડર્સ બિલ સરકારે પસાર કર્યું.

**4.14 સ્વાતંત્ર્ય બાદની જંગલ નીતિ**

સ્વાતંત્ર્ય બાદ પ્રથમ વાર 1952માં વનનીતિ ઘડવામાં આવી. જેનો હેતુ રાષ્ટ્રનિર્માણ માટે જંગલના સંસાધનોમાંથી વધુ ને વધુ મહેસૂલી આવક મેળવવાનો હતો. આથી, આદિજાતિ વસતિની બધી આશાઓ ઉપર પાણી ફરી વળ્યું. વન સંસાધનોના તેમના અધિકારો ઉપર તેમને વધારાનું અતિક્રમણ થતું જણાયું. આદિજાતિઓના હક ઝૂંટવી લેવામાં સ્વતંત્ર સરકાર તો સંસ્થાનવાદી સરકાર કરતાં પણ આગળ ધપી ગઈ. સંસ્થાનવાદી સરકારે જંગલવાસીઓ માટે અલગ રાખેલાં જંગલો ઉપર પણ સ્વતંત્ર સરકારનાં નિયંત્રણો વધ્યાં. જૂના કાયદામાં પશુઓના ચરાણ માટે મુક્ત જંગલો ઉપર પણ સ્વતંત્ર સરકારે ફી વસૂલ કરવા ઠરાવ્યું. જૂના બ્રિટિશરાજ અમલ દરમિયાન કાયદા કે નીતિઓમાં આદિવાસીઓના જંગલને સ્પર્શ કરવામાં આવ્યો ન હતો,

પરંતુ સ્વાતંત્ર્ય પછીની નીતિમાં જંગલો ઉપર નિયંત્રણો વધારવામાં આવ્યાં.

જૂની નીતિમાં પશુઓના ચરાણ માટે છૂટછાટો હતી, પરંતુ નવાં નિયમનોમાં તેને માટે ફીની પદ્ધતિ દાખલ કરવામાં આવી. ફરતી ખેતી સંબંધે જૂની નીતિમાં અધિકારને સ્થાને સુવિધા/સગવડ આપવાની બાબત હતી, પરંતુ નવી નીતિમાં તેને બદલે 'છૂટછાટ' આપવાનું ઠરાવ્યું. સ્વાતંત્ર્ય પછીની સરકારની નીતિ આદિવાસીઓ માટે જંગલની જમીન ખેડવા અંગેના અધિકાર છીનવી લેવામાં આવ્યા અને ખાનગી જંગલમાં પણ નિયંત્રણોની નીતિ શરૂ થઈ. બ્રિટિશ સરકારની નીતિમાં જંગલમાં પશુઓ ચરાવવા અંગે કોઈ નિષેધ ન હતો, પરંતુ નવી નીતિમાં ચરાણની જમીન પર સરકારી નિયંત્રણ હેઠળ લાવવામાં આવી અને ન્યૂનતમ સ્થળો જ ચરાણ માટે રાખી તેના ઉપર પણ ફી વસૂલવાનું નક્કી કરવામાં આવ્યું.

### 4.15 1952ની વનનીતિની અવળી અસરો

સ્થાનિક લોકો માટેના 1894ની બ્રિટિશ સમયની વનનીતિને સ્થાને ઘડવામાં આવેલી 1952ની સ્વતંત્ર ભારતની વનનીતિ કઠિન સાબિત થઈ. ભારતના આદિવાસીઓના સંદર્ભે ભારત સરકારની 1952ની વનનીતિનું વિશ્લેષણ કરવા માટે ભારતના રાષ્ટ્રપતિએ ઢેબરભાઈના અધ્યક્ષસ્થાને એક કમિશન નીમ્યું. અનુસૂચિત વિસ્તાર અને અનુસૂચિત જનજાતિ કમિશને આદિવાસીઓ માટે જંગલની ઉપયોગિતા ઉપર વિશેષ ભાર મૂક્યો. કારણ કે આદિવાસીઓને તો જંગલોમાંથી ખોરાક જેવી પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ, બળતણ ઉપરાંત જંગલની પેદાશોમાંથી આવક પણ પ્રાપ્ત થતી હતી. આ કમિશને જણાવ્યું કે જંગલો પર સરકારી તંત્રના વધતા જતા નિયંત્રણને કારણે આદિવાસી જીવન અને અર્થતંત્ર ઉપર અવળી અસર પડે છે. 1899ની બ્રિટિશ સરકારની નીતિમાં 'અધિકાર' અને 'સુવિધા'ની જે જોગવાઈઓ હતી તેને સ્થાને 1952ની નીતિમાં 'નિયંત્રણો' અને 'છૂટછાટો' આવ્યાં. આથી, જંગલના નિવાસીઓની મુશ્કેલીઓમાં પહેલાંથી પણ વધારો થયો. કમિશને ભલામણ કરી કે 1952ની નીતિ સંબંધે પુનઃવિચારણા કરવાની જરૂર છે. કમિશને ભલામણ કરી કે આદિવાસીઓને જંગલ જમીન ખેડવા માટે આપવી જોઈએ તેમજ તેમની પશુઓના ચરાણની અને ફરતી ખેતીની જરૂરિયાતો ધ્યાનમાં લેવાવી જોઈએ. આ ઉપરાંત વન અધિકારીઓની જવાબદારીઓ પર પુનઃ વિચારણા કરવા ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો.

### 4.16 ભિક્ષા વિરોધી કાયદાઓ

દેશના સામાજિક-ઐતિહાસિક વાતાવરણના પરિપ્રેક્ષ્યમાં ભારતમાં ભિક્ષા વિરોધી કાયદાઓ, તે કાયદાઓની રચના અને તેના અમલ વિશે સમજવાની આવશ્યકતા છે. એ બાબત સ્વીકારવી પડે તેમ છે કે તે સમયના મુંબઈ પ્રાંતના મુંબઈ ભિક્ષા પ્રતિબંધ અધિનિયમ (BPBA), 1959ની ઉપર સંસ્થાનવાદના વારસાની ચોક્કસ અસર રહેલી હતી. સંસ્થાનવાદના સમયગાળા દરમિયાન બંગાળમાં સૌપ્રથમ વાર રખડુ, ઘરબાર વિનાની વ્યક્તિઓ કે જેઓ જાહેરમાં ભિક્ષા માગતી હતી, તેમની અટકાયત માટેનો શિક્ષાત્મક જોગવાઈઓ સાથેનો કાયદો બનાવવામાં આવ્યો હતો; તેમ છતાં આ સામાજિક રીતે બહિષ્કૃત વ્યક્તિઓને 'ભિખારીઓ' નહિ પરંતુ 'રખડુ' (vagrant) તરીકે ઓળખવામાં આવી હતી. 1943માં બેંગાળ વેગ્રન્સી અધિનિયમમાં 'રખડુ' વ્યક્તિની વ્યાખ્યા આ રીતે આપવામાં આવી હતી : 'કોઈ પણ જાહેર સ્થાને દાન માગતી વ્યક્તિ અથવા આમતેમ ભટકતી વ્યક્તિ અથવા કોઈ પણ જાહેર સ્થાનમાં પડી રહેતી વ્યક્તિ - તેવી વ્યક્તિ જો કોઈ જાહેર સ્થાનમાં ભિક્ષા/દાન-ભેટ માંગતી હોય. પરંતુ તેમાં એવી વ્યક્તિ સમાવિષ્ટ નથી જે વર્તમાન હેતુ માટે પૈસા એકત્ર કરે અથવા ખોરાકની માગણી કરે કે ભેટની માગણી કરે.' સ્વાતંત્ર્ય પૂર્વેના સંસ્થાનવાદી ભારતની તવારીખમાં ભિક્ષુક કે રખડુ વ્યક્તિ સંબંધે કોઈ કાયદો ન હતો. અત્રે એ જણાવવું જરૂરી છે કે 1874ના વર્ષમાં ભારતના સંસ્થાનને લાગુ કરવા માટે યુરોપિયન વેગ્રન્સી

અધિનિયમનું વિસ્તૃતીકરણ કરવા તે અધિનિયમમાં સુધારા કરવામાં આવ્યા હતા. બંગાળના કાયદામાં રહેલી વિવિધ જોગવાઈઓ મૈસૂર, મદ્રાસ અને મુંબઈના કાયદાઓમાં પણ સમાવિષ્ટ કરાઈ હતી.

1959માં મુંબઈ ભિક્ષા પ્રતિબંધ અધિનિયમ પસાર થયો અને 1960માં દિલ્હીમાં તેનું વિસ્તૃતીકરણ કરાયું. આ કાયદાનો હેતુ 'ભિક્ષુકોને' પકડી, તાલીમ આપી તેમને અમુક ખેતીકામ, ઔદ્યોગિક કામ અને અન્ય કામકાજ શીખવવાનો હતો. ઘણી વિચરતી જાતિના અમુક લોકો એક સ્થાનથી બીજા સ્થાને જતા અને આજીવિકા માટે રસ્તાઓ ઉપર જુદી જુદી કલાનું પ્રદર્શન કરતા હતા. આ લોકોમાં ગાયકો, નૃત્યકારો, શેરીમાં કલાનું પ્રદર્શન કરનારાઓ, અંગ કસરતના ખેલ કરનારાઓ, હસ્તરેખા કે ભવિષ્ય જોનારાઓ, જડીબુટ્ટીઓ કે વનસ્પતિની પેદાશમાંથી બનતી ઔષધિઓ વેચનારાઓ, લોખંડનાં વિવિધ ઓજાર બનાવનારાઓ, વાંસ કે વનસ્પતિનાં પાનમાંથી ટોપલા-ટોપલી, સાદડી, સાવરણી બનાવનારાઓ વગેરેનો સમાવેશ થાય છે. તેઓ બધાને પણ 'રખડુ'ની વ્યાખ્યામાં સમાવી લેવામાં આવે તેવી શક્યતા કે સંભાવના હતી.

મુંબઈ ભિક્ષા પ્રતિબંધ અધિનિયમ બનાવવાનો હેતુ ગરીબ વર્ગમાંથી અમુક વ્યક્તિઓ ઉપર નિયંત્રણ લાવવાનો હતો. વિચરતી જાતિમાંથી આવેલા વાદી-મદારીઓ સાપના ખેલ કરતા હતા, પરંતુ સરકારે મનોરંજનના હેતુ માટે પશુઓનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકતા તે પ્રવૃત્તિ ગેરકાયદેસર બની રહી, તે જ રીતે મુંબઈ ભિક્ષા પ્રતિબંધક અધિનિયમની અસરને લઈને બહુરૂપિયાઓએ પણ પોતાનો વ્યવસાય બદલવો પડ્યો.

**4.17 વન્યજીવોની સુરક્ષા અધિનિયમ, 1972**

વન્યજીવોની સુરક્ષા સંબંધિત અધિનિયમ, 1972 અને પશુ સુરક્ષા અધિનિયમ, 2006ની અસર પણ વિચરતી જાતિઓ પર પડી. તેઓ પોતાના કૌશલ્યનો ઉપયોગ કરીને અને પાલતુ પશુઓ(સાપ, વાંદરો, માંકડું, કૂતરો વગેરે)ને તાલીમ આપીને લોકોનું મનોરંજન કરતા હતા. તેમની આજીવિકા મેળવવાનું આ એકમાત્ર સાધન હતું. આથી આવા કાયદાની અવળી અસરોનો ભોગ બનેલા આ લોકો અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ તરફ વળ્યા. ભવિષ્ય જોનારા, સાપ નચાવનારા, મદારી, રસ્તા પર ખેલ કરતા નટ-બજાણિયા તેમના વ્યવસાયને લઈને જ વિપરીત પરિસ્થિતિમાં મુકાયા.

જ્યારે સંસ્થાનવાદી કાયદાઓએ બ્રિટિશ સરકારને જંગલો અને જંગલની પેદાશોનું શોષણ કરવામાં સહાય કરી ત્યારે તેમને લાગ્યું કે વિમુક્ત અને વિચરતી જાતિઓ તેમ જ આદિજાતિઓ જ જંગલો, વન્ય જીવો અને સમુદાયના નિર્માણને નુકસાન પહોંચાડી રહ્યા છે, પરંતુ પુરાવાઓ એ પુરવાર કરે છે કે બ્રિટિશરોએ બનાવેલ કાયદાઓને કારણે જ આ સમુદાયો જંગલની પેદાશો પરના પોતાના આજીવિકા હકનો ઉપયોગ કરવાથી વંચિત રહેલ છે. સંસ્થાનવાદના સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય હિતના બહાના હેઠળ જંગલની પેદાશોનું વ્યાપારીકરણ શરૂ થયું. દેશી લોકોના જંગલ પરના તમામ હક-અધિકારો ઝૂંટવી લેવામાં આવ્યા, તેથી આદિજાતિ સમુદાયો તેમ જ પરંપરાગત જંગલવાસીઓ પોતાના પરંપરાગત આજીવિકાનાં સાધનો છોડીને જંગલમાંથી હિજરત કરી ગયા.

આદિવાસીઓને સંબંધ છે ત્યાં સુધી તેમના અસ્તિત્વને જંગલમાંથી અલગ કરી શકાય તેમ નથી. રાજ્યની આદિવાસી નીતિ કે વનનીતિ ઉપરના વિધાનને પૂર્ણ રીતે સમજ્યા વિના ઘડી શકાય તેમ નથી. સ્વાતંત્ર્ય પૂર્વે કે સ્વાતંત્ર્ય પછી આ પાયાની હકીકત સરકારે ધ્યાનમાં લીધી નથી.

**4.18 અન્ય પરિબળો**

વિચરતી જાતિઓનો ઉદ્ભવ ક્યારે અને કયા સંજોગોમાં થયો તે માટે જુદાં જુદાં મંતવ્યો જોવા મળે છે. જેમાં લૂંટફાટ અથવા રાજ્ય કબજે કરવા માટેનું આક્રમણ, ધર્માંતર કે ધર્મના ફેલાવા માટેનું આક્રમણ, કુદરતી આફત, ઔદ્યોગિકીકરણ તેમજ અન્ય કારણોનો

સમાવેશ થાય છે (આચાર્ય, અ. 2006).

જૂના જમાનામાં પોતાના રાજ્યનો વિસ્તાર વધારવા માટે અથવા અન્ય રાજ્યની સંપત્તિની લૂંટફાટ કરવા આક્રમણો થતાં હતાં. આક્રમણ(યુદ્ધ)માં હાર પામેલા સૈનિકોનું પોતાનું રાજ્ય અન્યના તાબામાં જ્યારે જતું ત્યારે તે સ્થિતિ સહન ન થતા સૈનિકો પોતાનું સ્વમાન જાળવવા પોતાનું રાજ્ય છોડી અન્ય સ્થળે આશરો લઈ આજીવિકા મેળવવા માટે વતનનો ત્યાગ કરતા અને એમનું પરિભ્રમણ શરૂ થતું. આ પરિભ્રમણ દરમિયાન તેમને સ્થાયી આશરો કે આજીવિકા મળે તો તેઓમાંના કેટલાક સ્થિર થતા અને બાકીના આજીવિકા માટે પરિભ્રમણ કરતા હતા. ગુજરાતમાં ગાડલિયા-લુવારિયાને નામે જે જાતિ ઓળખાય છે, તેમનું મૂળ રાજસ્થાનનું મેવાડ છે, જ્યારે રાણા પ્રતાપના સૈન્યની મોગલ લશ્કર સામે હાર થઈ ત્યારે મેવાડમાં રહેવાને બદલે પોતાનું સ્વમાન જાળવવા તેમણે મેવાડ છોડ્યું અને આજીવિકા માટે વિચરતું જીવન સ્વીકાર્યું.

ધર્મના ફેલાવા માટે જૂના સમયમાં આક્રમણો થતાં હતાં. આવા આક્રમણના સમયે જેની હાર થાય તેઓ ધર્માંતરનો સ્વીકાર કરતા અથવા પોતાના ધર્મનું રક્ષણ કરવા માટે દૂર દૂર જંગલમાં જતા રહેતા હતા. ઘરબાર છોડીને જતો રહેતો. આ માનવસમૂહ અશરો અને આજીવિકા મેળવવા માટે પરિભ્રમણ કરતો થયો તેવું માનવામાં આવે છે. મહંમદ ગઝનવીએ ભારત પણ આક્રમણ કર્યું હતું. લૂંટફાટ કરીને તે પાછો ફરતો હતો ત્યારે તેની સાથે 5,00,000 કેદીઓને ગુલામ બનાવીને લઈ ગયો હતો. આ ગુલામોના સમૂહમાંથી 'રોમા' નામની ભટકતી જાતિનો ઉદ્‌ભવ થયો હોવાનું માનવામાં આવે છે. જે સમગ્ર યુરોપમાં આજે ફેલાયેલી છે (આચાર્ય, અ. 2006).

કુદરતી આફતને કારણે પણ માનવસમૂહને ઘરબાર અને મિલકત-જમીન છોડી ભટકતું જીવન શરૂ કરવું પડતું હોય છે. ખાસ કરીને એવા વિસ્તારમાં રહેતા માનવસમૂહને જ્યાં જમીન ઓછી ફળદ્રુપ, વરસાદ અનિયમિત અને ઓછો થતો હોય તથા અવારનવાર દુકાળ પડતો હોય. સામાન્ય પરેશાની તો માનવી સહન કરી લેતો હોય છે, પરંતુ ઉપરાઉપરી બે-ત્રણ વર્ષ દુકાળ આવે ત્યારે જમીન-ઘર-મિલકત વગેરે છોડી મજૂરી મેળવવા ભટકવું પડે છે. આઝાદી પહેલાં ઘણાં ગામો આ પરિસ્થિતિના કારણે માનવવસતિ વિનાનાં થઈ ગયા હતા. ઔદ્યોગિકીકરણ-વૈશ્વિકીકરણના કારણે અનેક નાના-મોટા કારીગરોની રોજીરોટી ઉપર અસર થઈ છે અને તેમને રોજીરોટી માટે પરિભ્રમણ કરવાનો વારો આવ્યો છે.

ઉપરનાં કારણો સિવાય પણ અન્ય સંજોગોને કારણે, જેમ કે ન્યાત બહાર મૂકવાના કારણે માનવને ભટકતું જીવન અપનાવવું પડે છે. ગુજરાતમાં ભવૈયાને વિચરતી જાતિમાં મૂકવામાં આવ્યા છે. આ જાતિના મૂળમાં જો નજર કરીએ તો એવી દંતકથા જાણવા મળે છે કે એક વિદ્વાન બ્રાહ્મણને સંજોગવસાત્ પટેલની પુત્રી સાથે લગ્ન કરવાં પડ્યાં. બ્રાહ્મણની નાતે આ બ્રાહ્મણને ન્યાત બહાર મૂક્યો, તેથી પટેલે તેને આશરો આપ્યો અને તેમના ભરણપોષણની વ્યવસ્થા કરી. અસાઈત ઠાકરે આ વિદ્વાન બ્રાહ્મણને આજીવિકા મળે તે માટે જીવનના જુદા જુદા પાસાને વણી લઈને ભવાઈના વેશ લખ્યા. આજે એના વંશજો ગુજરાતમાં ઠેર ઠેર ભવાઈ ભજવીને આજીવિકા મેળવતા થયા.

**5. ઉપસંહાર :**

આમ, જુદા જુદા સમયે જુદા જુદા સંજોગોમાં વિચરતી જાતિનો ઉદ્‌ભવ થયાનું જણાય છે. એ નોંધવું પણ રસપ્રદ બનશે કે જ્યારે કેટલીક જાતિ સંજોગોને કારણે વિચરતી જાતિમાં પરિણમી તો કેટલીક વિચરતી જાતિ સમય જતાં સ્થાયી પણ થઈ છે. અશ્વોનો ઉછેર કરનાર કાઠી કોમ ઈસુની 13મી સદીમાં ઉત્તર ભારતમાંથી સૌરાષ્ટ્રમાં આવી અને કેટલાક સમય સુધી પરિભ્રમણ કરતું જીવન વિતાવ્યું, પણ પછી તેઓ સ્થાયી થયા હોવાનું મનાય છે.

આમ, બ્રિટિશરોએ 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિને અનુસરીને અમુક જાતિઓને સમાજમાંથી લગભગ બહિષ્કૃત કરવાની નીતિ અપનાવી. તેમને

શોષણ અને અન્યાયનો પ્રતિકાર કરનાર જાતિઓને અલગ કરવામાં જ જાણે તે સમસ્યાનો ઉકેલ દેખાયો અને તેથી તેમને અલગ કરીને, પોતાને યોગ્ય લાગે તેવાં પગલાં લઈને તે જાતિઓનું જીવન અમાનવીય બનાવી દીધું. તેમણે શોષણ અને અન્યાયનો પ્રતિકાર કરનાર જૂથોને ગુનેગાર જાતિઓ ગણીને તેમના માટેનો જે કાયદો ઘડ્યો તે તો તેમને મન પોતાના સંસ્કૃતીકરણના મિશનનો જ હિસ્સો હતો. પરંતુ જે જાતિઓને ગુનેગાર ગણીને તેમને બહિષ્કૃત કરવાને કારણે તે જાતિઓના સામાજિક જીવન, સ્વાસ્થ્ય, આર્થિક, ઉપાર્જન વગેરે ઉપર ગંભીર અસરો પડી. તેમને 'ગુનેગાર'નું કલંક લગાડવામાં આવ્યું અને તેમની સાથે અમાનવીય વ્યવહાર કરવામાં આવ્યો. તેમનાં સંસાધનો ઝૂંટવાઈ ગયાં. તેને કારણે તેમના સામાજિક વાતાવરણમાં વ્યાપક પરિવર્તન આવ્યું. સંપૂર્ણ જાણકારી હોવા છતાં બ્રિટિશરો પોતાની યોજનામાં આગળ ને આગળ જ વધતા ગયા. ખરેખર તો તેઓ જે પ્રકારની પરિસ્થિતિમાં મુકાયા તેને કારણે જ તેમનામાં ગુનાહિતવૃત્તિ પાંગરી એમ કહી શકાય.

**સંદર્ભ/ગ્રંથ સૂચિ :**


1. Group, T. A. (2006). Recommendations of the Technical Advisory Group. New Delhi : Ministry of Social Justice and Empowerment, Government of India.
2. H., D. (2016). Denotified, Nomadic and Semi-Nomadic Tribes : A Search for New Hope. New Delhi : Government of India.
3. Press, F. (2003, October 31). विमुक्त व घुमंतू जनजातियों के लिए इदाते कमीशन की सिफारिशें. Retrieved from http://www.forwardpress.in/2019/03/idate-commission-dnt-nomadic-hindi/.
4. Rao, M. S. (2013). Understanding Denotified and Nomadic Tribes through Resolutions, Recommendations & Representations. Secunderabad, Andhra Pradesh, India : Actionaid.
5. Rathod, M. (2014, November 7). Retrieved from https://anarchyindia.wordpress.com.
6. Rathod, M. (April-September, 2000). Denotified and Nomadic Tribes in Maharashtra. Budhan, 1-7.
7. Idate B. R. (2017). Report of National Commission for De-Notified, Nomadic and Semi-Nomadic Tribes. Delhi : Ministry of Social Justice and Empowerment, Government of India.
8. सिंह, अ. क. (जनवरी, २०१४). नई रोशनी की तलाश में घुमंतू जनजातियां. योजना, ११-१५.
9. આચાર્ય, અ. (2006). સરનામા વગરના માનવી. અમદાવાદ : જનપથ.
10. નિયામક, વ. વ. (2023, ઑક્ટોબર 31). વિચરતી - વિમુક્તજાતિઓની યાદી Retrieved from https://sje.gujarat.gov.in/gntdnt/ntdnt-cast.
11. પટેલ, મ. (2010). ગુજરાતના વિચરતા અને વિમુક્ત સમુદાયો. અમદાવાદ : વિમક્ત પ્રકાશન, વિચરતા સમુદાય સમર્થન મંચ. Interviewer)
12. બારીઆ, વ. (2023, જૂન 4-6). પંચમહાલના નાયકા જનજાતિનો સ્વાતંત્ર્યસંગ્રામ. (ભ. શેખ, Interviewer)
13. વાઘેલા, અ. (2022). વિસરાયેલા શહીદો, પંચમહાલના નાયક આદિવાસીઓનો આઝાદીનો જંગ (1838-1868). અમદાવાદ : અક્ષર પબ્લિકેશન

# ગુજરાતમાં અનુસૂચિત જાતિમાં સ્થળાંતર : એક દશકનું અવલોકન

– રશ્મિકા ડાભી*

**પ્રસ્તાવના :**

સ્થળાંતર એ માનવના વિકાસનું મહત્ત્વનું લક્ષણ છે. જ્યારે વ્યક્તિ કે કુટુંબ પોતાના જન્મસ્થળને ટૂંકા કે લાંબા ગાળા માટે અથવા હંમેશ માટે છોડીને અન્ય સ્થળે વસવાટ કરે છે તેને સ્થળાંતર તરીકે ઓળખવામાં આવે છે. સ્થળાંતર માટે વિવિધ કારણો જવાબદાર હોય છે તેને મુખ્યત્વે ખેંચાણ અને ધક્કાપ્રેરિત એમ બે ભાગમાં વહેંચવામાં આવે છે. સામાન્ય રીતે વ્યક્તિ કે કુટુંબ વધુ સારા જીવનની શોધ માટે સ્થળાંતર કરતાં હોય છે જેને ખેંચાણપ્રેરિત સ્થળાંતર તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે વ્યક્તિની ઇચ્છા ન હોવા છતાં જીવનનિર્વાહના સ્રોતો શોધવા અથવા કુદરતી વિપરીત પરિબળોના કારણે સ્થળાંતર કરવું પડે જેને ધક્કાપ્રેરિત સ્થળાંતર તરીકે ઓળખવામાં આવે છે.

ભારતમાં થતાં કુલ સ્થળાંતરની વિગત તપાસીએ તો, દેશમાં 2011ની વસ્તીગણતરી અનુસાર કુલ 454 મિલિયન સ્થળાંતર કરનારા હતા (ભારત સરકાર, 2011). ભારતની વસ્તીગણતરી 2011 અનુસાર 450 મિલિયન વ્યક્તિઓ છેલ્લા રહેઠાણના સ્થળેથી સ્થળાંતર થયા હતા જે દેશની કુલ વસ્તીના લગભગ 37 છે. 1991ની વસ્તીગણતરીમાં નોંધાયેલ આંતરિક સ્થળાંતર (225 મિલિયન) કરનારાઓની સંખ્યા લગભગ બમણી છે (Luso & Bhagat 2021). ભારતમાં 2001માં 314.54 મિલિયન અને 2011માં 455.79 મિલિયન સ્થળાંતર થયું છે (ડાઉન ટુ અર્થ 2020).

સ્થળાંતર એ લોકોના આર્થિક, રાજકીય અને સામાજિક જીવનને પ્રભાવિત કરે છે આથી સ્થળાંતર માત્ર આર્થિક વિકાસ માટે જ નહિ, પરંતુ લોકોને પોતાના અસ્તિત્વને ટકાવી રાખવામાં પણ મદદ કરે છે (Deshingar 2009). સ્થળાંતર કરનારાઓ વંચિત સમુદાયમાંથી આવે છે જ્યાં ભૌતિક, નાણાકીય અને માનવસંસાધનોની પહોંચ મર્યાદિત હોય છે જ્યાં તેમની નીચી સામાજિક અને રાજકીય સ્થિતિ જીવનધોરણ સુધારવા માટે સ્થળાંતરની ફરજ પાડે છે (Dakau & Kailash 2019). ઐતિહાસિક રીતે વંચિત સમુદાયો છે જેમ કે અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાત જાતિઓ કે જેઓ સ્થળાંતરમાં વધારે પ્રતિનિધિત્વ ધરાવે છે. આવા વંચિત સમુદાયો સ્થળાંતરને જાતિ આધારિત વંચિતતા અને ગરીબીમાંથી મુક્ત થવાના માર્ગ તરીકે જુએ છે (Deshingar & Akter 2009). જોકે જ્ઞાતિના ગરીબ સ્થળાંતર કરનારાઓ શહેરી અનિયંત્રિત અનૌપચારિક ક્ષેત્રમાં શોષણનો ભોગ બને છે (Panda 2012). ભારતમાં કુલ આંતરરાજ્ય સ્થળાંતર કરનારાઓમાંથી લગભગ 16 ટકા અનુસૂચિત જાતિના લોકો છે (Singh 2020).

ગ્રામીણ લોકોની રોજગારી મોટાભાગે ખેતી પર આધારિત છે તેમજ બિનખેતી રોજગાર પણ ખેતીની આસપાસ જ જોવા મળે છે. આથી સ્થળાંતરને આવકના સ્રોત અથવા તો આજીવિકાના સહાયક સ્રોત તરીકે વધુ ને વધુ જોવામાં આવી રહ્યું છે, કારણ કે ગ્રામીણ વિસ્તારો એટલા કૃષિપ્રધાન નથી રહ્યા જેના કારણે ગ્રામીણ અર્થવ્યવસ્થામાં કૃષિનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટી ગયું છે, પરિણામે આજીવિકાની પેટર્ન વૈવિધ્યસભર બની છે (Nandan & Bhagat 2021). જમીન માલિકી એ મહત્ત્વનું પરિબળ છે. મોટા પ્રમાણમાં જમીન હોય તેમની સ્થળાંતરની સંભાવના પણ ઓછી જોવા મળે છે. ગામડાઓમાં અનુસૂચિત જાતિ પાસે સંસાધનો પૂરતા પ્રમાણમાં નથી. 60 ટકા અનુસૂચિત જાતિ જમીન-વિહોણા છે આથી જમીનમાલિકી અને જ્ઞાતિ પણ સ્થળાંતરનું મુખ્ય કારણ છે (Hirway 2014).

* પીએચ.ડી. સંશોધક, સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. rashmikadabhi8@gmail.com

આમ, ગામમાં રોજગારી પૂરતા પ્રમાણમાં ન મળવી તેમજ જ્ઞાતિગત માળખાના પરિણામે અનુસૂચિત જાતિ દ્વારા સ્થળાંતર કરવામાં આવતું હશે. સ્થળાંતર પર કાર્યકારી જૂથ 2017ના અહેવાલ અનુસાર તમામ સામાજિક કૅટેગરી માટે સ્થળાંતરનો નોંધપાત્ર હિસ્સો લગ્ન અથવા પરિવાર સાથેનું સ્થળાંતર છે, જ્યારે અનુસૂચિત જાતિ અને જનજાતિ રોજગાર માટે શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરતા હોય છે. આ પેટર્નના પરિણામે અનુસૂચિત જાતિ અને જનજાતિના સામાજિક વર્ગોને અમુક અર્થમાં શહેરમાંથી બાકાત રાખવામાં આવ્યા છે, કારણ કે ઓછી આવડત, નબળા સામાજિક નેટવર્કના અભાવના કારણે તેમને વંચિત રાખવામાં આવ્યા છે.

પ્રસ્તુત લેખનો મુખ્ય હેતુ ગુજરાતમાં અનુસૂચિત જાતિમાં છેલ્લા એક દશકમાં આવેલ ફેરફારો અને સ્થિતિ તપાસવાનો છે. પેપરમાં ભારતની વસ્તીગણતરીના 2001 અને 2011ના હેવાલના આધારે ગુજરાતમાં અનુસૂચિત જાતિના સ્થળાંતરની તપાસ કરવામાં આવી છે. આ તપાસમાં અનુસૂચિત જાતિમાં થતાં સ્થળાંતરની અન્ય જાતિઓની સાથે સરખામણી કરવામાં આવી છે. તેમજ તેની પાછળનાં કારણો પણ તપાસવામાં આવ્યાં છે.

**અભ્યાસપદ્ધતિ :**

ભારતીય વસ્તીગણતરી બે વિભાવના જન્મસ્થળ અને છેલ્લા નિવાસસ્થાનના આધારે થતાં સ્થળાંતર સંબંધિત આંકડાનો આધાર લીધો છે. જો ગણતરીનું વર્તમાન સ્થળ જન્મસ્થળથી અલગ હોય તો ભારતીય વસ્તીગણતરી મુજબ તેને સ્થળાંતર તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. તેવી જ રીતે જો વર્તમાન રહેઠાણનું સ્થળ (ગણતરીની જગ્યા) છેલ્લા રહેઠાણના સ્થાનથી અલગ હોય તો તેને પણ સ્થળાંતર ગણવામાં આવે છે. (Irudaya & Mishra 2011). ભારતની વસ્તીગણતરીમાં જન્મસ્થળ, છેલ્લા રહેઠાણનું સ્થળ, સમયગાળા સાથે છેલ્લા રહેઠાણના સ્થળ દ્વારા સ્થળાંતર અંગેની વિગતો આપેલ છે. અહીં 2001-2011ની વસ્તીગણતરીના સ્થળાંતરના હેવાલનો આધાર લેવામાં આવ્યો છે. જેમાં D3 ક્રમનાં કોષ્ટકો જેમ કે D3, D3, SC, D3ST નો આધાર લેવામાં આવ્યો છે. પ્રસ્તુત લેખને કુલ પાંચ વિભાગમાં વહેંચેલ છે. બીજા વિભાગમાં અનુસૂચિત જાતિના સ્થળાંતર અંગે, ત્રીજા વિભાગમાં અનુસૂચિત જાતિમાં થતાં સ્થળાંતરનાં કારણો, ચોથા વિભાગમાં વિવિધ જાતિઓમાં થતાં સ્થળાંતરની સરખામણી કરવામાં આવી છે. તેમજ અંતિમ વિભાગમાં મહત્ત્વનાં તારણો છે.

**II. ગુજરાતમાં અનુસૂચિત જાતિના સ્થળાંતરની સ્થિતિ :**


સ્થળાંતર એ ચોક્કસ સીમાઓ પર લોકોની ભૌગોલિક હિલચાલ છે. જે વિવિધ કારણોસર થાય છે ખાસ કરીને સામાજિક, આર્થિક અને રાજકીય કારણો. પ્રજનન અને મૃત્યુદરની સાથે સ્થળાંતર એ વસ્તી પરિવર્તનનું એક ઘટક છે. આમ, વિકાસમાં પ્રાદેશિક અસમાનતાને કારણે સ્થળાંતર વધુ થાય છે. આથી લોકો તેમની જીવનશૈલી સુધારવા માટે વિકાસ હેઠળના પછાત વિસ્તારોમાંથી વિકસિત અને સમૃદ્ધ વિસ્તારોમાં જાય છે (Das & Saha 2012). સ્થળાંતરના નિર્ણયમાં સંબંધિત વંચિતતા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે (Stark 1991).

ગ્રામીણ વસ્તીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનું ઊંચું પ્રમાણ ધરાવતો પ્રદેશ ખેતી વિકાસ અને અન્ય રોજગારીની તકોની દૃષ્ટિએ સામાન્ય રીતે પછાત હોય છે (Deolalikar 1977). અભ્યાસમાં જાણવા મળ્યું કે 79 ટકાથી વધુ સ્થળાંતર (મોટાભાગે પુરુષો) આંતરરાજ્યમાં હતું. જેમાં ગુજરાત સૌથી લોકપ્રિય સ્થળ તરીકે હતું. (Singh & Rawat 2020). આમ, ગુજરાતમાં અનુસૂચિત જાતિના સ્થળાંતરની પેટર્ન કેવા પ્રકારની છે તે અહીં સેન્સસના ડેટાને આધારે જોવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. : 1 ગુજરાતમાં અનુસૂચિત જાતિનું કુલ સ્થળાંતર (2011)**

| કુલ સ્થળાંતર સ્થળાંતર | ગ્રામીણ સ્થળાંતર | શહેરી સ્થળાંતર | ગ્રામીણથી ગ્રામીણ | ગ્રામીણથી શહેર | શહેરથી ગ્રામીણ | શહેરથી શહેર |
|---|---|---|---|---|---|---|
| 16,15,877 | 10,75,157 | 4,06,164 | 6,77,734 | 3,97,423 | 1,20,655 | 2,85,509 |
| ટકામાં | 67 | 25.17 | 41.94 | 24.59 | 7.47 | 17.67 |

**ગુજરાતમાં અનુસૂચિત જાતિનું સ્થળાંતર (2011)**




સ્રોત : D-3 SC : MIGRANTS WITHIN THE STATE/UT BY PLACE OF LAST RESIDENCE, DURATION OF RESIDENCE AND REASON OF MIGRATION FOR SCHEDULED CASTE - 2011

ગુજરાતમાં અનુસૂચિત જાતિના કુલ સ્થળાંતરમાં અનુસૂચિત જાતિનું 67 ટકા ગ્રામીણ અને 26 ટકા શહેરી સ્થળાંતર થયેલ છે. અનુસૂચિત જાતિનું સૌથી વધારે 41.94 ટકા ગ્રામીણથી ગ્રામીણ સ્થળાંતર થયું છે. તેના પછી બીજા નંબરે ગ્રામીણથી શહેરી સ્થળાંતર 25 ટકા જેટલું છે. અનુસૂચિત જાતિનું શહેરથી ગ્રામીણ 7.47 ટકા અને શહેરથી 17.67 ટકા સ્થળાંતર કરે છે. આ આંકડાઓ દર્શાવે છે કે અનુસૂચિત જાતિ હજુ પણ ગામથી ગામોમાં વધારે સ્થળાંતર કરી રહી છે સાથે સાથે ધીરે ધીરે શહેરોમાં પણ સ્થળાંતરના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે.

**ગુજરાતના જિલ્લાઓમાં સ્થળાંતરની તરાહ :**

ભારતના શહેરી વિસ્તારોમાં આંતરરાજ્ય સ્થળાંતર આકર્ષિત કરનારાં મુખ્ય રાજ્યોમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. છેલ્લા બે વસ્તીગણતરીના સમયગાળા દરમિયાન સ્થળાંતરની પેટર્ન દર્શાવે છે કે ગુજરાતના જિલ્લાઓમાં ઔદ્યોગિકીકરણને કારણે સ્થળાંતરને આકર્ષી રહ્યા છે. અમદાવાદ અને સુરત ગુજરાત રાજ્યનાં મુખ્ય વેપારી અને ઔદ્યોગિક કેન્દ્રો છે. અમદાવાદ એક સમયે તેના કાપડઉદ્યોગના કારણે ભારતનું માન્ચેસ્ટર માનવામાં આવતું હતું. પાછળથી કાપડઉદ્યોગમાં થયેલ ઘટાડા પછી નરોડા, ઓઢવ અને વટવા જેવી નાની અને મધ્યમ કદની ઔદ્યોગિક વસાહતોને લીધે તે ગુજરાત રાજ્યનું એક મોટું વ્યાપારી કેન્દ્ર બની ગયું છે. આથી અમદાવાદ શહેર સ્થળાંતર માટે નોંધપાત્ર બન્યું છે. સુરત તાજેતરના વર્ષોમાં દક્ષિણ ગુજરાતના મુખ્ય ઔદ્યોગિક અને વ્યાપારી કેન્દ્ર તરીકે ઊભરી આવ્યું છે. જ્યાં ટેક્સટાઇલ ઉત્પાદન અને અન્ય નાના ઉદ્યોગો સંગઠિત થયા છે. જામનગર, ભાવનગર અને રાજકોટમાં ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે તેથી ત્યાં પણ શ્રમની માંગ ઊભી થઈ છે. આથી નોંધપાત્ર ઔદ્યોગિક વિકાસના પરિણામે મોટા પ્રમાણમાં સ્થળાંતર થયું છે (ROY & Saha 2023).

**કોષ્ટક નં. : 2 ગુજરાતમાં અનુસૂચિત જાતિનું છેલ્લા રહેઠાણના સ્થળના આધારે જિલ્લાઓમાં કુલ સ્થળાંતર (ગ્રામ અને શહેરી) 2011**

| વિગત | કુલ સ્થળાંતર | ટકાવારી |
|---|---|---|
| ગુજરાતી | 16,15,877 | 100 |
| કચ્છ | 1,09,916 | 6.80 |
| બનાસકાંઠા | 96,760 | 5.99 |
| પાટણ | 45,775 | 2.83 |
| મહેસાણા | 71,361 | 4.42 |
| સાબરકાંઠા | 69,488 | 4.30 |
| ગાંધીનગર | 65,117 | 4.03 |
| અમદાવાદ | 2,56,708 | 16.90 |
| સુરેન્દ્રનગર | 67,541 | 418 |
| રાજકોટ | 1,27,480 | 4.09 |
| જામનગર | 66,048 | 4.09 |
| પોરબંદર | 20,902 | 1.29 |
| જૂનાગઢ | 1,09,687 | 8.10 |
| અમરેલી | 54,043 | 3.34 |
| ભાવનગર | 57,464 | 3.56 |
| આણંદ | 51,352 | 3.18 |
| ખેડા | 51,763 | 3.20 |
| પંચમહાલ | 34,436 | 2.13 |
| દાહોદ | 10,022 | 0.62 |
| વડોદરા | 1,05,943 | 7.60 |
| નર્મદા | 4,235 | 0.26 |
| ભરૂચ | 36,085 | 2.23 |
| ડાંગ | 362 | 0.02 |
| નવસારી | 20,176 | 1.25 |
| વલસાડ | 16,084 | 1.00 |
| સુરત | 64,084 | 4.70 |
| તાપી | 3,045 | 0.19 |

MIGRANTS WITHIN THE STATE/UT BY PLACE OF LAST RESIDENCE, DURATION OF RESIDENCE AND REASON OF MIGRATION FOR SCHEDULED CASTE-2011

ગુજરાતમાં અમદાવાદ એ ઉચ્ચ ઔદ્યોગિક અને શહેરીકૃત ભાગોમાંનું એક છે. 1940માં કાપડઉદ્યોગનો વિકાસ ટોચ પર હતો જેને નોંધપાત્ર રીતે સ્થળાંતર કરનારાને આકર્ષિત કર્યા હતા (Bhatt 2003). ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ જાણવા મળે છે કે ગુજરાતમાં સૌથી વધારે અનુસૂચિત જાતિનું સ્થળાંતર અમદાવાદમાં થયેલું જોવા મળે છે. પટેલ સુજાતા (1984) એ અમદાવાદની 66 ટેક્સટાઇલ મિલોમાંથી 639 કામદારોનો સર્વે કર્યો હતો. આ સર્વેમાં જાણવા મળ્યું કે જે કામદારો છે તેમાંથી 50 ટકા વણકર, 30 ટકા ચમાર જ્ઞાતિના હતા. આ દર્શાવે છે કે સૌથી વધુ મિલોમાં કામદાર મજૂર તરીકે અનુસૂચિત જાતિના લોકો હતા. આમ, અમદાવાદ મિલઉદ્યોગના વિકાસને લીધે સ્થળાંતર માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.


અમદાવાદ પછી જૂનાગઢ અને વડોદરામાં અનુસૂચિત જાતિનું સ્થળાંતર થયું છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ આ જિલ્લાઓ મહાનગરપાલિકામાં આવે છે. આ જિલ્લાઓમાં શહેરીકરણના પ્રમાણમાં વધારો થયો છે. આથી આ જિલ્લાઓમાં સ્થળાંતર પ્રમાણમાં વધારો થયેલ જોવા મળે છે. અનુસૂચિત જાતિનું સૌથી ઓછું સ્થળાંતર નર્મદા, ડાંગ અને તાપી જિલ્લાઓમાં થયેલું છે. કારણ કે આ વિસ્તાર મોટાભાગે આદિવાસી વિસ્તાર છે તેથી ત્યાં અનુસૂચિત જાતિનું પ્રમાણ નહીંવત્ છે.

કોષ્ટક નં. 3 : ગુજરાતમાં અનુસૂચિત જાતિનું સ્થળાંતર 2001-2011

| વર્ષ | કુલ વસ્તી | સ્થળાંતર | ટકાવારી | પુરુષ | ટકાવારી | સ્ત્રી | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| 2001 | 3592715 | 1200262 | 33.41 | 367496 | 30.62 | 832766 | 69.38 |
| 2011 | 4074447 | 1615877 | 39.66 | 535115 | 33.12 | 1080762 | 66.88 |

સ્રોત : D-3 SC : MIGRANTS WITHIN THE STATE/UT BY PLACE OF LAST RESIDENCE, DURATION OF RESIDENCE AND REASON OF MIGRATION FOR SCHEDULED CASTE - 2011

## ગુજરાતમાં અનુસૂચિત જાતિનું સ્થળાંતર (2001-2011)




ભારતીય વસ્તીગણતરીના આંકડાઓ અનુસાર ગુજરાતમાં 2001ની સરખામણીએ 2011માં અનુસૂચિત જાતિના સ્થળાંતરના પ્રમાણમાં વધારો થયેલ જોવા મળે છે. 2001ની સરખામણીએ 6 ટકા જેટલા સ્થળાંતરના પ્રમાણમાં વધારો થયેલ જોવા મળે છે. 2001માં પુરુષોનું સ્થળાંતર 30 ટકા જેટલું હતું જે વધીને 2011માં 33 ટકા જેટલું થયું છે એટલે કે અનુસૂચિત જાતિના પુરુષોના સ્થળાંતરમાં ત્રણ ટકા જેટલો વધારો થયેલ છે. આંકડાઓ અનુસાર 2001ની સરખામણીએ 2011માં અનુસૂચિત જાતિની સ્ત્રીના સ્થળાંતરમાં ત્રણ ટકા જેટલો ઘટાડો થયેલ જોવા મળે છે.

**III. અનુસૂચિત જાતિમાં સ્થળાંતરનાં કારણો :**


સ્થળાંતર એ ઘણાં બધાં કારણોને પરિણામે કરવામાં આવતું હોય છે. ડેવિસ જણાવે છે કે જાતિપ્રથા, સંયુક્ત કુટુંબ, પરંપરાગત મૂલ્ય, ભાષા અને સંસ્કૃતિની વિવિધતા, શિક્ષણનો અભાવ, કૃષિ અને સામંતવાદી જમીન સંબંધોના વર્ચસ્વને આભારી છે (Davis 1951). સ્થળાંતર કરવા માટેનું એકમાત્ર કારણ રોજગારી જ હોતું નથી. આ ઉપરાંત વય, લિંગ, શિક્ષણ, જાતિ, ધર્મ, આર્થિક સ્થિતિ વગેરે પરિબળો હોઈ શકે છે (Tilak & Kinshuk 2018). સેન્સસ ઑફ ઇન્ડિયામાં સ્થળાંતર માટેનાં કારણો આપવામાં આવ્યાં છે. જેમાં 2001 અને 2011 માટે રોજગારી, વ્યવસ્થા, શિક્ષણ, લગ્ન, જન્મ પછી સ્થળાંતર, પરિવાર સાથે સ્થળાંતર અને અન્ય સ્થળાંતરના ડેટા આપવામાં આવેલ છે. આ ડેટાના આધારે અનુસૂચિત જાતિ કયાં કારણોસર સ્થળાંતર કરી રહી છે તે અહીં આપણે જાણી શકીશું.

કોષ્ટક નં. 4 : ગુજરાતમાં અનુસૂચિત જાતિના સ્થળાંતરના કારણો 2001-2011

| વિગત | 2001 | | 2011 | |
|---|---|---|---|---|
| સ્થળાંતર | 1200262 | | 1615877 | |
| રોજગારી | 83120 | 6.93 | 148533 | 9.19 |
| વ્યવસાય | 30808 | 2.57 | 15029 | 0.93 |
| શિક્ષણ | 11978 | 1 | 12832 | 0.79 |
| લગ્ન | 578515 | 48.20 | 699376 | 43.28 |
| જન્મ પછી સ્થળાંતર | 90342 | 7.53 | 165251 | 10.23 |
| પરિવાર સાથે સ્થળાંતર | 180637 | 15.05 | 260468 | 16.12 |
| અન્ય | 224862 | 18.73 | 314388 | 19.46 |

સ્રોત : D-3 SC : MIGRANTS WITHIN THE STATE/UT BY PLACE OF LAST RESIDENCE, DURATION OF RESIDENCE AND REASON OF MIGRATION FOR SCHEDULED CASTE - 2001
D-3 SC : MIGRANTS WITHIN THE STATE/UT BY PLACE OF LAST RESIDENCE, DURATION OF RESIDENCE AND REASON OF MIGRATION FOR SCHEDULED CASTE - 2011

ગુજરાતમાં અનુસૂચિત જાતિના સ્થળાંતરના કારણો 2001-2011




સ્રોત : (Census Of India - D-3 SC 2001 and 2011 Migration Data)

ઉપરના ગ્રાફ જોઈને જાણી શકાય છે કે અનુસૂચિત જાતિનું 2001ની સરખામણીએ 2011માં સ્થળાંતરનું પ્રમાણ વધ્યું છે. સામાજિક જૂથોમાં જે પછાત રહી ગયેલા સમુદાય છે તે શ્રમબજારમાં સૌથી વધારે વંચિત જોવા મળે છે (Singh 2020). આમ, રોજગારી માટે 2001ની સરખામણીએ 2011માં સ્થળાંતરના પ્રમાણમાં વધારો થયો છે, પરંતુ વ્યવસાય માટે અનુસૂચિત જાતિમાં 2001ની સરખામણીએ સ્થળાંતરના પ્રમાણમાં 2 ટકા

જેટલો ઘટાડો થયો છે. જે દર્શાવે છે કે અનુસૂચિત જાતિના લોકો પાસે સંસાધનો નથી, આથી તેમના વ્યવસાયમાં ઘટાડો થયો છે.

આજ રીતે શિક્ષણના પ્રમાણમાં સ્થળાંતરમાં ઘટાડો થયો છે. જે દર્શાવે છે કે અનુસૂચિત જાતિને શિક્ષણ માટે પહેલાંની સરખામણીએ ઓછું સ્થળાંતર કરવું પડે છે એટલે કે તેઓ શિક્ષણની સુવિધાઓ મેળવી રહ્યા છે. લગ્ન માટે પણ અનુસૂચિત જાતિના સ્થળાંતરમાં 5 ટકા જેટલો ઘટાડો 2001 થી 2011માં થયેલો જોવા મળે છે.

મજૂર સ્થળાંતરનું નવું અર્થતંત્ર (NELM) દલીલ કરે છે કે સ્થળાંતર એ વ્યક્તિનો નિર્ણય નથી પરંતુ તે પરિવારનો નિર્ણય છે. આ સિદ્ધાંત એવી દલીલ કરે છે કે પરિવારો આવકના સ્રોતમાં વિવિધતા લાવવા અને તેમનાં જોખમોને ઘટાડવા માટે સ્થળાંતર કરવાનું નક્કી કરે છે. એ જ અનુસાર ઉપરના આંકડા દર્શાવે છે કે જન્મ પછી અને પરિવાર સાથેના અનુસૂચિત જાતિના સ્થળાંતરમાં 2001ની સરખામણીએ 2011માં વધારો થયેલ જોવા મળે છે.

**IV. ગુજરાતમાં વિવિધ જાતિઓમાં સ્થળાંતર :**


ગુજરાત રાજ્ય પ્રગતિશીલ રાજ્ય તરીકે ગણવામાં આવે છે. આ રાજ્યમાં 40.47 લાખ અનુસૂચિત જાતિની વસ્તી છે. કુલ અનુસૂચિત જાતિની વસ્તીના 60 ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. રાજ્યના કુલ ખેડૂતોમાં અનુસૂચિત જાતિના ખેડૂતો માત્ર 3.3 ટકા હતા. 2011ની વસ્તી ગણતરી અનુસાર, ગુજરાત રાજ્યમાં કુલ દલિત કામદારોમાંથી 7.9 ટકા ખેડૂત હતા અને ગ્રામીણ વિસ્તારોમાં 60 ટકા ખેતમજૂર હતા (Laxman 2019). આ આંકડાઓ દર્શાવે છે કે ગ્રામીણ ક્ષેત્રમાં અનુસૂચિત જાતિના લોકો પાસે પૂરતા પ્રમાણમાં સંસાધનો નથી. જમીન સંસાધનોનું અસમાન વિતરણ ગ્રામીણ બેરોજગારી અને ગરીબીને સીધી અસર કરે છે. આયોજન પંચના અંદાજ મુજબ 2009-10માં ગ્રામીણ દલિત માટે ગરીબી 42.3 ટકા હતી તેના સરખામણી એ સામાન્ય ગ્રામીણ વસ્તીની ગરીબી 33.8 ટકા હતી (Teltumbde 2017). આમ, ભૂમિહીનતા અને ગામમાં સંપત્તિનો અભાવ શહેરી વિસ્તારોમાં સ્થળાંતર માટે પ્રેરક પરિબળો હોવાનું માનવામાં આવે છે (Mitra 2009).

**કોષ્ટક નં. 5 : ગુજરાતમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય જાતિમાં છેલ્લા રહેઠાણના સ્થળના આધારે કુલ સ્થળાંતર (2011)**

| વિગત | કુલ વસ્તી | સ્થળાંતર | ટકા | પુરુષ | ટકા | સ્ત્રી | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| અનુસૂચિત જાતિ | 40,74,447 | 16,15,877 | 39.65 | 5,35,115 | 23 | 10,82,762 | 76.81 |
| અનુસૂચિત જનજાતિ | 89,17,174 | 26,88,446 | 30.16 | 6,23,382 | 33.11 | 20,65,064 | 66.88 |
| અન્ય જ્ઞાતિ | 6,04,39,692 | 2,68,98,286 | 44.50 | 99,94,352 | 37.15 | 1,69,03,934 | 62.84 |

સ્રોત : Table A11 - District wise scheduled tribe population
Table A10 - District wise scheduled caste population
Table D1 - population classified by place of birth, age and sex
Table D3, D3 SC, D3 ST D-3 ST : MIGRANTS WITHIN THE STATE/UT BY PLACE OF LAST RESIDENCE, DURATION OF RESIDENCE AND REASON OF MIGRATION F - 2011

## ગુજરાતમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય જાતિનું છેલ્લા રહેઠાણના સ્થળના આધારે સ્થળાંતર (2011)




સ્રોત : (Census Of India - D-3, D-3 SC, D-3 ST and A11, A10 and D1 Migration Data-2011)

ઉપરના કોષ્ટક પરથી જાણી શકાય છે કે અન્ય જ્ઞાતિની સરખામણીએ અનુસૂચિત જાતિનું સ્થળાંતર ઓછું છે, પરંતુ અનુસૂચિત જનજાતિના સ્થળાંતર કરતાં વધારે જોવા મળે છે. અનુસૂચિત જનજાતિના સ્થળાંતરનું પ્રમાણ અનુસૂચિત જાતિના સ્થળાંતર કરતાં ઓછું છે, કારણ કે અનુસૂચિત જનજાતિ પાસે ગામમાં જમીન છે. આથી તેઓ મોસમી સ્થળાંતર કરે છે. અનુસૂચિત જાતિની સ્ત્રીઓનું અન્ય જ્ઞાતિની સરખામણીમાં સૌથી વધારે સ્થળાંતર છે, કારણ કે લગ્ન માટે સ્થળાંતર કરે છે તેની સાથે અનુસૂચિત જાતિનું પરિવાર સાથેનું સ્થળાંતરનું પ્રમાણ પણ વધારે છે. જ્યારે સૌથી ઓછું સ્થળાંતર અન્ય જ્ઞાતિની સરખામણીએ અનુસૂચિત જાતિના પુરુષોનું જોવા મળે છે.

**કોષ્ટક નં. 6 : ગુજરાતમાં છેલ્લા રહેઠાણના સ્થળના આધારે સ્થળાંતર અને તેનાં કારણો 2011**


| વિગત | રોજગારી | વ્યવસાય | શિક્ષણ | લગ્ન | જન્મ પછી | પરિવાર સાથે | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| અનુસૂચિત જાતિ | 9.19 | 1 | 0.79 | 43.28 | 10.23 | 16.12 | 19.46 |
| અનુસૂચિત જનજાતિ | 5.02 | 0.47 | 2.03 | 60.27 | 5.55 | 7.89 | 18.76 |
| અન્ય જ્ઞાતિ | 11.31 | 2.22 | 0.95 | 38.59 | 9.60 | 17.97 | 19 |

સ્રોત : D-3 SC : MIGRANTS WITHIN THE STATE/UT BY PLACE OF LAST RESIDENCE, DURATION OF RESIDENCE AND REASON OF MIGRATION FOR SCHEDULED CASTE - 2011 (scheduled caste data)

D-3 ST : MIGRANTS WITHIN THE STATE/UT BY PLACE OF LAST RESIDENCE, DURATION OF RESIDENCE AND REASON OF MIGRATION FOR SCHEDULED TRIBE - 2011 (scheduled tribe data)

D-05 : Migrants by place of last residence, age, sex, the reason for migration, and duration of residence 2011, PC11_D05

## ગુજરાતમાં છેલ્લા રહેઠાણના સ્થળના આધારે સ્થળાંતરનાં કારણો (2011)




સ્રોત : (Census Of India - D-3 SC, D-3 ST and D-05 Migration Data-2011)

સ્થળાંતર એ વિવિધ કારણોને પરિણામે થતું હોય છે. ઉપરના કોષ્ટક પરથી જાણી શકાય છે કે અન્ય જ્ઞાતિમાં 11.31 ટકા, અનુસૂચિત જાતિમાં 9 ટકા અને અનુસૂચિત જનજાતિમાં 5 ટકા રોજગારી માટે સ્થળાંતર કરવામાં આવે છે કે જે દર્શાવે છે કે અનુસૂચિત જનજાતિ પાસે જંગલ જમીન છે તેથી રોજગારી માટેનું તેમનું સ્થળાંતરનું પ્રમાણ ઓછું છે જ્યારે અનુસૂચિત જાતિ પાસે સંસાધનો ન હોવાને લીધે સ્થળાંતર કરે છે. સ્થળાંતરની તરાહ લોકો જે સંસાધનો મેળવે છે તેના આધારે નક્કી થાય છે (Deshingar 2003). સ્થળાંતર કયા કારણે થાય છે તે માટે ઘણા અભ્યાસો થયેલા છે. જેમાં (Maruthi & Peshala 2018), (Lamani 2012) વગેરે જણાવે છે કે અનુસૂચિત જાતિ અપૂરતી રોજગારીના લીધે તેઓ સ્થળાંતર કરતા જોવા મળે છે.

વ્યવસાય માટે સૌથી વધારે અન્ય જ્ઞાતિ દ્વારા સ્થળાંતર થાય છે જ્યારે અનુસૂચિત જાતિ વ્યવસાય માટે માત્ર 1 ટકા સ્થળાંતર કરે છે. શિક્ષણ માટે સૌથી ઓછું સ્થળાંતર અનુસૂચિત જાતિ કરે છે જ્યારે સૌથી વધારે સ્થળાંતર અનુસૂચિત જનજાતિ કરે છે કારણ કે આદિવાસી વિસ્તારોમાં શાળાનું અંતર ઘણું દૂર હોય છે. આથી અનુસૂચિત જનજાતિનાં બાળકોએ શિક્ષણ મેળવવા માટે સ્થળાંતર કરવું પડે છે.

લગ્ન માટે સૌથી વધારે અનુસૂચિત જનજાતિ તેના પછી અનુસૂચિત જાતિ સ્થળાંતર કરે છે. સૌથી વધારે જન્મ પછી તરત જ અનુસૂચિત જાતિ (10.23 ટકા) સ્થળાંતર કરે છે અને સૌથી ઓછા (5.55 ટકા) અનુસૂચિત જનજાતિ સ્થળાંતર કરે છે. 16.12 ટકા અનુસૂચિત જાતિ પરિવાર સાથે સ્થળાંતર કરે છે જ્યારે અનુસૂચિત જનજાતિ માત્ર 7 ટકા જ પરિવાર સાથે સ્થળાંતર કરે છે.

સમાજમાં જે આંતરિક, સામાજિક અને રાજકીય માળખું છે જેમાં અનુસૂચિત જાતિને શોષિત અને વંચિત રાખવામાં આવી છે જેથી તે મુશ્કેલીમાં સ્થળાંતર કરે છે (Nanda 2018). ઉપરના આંકડાઓના આધારે કહી શકાય કે સૌથી વધારે 19.46 ટકા સાથે અન્ય કારણોને લીધે અનુસૂચિત જાતિ સ્થળાંતર કરે છે.

**V. ઉપસંહાર :**

ગુજરાતમાં અનુસૂચિત જાતિનું સૌથી વધારે ગ્રામીણથી ગ્રામીણ સ્થળાંતર થયેલ જોવા મળે છે, ત્યારબાદ ગ્રામીણથી શહેરોમાં સ્થળાંતર થાય છે. અનુસૂચિત જાતિ સૌથી વધુ સ્થળાંતર અમદાવાદમાં કરે છે. આ સ્થળાંતર મુખ્યત્વે રોજગારીના સ્રોતો માટે કરવામાં આવે છે કારણ કે ગામમાં પૂરતા પ્રમાણમાં તેમની પાસે રોજગારીના સ્રોતો તેમજ સંસાધનો ઉપલબ્ધ નથી. અસમાન સંસાધન વિતરણ તેમજ બેરોજગારીના લીધે તેઓ આજીવિકા મેળવવા માટે અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં સ્થળાંતર કરે છે. 2001ની સરખામણીએ 2011 અનુસૂચિત જાતિના સ્થળાંતરમાં 6 ટકાનો વધારો નોંધાયેલ છે. અનુસૂચિત જાતિના સ્થળાંતરમાં મુખ્યત્વે પરિવાર સાથેના સ્થળાંતરનું પ્રમાણ સૌથી વધારે છે. આ દર્શાવે છે કે અનુસૂચિત જાતિ મોસમી સ્થળાંતર કરતાં કાયમી સ્થળાંતર વધારે કરે છે.

**સંદર્ભસૂચિ :**


Bhatt, M. (2003). The case of Ahmedabad, India. Earthscan London.

Dakau, M. and Chandra, K. (2019). Intercensal change of Scheduled Caste migrants in India: based on Census data 2001 -2011. Thematics Journal of Geography Vol.no 8.

Das, K. and Saha, S. (2012). Inter-State Migration and Regional Disparities in India. IUSSP.

Davis, K. (1951). The Population of India and Pakistan. Princeton University Press. Deolalikar, A. (1977). Rural to Rural Migration in Gujafat - India. Massachusetts Institute of technology.

Deshingar, P. and Akter, S. (2009). Migration and Human Development in India. UNDP.

Deshingar, P. and Deniyal, S. (2003). Seasonal migration for Livelihoods in India: Coping, Accumulation and Exclusion. Overseas Development Institute, London.

Hirway, I. (2014). Migration and Development Study of Rural to Urban Temporary Migration to Gujarat. Centre for Development Alternatives, Ahemadabad.

Internal Migration in India- why, where and how much. (22 May 2020). down to Earth.

https://www.downtoearth.org.in/factsheet/internal-migration-in-india-why-where-how-much-71283

Irudaya, S. and Mishra, U. (2011). Facets of Indian mobility -an update, Migration, Identity, and conflict- India migration report. Routledge Taylor and Francis Group, London.

Lamani, P. and Honakeri, P. (2012). Migration among scheduled castes with special reference to Bijapur taluka of Karnataka state. Journal of Economic and Social Development, vol- viii.

Laxman, M. (2019). Land Reforms and Dalits in Gujarat: With Reference of Agricultural Land Ceiling Act. Serials Publications.

Lusome, R. and Bhagat, R.B. (2006). Trend and pattern of internal Migration in India 1971 ;2011. Annual conference of Indian Association for the Study of Population.

Maruthi, I. and Peshla, P. (2018). Rural Household migration and development of Dalit in Karnataka. ICSSR, New Delhi.

Nanda, D. (2018). Development history and distress migration of Scheduled caste household: understanding the dynamics in Balangir district of Odisha. Jharkhand journal of development and management studies, Ranchi. VOL 16.

Nandan, K. and Bhagat, R.B. (2021). Livelihood diversification and out Migration: An appraisal of Rural Bihar. Routledge India.

Panda, V. (2012). Migration and social change, Mohit publication. New Delhi.

Patel, S. (1984). Contract Labour in Ahmedabad Textile Industry. Economic and Political weekly.

Rajnish, Satendra and Mitra, A. (2009). Social and Economic Inequalities: Contemporary significance of caste in India. Economic & Political Weekly.

Report on the working group on Migration (2017). Ministry of Housing and Urban Poverty Alleviation. https://mohua.gov.in/upload/uploadfiles/files/l 566.pdf

Roy, A. and Saha, M. (2023). Emerging trend and pattern of urbanization and its contribution from migration in Gujarat: Evidence from district level analysis.

https://www.frontiersin.org/articles/10.3389/rrsc.2023.985278/full

Sanyal, T. and Maity, K. (2018). On Labour Migration in India: Trends, Causes and Impacts. Economic Affairs, Vol.63 (P. 57-69).

Singh, P. and Rawat, C. (2020). How caste impacts migration and its benefit, India Spend.

Stark, O. (1991). The Migration of Labor. Oxford Basil Blackwell.

Teltumbde, A. (2017). Dalits- Past, Present and Future. A Routledge India.

અહિંસા મારા જીવન સાથે જોડાયેલી વસ્તુ છે. હું એને કદી છોડી ન શકું. અહિંસા પરની મારી શ્રદ્ધા દિવસે દિવસે વધતી જ જાય છે અને એની સફળતાનો પ્રત્યક્ષ અનુભવ પણ મને થતો રહ્યો છે. મારી ધરપકડ પછી લોકોએ શું કરવું જોઈએ એ વિશે મેં જે કંઈ કહ્યું હતું તે આનાથી બિલકુલ ઊલટું જ છે. અર્થાત્ મેં તો એમ કહ્યું હતું કે જો એ પ્રસંગે લોકો હિંસક પ્રવૃત્તિ ઉપાડે તો અહિંસાવાદીઓ એને રોકવાનો પ્રયત્ન કરે. ગુલામી વિશે તો મેં એમ કહ્યું હતું કે જો મારે ગુલામીના અથવા હિંસાકાંડના સાક્ષી બનવું જ પડે તો જરૂર હું હિંસાકાંડના સાક્ષી બનવાનું પસંદ કરું. મારા કથનમાં અને છાપાંમાં જે છપાયું છે તેમાં મોટો ફરક છે. મેં જે કહ્યું છે તેમાં હિંસા કરવાની તો કોઈ વાત જ નથી. આપણે સૌ હિંસા વગેરે અનિષ્ટ કૃત્યો સાક્ષી, પછી ભલે ને તે અનિચ્છાએ હોય, હંમેશાં રહેતા આવ્યા છીએ અને રહેવું પડશે.

(‘ગાંધીજીનો અક્ષરદેહ’ ૪૨ : પાના નં. ૪૨૬)

# પુસ્તક સમીક્ષા : મૌખિક પરંપરાથી લખાતા ઇતિહાસનો નમૂનારૂપ ગ્રંથ 'કોઈનો લાડકવાયો : જોરીયો પરમેશ્વર' — પ્રથમ પરમાર*

ઈ. એચ. કારે લખ્યું છે કે 'ભૂતકાળ અને વર્તમાન વચ્ચે અવિરતપણે ચાલતો સંવાદ એટલે ઇતિહાસ.' ઇતિહાસ એક એવો વિષય છે જેને ભૂતકાળ સાથે સંબંધ છે, પરંતુ શુષ્ક હકીકતો સાથે નહિ બનેલી ઘટના કે પ્રસંગનું યોગ્ય મૂલ્યાંકન કરીને તેમાંથી બોધપાઠ લેવો એ ઇતિહાસનું મુખ્ય કાર્ય છે. ઇતિહાસની નિસબત ભૂતકાળ સાથે હોવા છતાં તેનો સીધો નાતો બદલાતા જતા વર્તમાન સાથે છે અને એટલે જેમ જેમ વર્તમાન બદલાતો જાય તેમ તેમ વર્તમાનની જરૂરિયાત બદલાતી જાય અને એમ ભૂતકાળ તરફ જોવાની માનવીની દૃષ્ટિ પણ બદલાતી જાય છે. પ્રાચીન સમયમાં ઇતિહાસ રાજા-મહારાજની યશગાથા અને વીરપૂજામાં જ સીમિત હતો. મધ્યકાળમાં મુસ્લિમ તવારીખકારોએ શાસક તરફી દૃષ્ટિબિંદુથી ઇતિહાસ લખ્યો અને આજે સાંપ્રત સમયમાં સર્વાંગી દૃષ્ટિકોણથી ઇતિહાસને મૂલવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ, પરંતુ આ સમગ્ર ઇતિહાસલેખન પરંપરા દરમિયાન એક મર્યાદા એ રહી કે તેમાં ક્યાંય વંચિત વર્ગ એટલે કે સ્ત્રીઓ, દલિતો, આદિવાસીઓ, મજૂરો વગેરેની વાત નહોતી એટલે આ વર્ગના પ્રદાનની નોંધ જ્યાં સુધી ઇતિહાસમાં ન લેવામાં આવે ત્યાં સુધી ભારતીય ઇતિહાસ તો શું, કોઈ પણ દેશનો ઇતિહાસ અધૂરો ગણાય. આથી આ બધાનું ઇતિહાસઘડતરમાં પ્રદાન નોંધવા માટે 'વંચિતલક્ષી ઇતિહાસલેખન'નો ઉદ્ભવ થયો.

વંચિતોના દૃષ્ટિકોણથી ઇતિહાસલેખન કરવાનો અભિગમ છેલ્લા ચારેક દાયકાથી કાર્યરત છે. તેમના ને સમાજના માત્ર મુખ્યધારાના વર્ગો જ ઇતિહાસનિર્માણમાં ભૂમિકા ભજવે એ બાબત ખોટી છે. આથી સમાજનો જે તરછોડાયેલો વર્ગ છે એમનું ઇતિહાસનિર્માણમાં પ્રદાન પણ નોંધાવું જોઈએ એ ખ્યાલ આ ઇતિહાસલેખન પદ્ધતિના કેન્દ્રમાં હતો. આ ઇતિહાસલેખન માટે 'Subaltern' શબ્દ વપરાય છે જેનો પહેલો પ્રયોગ આંતોનીઓ ગ્રામસીએ કરેલો અને પછી 1980માં રણજિત ગુહાએ આ શબ્દનો ઉપયોગ ઇતિહાસના સંદર્ભે કર્યો. આ ઇતિહાસલેખનપદ્ધતિનાં સાધનો કે સ્રોતો પણ સામાન્ય રીતે ઇતિહાસલેખનમાં વપરાતાં સાધનો કરતાં જુદા પ્રકારનાં હોય છે. No Document, No History એ વિધાન આ ઇતિહાસલેખનપદ્ધતિમાં લાગુ પાડી શકાય એમ નથી. આ પદ્ધિતમાં લેખિત દસ્તાવેજોની સાથે સાથે દંતકથા, સર્વહારા વર્ગનું સાહિત્ય અને ખાસ તો મૌખિક પરંપરાને ખાસ મહત્ત્વ આપવામાં આવે છે. કારણ કે સરકારી દસ્તાવેજો માત્ર શાસકોની જ વાત કરે છે એટલે વંચિતોના ઇતિહાસનિર્માણની પ્રક્રિયા સમજવા માટે ખુદ વંચિતોમાંથી જ સર્જાયેલા સ્રોતો મહત્ત્વના બને છે. આવી સમજ સાથે તાજેતરમાં ડૉ. અરુણ વાઘેલા દ્વારા 'કોઈનો લાડકવાયો : જોરીયો પરમેશ્વર' પુસ્તક લખાયું છે તેની સમીક્ષા કરવાનો અત્રે ઉદ્દેશ છે.

અગાઉ કહ્યું તેમ વંચિતોમાં ભારતીય દૃષ્ટિકોણથી જોઈએ તો આદિવાસીઓ અંદાજે 10 કરોડ જેટલી વસ્તી ધરાવે છે તેને ધ્યાનમાં લઈ વંચિતલક્ષી ઇતિહાસલેખન અંતર્ગત આદિવાસીઓના પ્રદાન વિશે કેટલાક ઇતિહાસકારોએ ગ્રંથો આપ્યા છે જેમાં કે. એસ. સિંઘ દ્વારા 'Birsa Munda and his movement, રણજિત ગુહા દ્વારા 'Subaltern Studies' ગ્રંથશ્રેણી, ડેવિડ હાર્ડીમેન દ્વારા 'Coming of Devi', સુરેશ મિશ્રા દ્વારા '१९ वी सदी में भारत में आदिवासी विद्रोह' વગેરે જેવા ગ્રંથોનો સમાવેશ થાય છે. લેખના કેન્દ્રમાં જે પુસ્તક છે. એવાં જ ચરિત્રો આ પૂર્વે પણ લખાયાં છે અને ઇતિહાસલેખનમાં એક નોખી રીત શરૂ કરી ચૂક્યા છે.

આદિવાસીઓના ઇતિહાસ અને સ્વતંત્રતા આંદોલનમાં તેમના પ્રદાન વિશે પૂરતા ખંત અને મહેનતથી સંશોધન કરનાર નિષ્ઠાવાન સંશોધક અને અધ્યાપક એટલે અરુણ વાઘેલા. તેમના પીએચ.ડી.નો વિષય પણ આદિવાસી ઇતિહાસ જ રહ્યો છે અને હાલ તેઓ ગુજરાત યુનિવર્સિટીમાં ઇતિહાસ વિભાગના અધ્યક્ષ અને અધ્યાપક તરીકે કાર્યરત છે. ચંદ્રકો, પુસ્તકોને મળેલા ઇનામો જેવી ઔપચારિક બાબતોને બાજુ પર મૂકીએ તો અરુણ વાઘેલાનું સૌથી મહત્ત્વનું પ્રદાન એ ગણાય કે તેમણે માત્ર આદિવાસીઓના ઇતિહાસનું સંશોધન કરવાનું દુષ્કર કાર્ય નથી કર્યું પરંતુ એની સાથે સાથે

* M.A. વિદ્યાર્થી, ઇતિહાસ વિભાગ, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. મો. ૯૫૧૨૮૪૦૬૯૪

આદિવાસીઓના ઇતિહાસમાં અન્ય સંશોધકો રસ લેતા થાય એવો પ્રયાસ પણ હરહંમેશ માટે કર્યો છે. એક સાચો ઇતિહાસકાર માત્ર ઇતિહાસનું સંશોધન કરતો નથી પણ ઇતિહાસ સંશોધન કરી શકે એવા શિષ્યોની એક આખી પરંપરાનું સર્જન કરે છે અને પ્રોફેસર અરુણ વાઘેલા માટે આ બાબત એકદમ સાચી સાબિત થઈ છે. તેમના નિષ્ઠા અને સંશોધન સૂઝનો પરિચય એમના આ પુસ્તક પરથી સુપેરે મળી રહે છે. એમના ઔપચારિક પરિચયમાં વધુ જગ્યા ન રોકતાં એમના દ્વારા રચાયેલ 'જોરીયો પરમેશ્વર' પુસ્તકમાં પ્રવેશીએ તો એમની વિદ્વત્તા અને કાર્યદક્ષતાનો વધુ પરિચય મેળવી શકાશે.

અંગ્રેજોની વિરુદ્ધ સશસ્ત્ર ચળવળની વાત આવે ત્યારે મોટાભાગની પ્રજા અને ઇતિહાસના અભ્યાસીઓના મોઢે પણ અમુક ગણ્યાંગાંઠ્યાં જ નામ આવતાં હતાં ત્યારે 'જેના સામ્રાજ્યનો સૂર્ય ક્યારેય આથમતો નથી' એવી બ્રિટિશ સરકારને 1868માં ચૌદ દિવસમાં હંફાવી દેનાર નાયકીરાજ આંદોલનના પ્રણેતા જોરીયા નાયકની અલિપ્ત રહેલી ગાથા લઈને લેખકે આ પુસ્તક લખ્યું છે. જોરીયા નાયક અને રૂપસિંહ નાયક દ્વારા અંગ્રેજોની વિરુદ્ધમાં ચલાવેલ આંદોલનનો આ ઇતિહાસગ્રંથ ઇતિહાસ મટીને એક નવલકથારસ ઊભો કરે એવો રોમાંચક છે. પુસ્તકનાં જુદાં જુદાં પ્રકરણોનો સંક્ષેપ અને એ રીતે રજૂ થયેલી ગાથાની આછેરી ઝલક અહીં અસ્થાને નહીં ગણાય.

પંચમહાલના જંગલમાં રખડનાર એક નાયક આદિવાસી યુવાનમાં આવી મોટી બ્રિટિશ સરકાર સામે નાયકીરાજ આંદોલન ચલાવી એના પાયા હચમચાવવાની હિંમત ક્યાંથી આવી ? એ સમજશક્તિના વિકાસનો ઉપક્રમ કેવો રહ્યો હશે ? જોરીયા નાયકનો ઉછેર, બાળપણ, મસૂરી નાયકણ સાથેની પ્રેમકથા, આદિવાસીઓ પર અંગ્રેજ અમલદારો અને દેશી રાજ્યો દ્વારા થતા અત્યાચારને જોઈને જોરીયા નાયકનું ઘડાયેલું માનસ અને જોરીયા નાયકમાંથી 'જોરીયા પરમેશ્વર' બનવાની તેમની યાત્રાને સમજવાનો પ્રયાસ તથા ઘટનાનો સિલસિલાબંધ ચિતાર લેખકે આ પ્રકરણમાં આપ્યો છે. આ પ્રકરણ જીવનચરિત્રાત્મક ન બનતાં, વ્યક્તિત્વ ઘડતરની પ્રક્રિયાને સમજવાનો પ્રયાસ છે.

અંગ્રેજો અને કાળા અંગ્રેજો એટલે કે અંગ્રેજોનો સાથ દેતા ભારતીયો દ્વારા આદિવાસીઓ પર મુખ્યત્વે ત્રણ બાબતમાં અત્યાચાર થતો હતો : પહેલું - જંગલોમાંથી વૃક્ષો કાપવા, તેને ઠેકાણે પાડવા મજૂર તરીકે ઉપયોગ કરતા. બીજું - બ્રિટિશ અધિકારીઓ નાટકીય ઢબે વન્યજીવોનો બેફામ શિકાર કરતા હતા અને પરિણામે જંગલ તથા વન્યસૃષ્ટિ સાફ થઈ રહી હતી. ત્રીજું - આદિવાસીઓ પાસે સળંગ બે કે ત્રણ દિવસ સુધી વેઠ કરાવતા હતા. આ બધું જોરીયો નાયક જોતો અને એના પરિણામે એના મનમાં કઈ રીતે નાયકીરાજ સ્થાપવાની ઇચ્છા ઘડાવા માંડી અને જોરીયા નાયકના સાથીદાર જાગીરદાર રૂપસિંહ નાયકનું મિલન- એનો ચિતાર લેખકે આ પ્રકરણમાં આપ્યો છે.

જોરીયા નાયક અને રૂપસિંહ નાયકને અંગ્રેજો સાથે સંઘર્ષ થયો એ પહેલાં નારૂકોટના શાસક જગતા બારીયા સાથે સંઘર્ષ થાય છે. ત્યારબાદ છોટાઉદેપુરના રાજા જીતસિંહ સાથે લડાઈ થઈ અને નાયક આદિવાસીઓએ જાંબુઘોડા થાણા પર આક્રમણ કરી દેશી રાજ્યો તથા અંગ્રેજો સામે ખુલ્લો પડકાર ફેંક્યો. અંગ્રેજો સુધી પહોંચ્યા એ પહેલા નાયક આદિવાસીઓએ દેશી રાજ્યો સાથે જે દિલધડક સંઘર્ષ કર્યો એની વાત આ પ્રકરણમાં છે. આ પ્રકરણમાં ગલાલ નાયક નામનો આદિવાસી યુવાન શિવલાલ મહેતા નામના સરકારી કર્મચારીને જે રીતે મારી નાખે છે તેનો ઉત્તમ ચિતાર આ પ્રકરણનો વિશેષ છે.

માત્ર 30 વર્ષના જોરીયા પરમેશ્વર નામના યુવાને 1868ના વર્ષમાં આદિવાસી સમસ્યાને લઈ શરૂ કરેલી લડતથી સ્થાનિક બ્રિટિશ તંત્રની ઊંઘ હરામ કરી નાખી હતી. અંગ્રેજ સરકારને જોરીયા પરમેશ્વરે ચિંતામાં મૂકી દીધા હતા અને તેથી બ્રિટિશ સરકારે આ આદિવાસી વિદ્રોહને દબાવી દેવાની વ્યૂહરચના ઘડવા માંડી હતી. અંગ્રેજોને સાથ આપનાર ભારતીયોના અનેક દાખલા આ પ્રકરણમાં આપણને મળી આવે છે. કલેક્ટર પ્રોપર્ટ અને મેજર બાર્ટન તથા સામે પક્ષે જોરીયા પરમેશ્વર, રૂપસિંહ નાયક અને તેમની ટુકડીઓએ યુદ્ધની જોરદાર તૈયારીઓ કરવા માંડી હતી. જોરા સકાઉ જેવા ડુપ્લિકેટ જોરીયાને ઊભો કરવાનો આધુનિક ખ્યાલ, જંગલમાં આદિવાસીઓને કોઈ હરાવી ન શકે, તેથી મેદાનમાં ખેંચી લાવવાની અંગ્રેજોની રણનીતિ અને છેક વડેક

સળગાવી મૂકી નાયકીરાજના આંદોલનના અંત સુધીની રોમાંચક ઘટનાનું વર્ણન આ પ્રકરણમાં છે. સાથે નાયક આદિવાસી પછાત હોવા છતાં કેવી કુનેહપૂર્વક લડત લડતા હતા તેનું પણ બારીક વર્ણન પણ મળે છે.

ભારતીયોએ કરેલ દગાબાજીના પરિણામ સ્વરૂપ જોરીયા પરમેશ્વર, રૂપસિંહ નાયક, ગલાલ નાયક, બાબર નાયક અને રાવજી બારીયા પકડાયા અને તેમને ફાંસી થઈ. અન્ય 17 જેટલા નાયક આધિવાસીઓને કેદની સજા ફરમાવી. આ બધી સજાઓ કરતાં પણ એક મોટું કલંક અંગ્રેજોએ આદિવાસીઓને માથે એ થોપી બેસાડ્યું કે આદિવાસીઓના આ પ્રચંડ વિદ્રોહને ઇતિહાસમાંથી ભૂંસી નાખવાનો પ્રયત્ન કર્યો અને આદિવાસીઓને ગુનેગાર જાતિ ગણાવી. ઇતિહાસમાંથી વિસરાયેલા આ પાત્રની કરુણા આ અંતિમ પ્રકરણમાં લેખકે વર્ણવી છે.

સંશોધકની નિષ્ઠા અને મહેનત એમના લેખનમાં ઝળકી ઊઠે છે. ત્રણ પરિશિષ્ટ, ચિત્રસૂચિ અને સમગ્ર લેખનકાર્ય દરમિયાન લેવાયેલ ઝીણામાં ઝીણી માહિતીની નોંધ એ સંશોધકે આ જોરીયા પરમેશ્વરના ઇતિહાસલેખન માટે લીધેલી મહેનતનો જીવંત પુરાવો છે. દરેક પ્રકરણને અંતે આપેલી પાદટીપ અને અઢાર જેટલા આધારગ્રંથો સંશોધકની સંશોધનવૃત્તિનો વ્યાપ બતાવે છે. ઉપરાંત માત્ર ગૅઝેટિયર કે લાઇબ્રેરીમાં બેસીને પુરોગામી ઇતિહાસકારોના પુસ્તકોનું અધ્યયન કરવાને બદલે લેખકે અનેક લોકોનો સાક્ષાત્કાર કર્યો છે અને તે રીતે ક્ષેત્રકાર્ય પણ કર્યું છે. Field Visit જેવા મહત્ત્વના મુદ્દાને સંશોધકે પૂરી નિષ્ઠા સાથે કરી બતાવ્યો છે એ એમના સ્થળના વર્ણનમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. એટલે એ રીતે સંશોધકના સંશોધનનો વ્યાપ સૂક્ષ્મ કક્ષા સુધી વિસ્તર્યો છે. ગીતો, સંવાદો દ્વારા ઇતિહાસનો એક અલગ મિજાજ પણ અહીં પ્રગટ થાય છે.

સામાન્ય શિરસ્તો એવો હોય છે કે આધારસામગ્રી વિના કશું લખવું નહિ, પરંતુ આદિવાસીઓ અથવા તો વંચિતોના ઇતિહાસલેખન બાબતમાં બહુધા આ યુરોપિયન ખ્યાલ અપૂરતો લાગે છે. જોરીયા પરમેશ્વરને અને તેના જેવા અનેક આદિવાસી ક્રાંતિકારીને યુરોપિયન દસ્તાવેજોમાં તો ચોર કે લૂંટારા તરીકે જ ચીતરવામાં આવ્યા છે, પરંતુ ખરેખર તે એક ક્રાંતિકારી નેતા હતો. આથી આવી બાબતમાં સત્યની શોધ દસ્તાવેજોથી નહિ પરંતુ મૌખિક પરંપરામાં સચવાયેલા લોકસાહિત્ય, દંતકથા અને વ્યક્તિગત સાક્ષાત્કારથી થાય છે. યુરોપિયન ખ્યાલ No Document, No History કે नामूलं लिख्यते किंचित એ અહીં ખોટું તો નહિ પણ અધૂરું સાબિત થાય છે. આથી આ પુસ્તક એ યુરોપિયન ઇતિહાસલેખન વિદ્યા જે બહુધા સામ્રાજ્યવાદી અને અંગ્રેજ અમલદારો દ્વારા નોંધાયેલ વિગત પર જ આધારિત છે એના માટે એક મોટો પડકાર છે.

ઇતિહાસ સંશોધન એ એક વિજ્ઞાન છે તેમ થયેલ સંશોધનની રસપ્રદ રજૂઆત એ એક કળા છે. પુસ્તકના લેખક સંશોધક તરીકે જેટલા ખીલ્યા છે એના કરતાં પણ વધારે તેઓ ઉત્તમ રીતે પોતાની વાતને રજૂ કરી શક્યા છે. એક સાહિત્યકારને શોભે એવી ભાષામાં, કલ્પનાના રંગ ઉમેરી એમને સત્યને પ્રગટ કર્યું છે અને એને લીધે વાચક માટે આ ઇતિહાસગ્રંથનું વાચન કઠિન નથી. રસાળ શૈલીને લીધે વાચકોનું આકર્ષણ ખેંચી શકવાની ક્ષમતા આ પુસ્તકમાં છે અને એટલે જ આ પુસ્તક ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષામાં પ્રકાશિત થયું છે. લેખકની આકર્ષક શૈલીના કેટલાક નમૂના :-

'આદિવાસીઓ અને જંગલ વચ્ચે તો નવજાત શિશુ અને પ્રસૂતા જેવો સંબંધ હતો, જેને જંગલ કાયદા થકી વિખૂટા પાડવાનું કારસ્તાન શરૂ થયું.' (પૃષ્ઠ નંબર 31)

'ભારતીય પ્રજામાં પગ વિનાની અફવાઓ અણિયાળા હથિયારો કરતાં વધુ અસરકારક ઢબે લડાયક જુસ્સાનો ખાત્મો બોલાવી દે છે.' (પૃષ્ઠ નં. 66)

'પાઘડીમાં તાંસળી ઘાલી, છાતી પર ગેંડાનાં ચામડાનાં સુરક્ષાકવચ અને બંને હાથમાં તલવાર ધારણ કરેલો, ખભે કામઠી, પીઠે તીરનો ભાથો ભરાવી અને તાંડવનૃત્ય કરતો જોરીયો.' (પૃષ્ઠ નં. 76)

'જોરીયા અને નાયકીરાજનો ઇતિહાસ સંસ્થાનવાદી-સામંતશાહીની કાવતરાખોરી વચ્ચે પણ નાયકાઓની પરંપરામાં અણનમ ઊભો છે. કારણ, જોરીયા અને નાયકાઓના ઇતિહાસે 'આવજો' નહોતું કહ્યું, 'ફરી મળીશું' કહ્યું હતું.' (પૃષ્ઠ નં. 95) આવાં તો અનેક વિધાનો કે ફકરાથી પ્રસ્તુત જીવનચરિત્ર રસાળ અને વાંચનક્ષમ બન્યું છે.

વંચિતલક્ષી ઇતિહાસલેખનના સાધન તરીકે લેખકે અંગ્રેજ સરકારના ગૅઝેટિયર, અન્ય દસ્તાવેજોનો અને વ્યક્તિગત મુલાકાતનો ઉપયોગ કર્યો છે પણ આદિવાસીઓની બાબત જાણવાનો મોટો સ્રોત ગણાતા એમના સાહિત્યનો ઉપયોગ પણ લેખક ચૂક્યા નથી. આદિવાસીઓના મુખે શોભતાં એમનાં લોકગીત, ભજનો વગેરેમાંથી એમનાં દૃષ્ટિબિંદુથી ઘટનાને સમજવાનો અવસર આપણને પ્રાપ્ત થાય છે. આ પુસ્તકમાં આદિવાસી ભાષામાં જ મુકાયેલ સંવાદો, જરૂર લાગે ત્યાં મૂકેલ એમનાં લોકગીતો, એમની પરંપરાની આછી ઝાંખી આ બધું પુસ્તકને વધારે આધારભૂત બનાવે છે અને સંશોધક આદિવાસી સમાજને સમજવા કેટલા ઊંડા જઈ શક્યા છે એનો પણ ખ્યાલ આવે છે. ઉપરાંત ખાસ નોંધપાત્ર બાબત તો એ છે કે જે લેખકે આદિવાસી ભાષાની શબ્દસૂચિ પણ આપી છે જે ગુજરાતીમાં છેલ્લે મેઘાણીએ લોકસાહિત્યની બાબતમાં કરેલું. મેઘાણીએ જેમ ખૂણે ખૂણે વળીને લોકસાહિત્યની ચેતનાને જીવંત રાખી હતી એ જ રીતે લેખકે આદિવાસી સમાજના ઇતિહાસને જીવંત કરવાનો ઉત્તમ પ્રયાસ કર્યો છે એમ કહેવામાં કોઈ બાધ નથી. પુસ્તકમાં જોરીયા નાયક અને તેમની પ્રેમિકા મસુરી નાયકણ વચ્ચેની પ્રણયકથા બતાવતા બે આદિવાસી. ગીતોનો નમૂનો :-

(જોરીયાએ મસુરી માટે ગાયેલું)

'તારા પાડા (ભેંસના બચ્ચા) મારાં રેડાં (વાછરડા) રે, મસુરી નાયકણ<br>
આપું ભેળાં કરી સારહું રે, મસુરી નાયકણ,<br>
તારા ડોળિયા મારાં મહુડાં રે, મસુરી નાયકણ<br>
આપું ભેળાં કરી ખાહું રે, મસુરી નાયકણ'

(મસુરીએ પ્રતિસાદ આપતાં ગાયેલું)

'જોરીયો સાકળિયા સોરાંનો નાઈક રે, જોરીયો બડો સોબીતો,<br>
જોરીયા તારે ને મારે માયા લાગી, જોરીયો બડો સોબીતો<br>
જોરીયા તારો ને મારો જીવ ઈક, જોરીયો બડો સોબીતો.'

આજે જ્યારે ગુજરાતમાં લાગવગ વિના સારા પુસ્તકનું અને એમાંય ખાસ કરીને શુષ્ક અને નીરસ ગણાતા ઇતિહાસ વિષયના પુસ્તકનું પ્રકાશન કરવું દુષ્કર છે ત્યારે આવા એક અજાણ આદિવાસી નાયકની ગાથાને ઉજાગર કરવા પાર્શ્વ પ્રકાશને આ પુસ્તક છાપ્યું એ પણ પ્રસંશનીય પગલું છે અન્યથા આવી શૌર્યભરી ગાથા આપણા સુધી ક્યારેય ન પહોંચી શકી હોત.

આમ તો આ 104 પાનામાં પથરાયેલા ગ્રંથમાં સંશોધક તરીકે લેખકે પોતાની જાતને બરાબર સાબિત કરી આપી છે તેમ છતાં ઇતિહાસનું કોઈ સંશોધન અંતિમ સત્ય હોતું નથી. જોરીયો નાયક ભલે ભણેલો નહોતો છતાં નાયકીરાજ સ્થાપવાનાં સ્વપ્ન સેવવાં એ કંઈ જેવીતેવી વાત નહોતી આથી તેના રાજકીય, સામાજિક અને ધાર્મિક વિચારો કેવા હશે ? મસૂર નાયકણ સાથેની તેની પ્રેમકથા અહીં છે, તો જોરીયા નાયકના સ્ત્રીઓ વિશેના વિચારો કેવા હશે ? યુદ્ધની વ્યૂહરચના વિસ્તૃત રીતે બતાવી એ દિશામાં ચિંતન રજૂ થયું હોત તો આ ગ્રંથનું જે મૂલ્ય છે તેમાં ચોક્કસપણે વધારો થાય. અત્યારે ગુણવત્તા ન હોય, પરંતુ બાહ્ય રૂપરંગ દ્વારા પુસ્તકોને સજાવવાની પ્રવૃત્તિઓ જોરશોરથી ખીલી છે, પરંતુ અહીં આટલું સુંદર વિષયવસ્તુ હોવા છતાં Productionના ક્ષેત્રમાં લેખક અને પ્રકાશક થોડા ઊણા ઊતર્યા છે. અલબત્ત, વિષયવસ્તુથી મોટો વિશેષ બીજો કોઈ હોઇ ન શકે. ઉપરાંત દરેક લેખકને લાગતું હોય છે એમ સંશોધકને હજુ ઘણું કહેવાનું છે પણ હજુ રહી જાય છે એ બાબત પુસ્તકના આસ્વાદ પછી સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

ભારતની આઝાદીની ચળવળના ઇતિહાસનું આટલું ઉત્તમ પ્રકરણ આપણે વીસરી ચૂક્યા હતા અને એ પણ અંગ્રેજોની ચાલને લીધે તે અફસોસની વાત છે. પ્રોફેસર અરુણ વાઘેલા અત્યંત મહેનત અને ખંતથી આ વિસ્મૃત પ્રકરણ ઝળહળી ઊઠ્યું છે. એ બદલ તેઓ અભિનંદનના અધિકારી છે. ખરેખર તો જોરીયા પરમેશ્વરનું ચરિત્ર જેવી અદ્‌ભુત કથા ઉત્તમ ફિલ્મ બની શકે તેમ છે. જો આવી કોઈ ઘટના દક્ષિણ ભારતમાં બની હોત તો તેના પર ક્યારની ફિલ્મ બની ગઈ હોત અને ભારતના જન જન સુધી આ વાત પહોંચી ગઈ હોત, પણ આપણે એ બાબતે કમનસીબ છીએ એટલે ભવિષ્યમાં કોઈ નિર્માતા આ પુસ્તકના આધારે આદિવાસી નાયકીરાજ આંદોલનને ફિલ્મમાં મઢે એવી આશા વ્યક્ત કરીએ છીએ.

(અરૂણ વાઘેલા, 'કોઈનો લાડકવાયો : જોરિયો પરમેશ્વર', પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ. 2023. કિ. રૂ. 135)

(ટાઈટલ પેજ - **4** નું ચાલુ)

- સંક્ષિપ્ત પુસ્તકપરિચય, ગ્રંથાવલોકન, સમાજપરિવર્તનના પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ-વિજ્ઞાનોના શોધસમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.
- સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેમજ તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે. તેમના નિર્ણય બાદ લેખ છપાય છે.
- સામાજિક સેવા મંડળનું આજીવન સભ્યપદ ધરાવનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે. ક્વચિત્ ન મળે તો આપેલા ફોન નંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
  શ્રી ગૌરાંગભાઈ શાહ મો. 98256 15049
- જાન્યુઆરીના અંકમાં પ્રકાશિત કરવા ઑક્ટોબરના અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો—સમાચાર—પ્રવૃત્તિ—નોંધ મોકલી દેવા વિનંતી છે.
- સાથે અહીં આપેલ પ્રમાણપત્ર લેખકે અવશ્ય ભરીને મોકલવું.

---

## ગુજરાત સમાજિક સેવા મંડળ

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

### લેખક દ્વારા પ્રમાણપત્ર

આથી હું/અમે ........................................................ જાહેર કરીએ છીએ કે, પ્રસ્તુત પેપર ..........................માં સંબંધિત માહિતી અમારા અભ્યાસ આધારિત છે. જ્યાં પણ ગૌણ માહિતી લીધી છે તેનો સ્રોત દર્શાવ્યો છે. આ લેખ અન્યત્ર પ્રકાશિત કરવામાં આવ્યો નથી. પ્રકાશન માટે નિયમાનુસાર સાહિત્યની ચોરીથી મુક્ત છે. આ અંગેનાં લખાણોમાં શૈક્ષણિક કે બૌદ્ધિક માહિતીની ચોરી કે ખોટું લખવું એ નૈતિક ગુનો છે. એવું જાહેર કરી આપના નિયમાનુસાર પ્રકાશિત કરવાની સત્તા આપવાની ઘોષણા કરીએ છીએ.

આભાર સહ,

**સહી**

---

**મુદ્રક : અર્થ કૉમ્પ્યૂટર :**
203, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઈન્કમટેક્સ, અમદાવાદ-380014, મો. 9327036414

## સમાજકારણમાં સંશોધન લેખ લખી મોકલવા માટે અગત્યની સૂચના

**ખાસ નોંધ : લેખ મોકલતાં પહેલાં સમાજકારણના આજીવન સભ્ય બનવું જરૂરી છે.**

**પેપરનું માળખું જેમાં...**

**પહેલા પાના પર...**

(1) લેખનું શીર્ષક (2) લેખક/લેખકોનાં પૂરાં નામ (3) લેખક/લેખકોનો હોદ્દો (4) કૉલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ અને સરનામું (5) ઈમેલ આઈડી (6) મોબાઇલ નંબર (7) સામાજિક સેવા મંડળનો સભ્યપદ નંબર

**બીજા પાના પરથી શરૂ કરી...**

(1) લેખનું શીર્ષક (2) લેખકનું નામ (3) (Abstract) સારાંશ (250 શબ્દોમાં) જેમાં સંશોધનનો વિષય, હેતુઓ, પ્રશ્નો અભ્યાસપદ્ધતિ અને મુખ્ય તારણોનો ઉલ્લેખ આવી જવો જોઈએ. (4) (Key-words) ચાવીરૂપ શબ્દો ત્રણથી ચાર (5) પ્રસ્તાવના (6) અભ્યાસપદ્ધતિ (7) સૈદ્ધાંતિક મુદ્દાઓ - ચર્ચા - વિશ્લેષણ (8) તારણો - નિષ્કર્ષ અને સૂચનો (9) સંદર્ભસૂચિ સાથે લેખ સંપન્ન કરવો.

- આપનો લેખ APA style-6 અથવા 7 મુજબ લખવો જરૂરી છે. આપના લેખમાં 3000 શબ્દોથી વધુ શબ્દો હશે તો સ્વીકારવામાં આવશે નહીં.
- વિશેષમાં લેખનમાં ભાષાશુદ્ધિની કાળજી લેખકે લેવી આવશ્યક છે.
- આપનું સંશોધન લેખના ફૉન્ટઃ બી-ભારતી ફક્ત ગોપિકા-2, ફૉન્ટ 12 અથવા યુનિકોડ ફૉન્ટ, ટાઈમ્સ રોમન-12 મુજબ ટાઇપ કરવું.
- કાગળની નીચે જમણી બાજુએ પાના નંબર લખવા.
- સામાજિક સેવામંડળના ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

**(અનુસંધાન ટાઈટલ પેજ-3 પર)**

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**

**વર્ષ : 18, જાન્યુઆરી 2024, અંક : 1**

**ગુજરાત સામાજિક સેવા મંડળ**

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-380009